# ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ

## A Study of the Problems of Women Principals of Secondary Schools of Gujarat State

***A Thesis is Submitted in Fulfillment of the Requirement for the Degree of Doctor of Philosophy***

**Reg. No. Ed/012/044/2007-8**


**Supervisor**
Dr. Ajitsinh P. Rana
Associate Professor
R.B. Sagar College of Education
AHMEDABAD.

**Investigator**
Smt. Jashvantkumari S.Kumpavat
Principal
Sheth C.K.Sarsvati mandir,
IDER, (S.K.)



**Department of Education**
**Ganpat University**
**Ganpat Vidyanagar 384012**
**June-2014**

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે, **જશવંતકુમારી એસ. કુંપાવત** દ્વારા પ્રસ્તુત થનાર મહાશોધ નિબંધ **"ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ"** તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધનકાર્ય છે. પ્રસ્તુત સંશોધનકાર્ય પીએચ.ડી. (શિક્ષણશાસ્ત્ર)ના અભ્યાસના ભાગરૂપે મારા માર્ગદર્શન નીચે આવશ્યક અભ્યાસ-પરામર્શન મેળવીને નિષ્ઠાપૂર્વક અને સંતોષકારક રીતે કરેલ છે.

**માર્ગદર્શક** **રવાના**

**ડૉ. અજિતસિંહ પી. રાણા**
સહ પ્રાધ્યાપક
આર.બી. સાગર કૉલેજ ઓફ એજ્યુકેશન,
અમદાવાદ

**ડૉ. તેજલ શેઠ**
અધ્યક્ષ
શિક્ષણશાસ્ત્ર ભવન,
ગણપત વિદ્યાનગર, ખેરવા

તારીખ : ૧૭-૦૬-૨૦૧૪

સ્થળ : અમદાવાદ

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે ૩૦, ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ યોજાયેલ પૂર્વ આજ્ઞાધીનતા ચર્ચા પરિષદમાં તજ્જ્ઞ સમિતિના પ્રત્ર ક્રમાંક નં. ૮૯/જીએનયુ./પીએચ.ડી./૧૩૯૫/૨૦૧૨ નવેમ્બર ૨૮, ૨૦૧૨માં દર્શાવેલ સૂચનોનો પ્રસ્તુત મહાશોધ નિબંધમાં અમલ કરવામાં આવેલ છે.

**માર્ગદર્શક**

**ડૉ. અજિતસિંહ પી. રાણા**
સહ પ્રાધ્યાપક
આર.બી. સાગર કૉલેજ ઓફ એજ્યુકેશન,
અમદાવાદ

તારીખ : ૧૭-૦૬-૨૦૧૪

સ્થળ : અમદાવાદ

# પ્રખ્યાપન

આથી હું જાહેર કરું છું કે, **"ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ"** પીએચ.ડી. (શિક્ષણશાસ્ત્ર) મહાશોધ નિબંધ ડૉ. અજિતસિંહ પી. રાણા, સહ પ્રાધ્યાપક, આર.બી. સાગર કૉલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલ છે. વધુમાં હું જાહેર કરું છું કે આ સંશોધનકાર્ય અગાઉ કોઈ ઉપાધિ કે અહેવાલમાં જાહેર થયેલ નથી.

તારીખ : ૧૭-૦૬-૨૦૧૪ **સહી**

સ્થળ : ઈડર, જિ. સાબરકાંઠા **જશવંતકુમારી એસ. કુંપાવત**

# શોધ નિબંધ મંજૂરીપત્ર

પ્રસ્તુત મહાશોધ નિબંધ **"ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ"** વિષયમાં **જશવંતકુમારી એસ. કુંપાવત** પીએચ.ડી. (શિક્ષણશાસ્ત્ર) મહાશોધ નિબંધની પદવી રજૂ કરવા માટે સંમતિ આપવામાં આવે છે.

(બાહ્ય પરીક્ષક)

તારીખ : ૧૭-૦૬-૨૦૧૪

સ્થળ : ગણપત વિદ્યાનગર, ખેરવા

ડૉ. અજિતસિંહ પી. રાણા

(માર્ગદર્શક)

# ઋણ સ્વીકાર


સંશોધન એ સહિયારુ સાહસ છે. શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા અનેક સંશોધનો શિક્ષણ જગતને પ્રકાશિત કરી રહ્યા છે. પ્રસ્તુત સંશોધન આ શૃંખલામાં એક નાનકડો દીવો છે.

પ્રસ્તુત અભ્યાસમાં સમસ્યાની પસંદગીથી શરૂ કરી અંત સુધી સતત પ્રેરણા, પ્રોત્સાહન અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડનાર માર્ગદર્શકશ્રી ડૉ. અજિતસિંહ પી. રાણાનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું, સાથે સાથે ડૉ. એમ.એલ. જોશી સાહેબનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. જેઓ આ સંશોધનયાત્રામાં પથદર્શી રહ્યા છે. તેઓએ પોતાના સંશોધનક્ષેત્રના વિશાળ અનુભવ અને આગવી સંશોધનની સૂક્ષ્મ સૂઝથી પ્રસ્તુત અભ્યાસને ઉત્કૃષ્ટ બનાવવામાં મદદ કરી છે. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનનું હાર્દ કહી શકાય તેવી આંકડાશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં ડૉ. દિપુબા દેવડા અને તેમના સાથી મિત્રોએ ઘણી મદદ કરી છે, ઉપરાંત ડૉ. પી. જી. પટેલ સાહેબે મારા આ શુભકાર્યની શરૂઆત કરાવી, મને સતત પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડ્યા. આ સૌનો આભાર માનવાની તક હું અત્રે ઝડપી લઉં છું.

સંશોધનકાર્યને વધુ સચોટ અને સારું બનાવવામાં સહકાર અને માર્ગદર્શન આપવા બદલ ગણપત યુનિવર્સિટી શિક્ષણ વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ. સોમભાઈ પટેલ તથા કા.અધ્યક્ષ ડૉ. તેજલ શેઠ તથા પ્રાધ્યાપકગણ તેમજ અન્ય તજ્જ્ઞશ્રીઓનો હું અત્રે આભાર માનું છું. મારી સંસ્થા શેઠ સી.કે. સરસ્વતી મંદિર અને અન્ય શાળાઓના સહકાર્યકર મિત્રો તેમજ મારા સહાધ્યાયી મિત્રોએ મને સંશોધનકાર્યમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ મદદ કરી છે તે બદલ હું સર્વનો આભાર માનું છું. આ ઉપરાંત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓ અને શિક્ષણ નિરીક્ષકોએ મને માહિતી એકત્રીકરણમાં જે સહકાર આપ્યો છે તે સૌની હું વિશેષ આભારી છું.

પ્રસ્તુત સંશોધન જેમના આશીર્વાદ અને લાગણીઓથી શક્ય બન્યું છે એવા મારા માતા-પિતા, મારા ભાઈ-બહેન અને મારા જીવનસાથી, બાળકો અને સમગ્ર પરિવારજનોની હું ઋણી છું.

અંતે કમ્પ્યૂટરાઈઝ લે-આઉટ કરી આપવા બદલ શ્રી કનૈયાલાલ ઠાકોરનો પણ હું આભાર માનું છું, તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ મદદરૂપ થનાર સર્વેનો કૃતજ્ઞતાપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

તા. ૧૭-૦૬-૨૦૧૪ જશવંતકુમારી એસ. કુંપાવત

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણનું નામ | પાન ક્રમ |
|---|---|---|
| **પ્રકરણ ૧** | **સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા** | **૧-૧૦** |
| ૧.૦ | પ્રસ્તાવના | ૨ |
| ૧.૧ | સમસ્યા કથન | ૫ |
| ૧.૨ | પદોની વ્યવહારુ પરિભાષા | ૫ |
| ૧.૩ | અભ્યાસનું મહત્ત્વ | ૬ |
| ૧.૪ | અભ્યાસના હેતુઓ | ૭ |
| ૧.૫ | અભ્યાસ હેઠળના ચલો | ૭ |
| ૧.૬ | અભ્યાસના પ્રશ્નો | ૮ |
| ૧.૭ | અભ્યાસની ઉત્કલ્પનાઓ | ૯ |
| ૧.૮ | અભ્યાસની મર્યાદાઓ | ૯ |
| ૧.૯ | હવે પછીના પ્રકરણોની રૂપરેખા | ૧૦ |
| **પ્રકરણ ૨** | **સંદર્ભ સાહિત્યનો અભ્યાસ** | **૧૧-૫૯** |
| ૨.૦ | પ્રસ્તાવના | ૧૨ |
| ૨.૧ | સંદર્ભ સાહિત્યના અભ્યાસનું મહત્ત્વ | ૧૨ |
| ૨.૨ | પૂર્વે થયેલા સંશોધનની સમીક્ષા | ૧૨ |
| ૨.૩ | પૂર્વે થયેલા સંશોધનોના તારણોની સમીક્ષા | ૫૭ |
| ૨.૪ | પ્રસ્તુત અભ્યાસની વિશેષતાઓ | ૫૮ |

| ક્રમ | પ્રકરણનું નામ | પાન ક્રમ |
|---|---|---|
| **પ્રકરણ ૩** | **સંશોધનની આધાર શિલાઓ અને સંશોધન યોજના** | **૬૦-૮૪** |
| ૩.૦ | પ્રસ્તાવના | ૬૧ |
| ૩.૧ | વિષય ઉદ્‌ગમ | ૬૨ |
| ૩.૨ | વ્યાપવિશ્વ | ૬૨ |
| ૩.૩ | નમૂના પસંદગી | ૬૩ |
| ૩.૪ | સંશોધનનું ક્ષેત્ર | ૬૫ |
| ૩.૫ | સંશોધનનો પ્રકાર | ૬૫ |
| ૩.૬ | સંશોધન પદ્ધતિ | ૬૫ |
| ૩.૭ | સંશોધન ઉપકરણની પસંદગી અને સંરચના | ૬૬ |
| ૩.૮ | સંશોધન ઉપકરણની વિશ્વસનિયતા અને યથાર્થતા | ૭૯ |
| ૩.૯ | માહિતી એકત્રીકરણ | ૮૩ |
| ૩.૧૦ | માહિતીનું પૃથક્કરણ | ૮૩ |
| **પ્રકરણ ૪** | **માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન** | **૮૫-૯૭** |
| ૪.૦ | પ્રસ્તાવના | ૮૬ |
| ૪.૧ | પ્રાપ્તાંકોનું વિશ્લેષણ | ૮૬ |
| ૪.૧.૧ | સમસ્યા માપદંડ પર આચાર્યાઓના મેળવેલા પ્રાપ્તાંકોનું વિશ્લેષણ | ૮૭ |

| ક્રમ | પ્રકરણનું નામ | પાન ક્રમ |
|---|---|---|
| ૪.૧.૨ | ચલોનું સાંકેતિકરણ | ૮૭ |
| ૪.૧.૩ | સમસ્યા માપદંડ પરના આચાર્યાઓના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ | ૮૮ |
| ૪.૨ | ઉત્કલ્પનાની ચકાસણી | ૯૨ |
| ૪.૩ | સમસ્યા માપદંડ પર શિક્ષણ નિરીક્ષકોએ મેળવેલા પ્રાપ્તાંકોનું વિશ્લેષણ | ૯૪ |
| ૪.૪ | સમસ્યા માપદંડ પર શિક્ષણ નિરીક્ષકોના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ | ૯૫ |
| **પ્રકરણ ૫** | **સારાંશ, તારણો અને ભલામણો** | **૯૮-૧૧૧** |
| ૫.૦ | પ્રસ્તાવના | ૯૯ |
| ૫.૧ | સારાંશ | ૯૯ |
| ૫.૧.૧ | અભ્યાસની સમસ્યા | ૯૯ |
| ૫.૧.૨ | અભ્યાસના હેતુઓ | ૯૯ |
| ૫.૧.૩ | અભ્યાસના પ્રશ્નો | ૧૦૦ |
| ૫.૧.૪ | અભ્યાસની ઉત્કલ્પનાઓ | ૧૦૧ |
| ૫.૧.૫ | વ્યાપવિશ્વ | ૧૦૧ |
| ૫.૧.૬ | નમૂના પસંદગી | ૧૦૧ |
| ૫.૧.૭ | ઉપકરણ | ૧૦૨ |
| ૫.૧.૮ | માહિતીનું એકત્રીકરણ | ૧૦૩ |
| ૫.૧.૯ | માહિતીનું પૃથક્કરણ | ૧૦૩ |
| ૫.૨ | અભ્યાસના પરિણામો | ૧૦૪ |
| ૫.૩ | અભ્યાસના તારણો | ૧૦૭ |

| ક્રમ | પ્રકરણનું નામ | પાન ક્રમ |
|---|---|---|
| ૫.૪ | શૈક્ષણિક ફલિતાર્થો | ૧૦૮ |
| ૫.૫ | ભાવિ સંશોધન અંગે અંગૂલી નિર્દેશ | ૧૦૯ |
| | **સંદર્ભ સૂચિ** | **૧૧૨-૧૧૮** |
| | **પરિશિષ્ટ** | **૧૧૯-૧૪૮** |
| ૧. | માધ્યમિક શાળાના આચાર્યાઓનો સમસ્યા માપદંડ (પૂર્વ પ્રાથમિક સ્વરૂપે) | ૧૨૦ |
| ૨. | તજ્જ્ઞોને લખેલ વિનંતી પત્ર | ૧૨૬ |
| ૩. | માધ્યમિક શાળાના આચાર્યાઓનો સમસ્યા માપદંડ (પ્રાથમિક સ્વરૂપ) | ૧૨૭ |
| ૪. | માધ્યમિક શાળાના આચાર્યાઓનો સમસ્યા માપદંડ (પ્રારંભિક અજમાયશ સ્વરૂપ) | ૧૩૨ |
| ૫. | ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ | ૧૩૭ |
| ૬. | માધ્યમિક શાળાના આચાર્યાઓનો સમસ્યા માપદંડ (અંતિમ સ્વરૂપ) | ૧૩૮ |
| ૭. | ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ | ૧૪૨ |
| ૮. | માધ્યમિક શાળાના આચાર્યાઓનો સમસ્યા માપદંડ (શિક્ષણ નિરીક્ષકો માટેનું ઉપકરણ) | ૧૪૩ |
| ૯. | પસંદ કરેલ ૧૫ આચાર્યાઓની યાદી | ૧૪૫ |
| ૧૦. | તજ્જ્ઞોની યાદી | ૧૪૭ |
| ૧૧. | માધ્યમિક શાળાઓની અને આચાર્યાઓની યાદીની સોફ્ટ કોપી (સીડી) | ૧૪૮ |

# સારણી સૂચિ


| સારણી ક્રમ | વિગત | પાન ક્રમ |
|---|---|---|
| ૩.૧ | વ્યાપવિશ્વ અને તેનું સ્તરીકરણ | ૬૩ |
| ૩.૨ | અંતિમ નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાના આચાર્યાઓની સંખ્યા સારણી | ૬૪ |
| ૩.૩ | તજ્જ્ઞના પ્રતિભાવોનું વર્ગીકરણ | ૭૧ |
| ૩.૪ | સમસ્યા માપદંડના વિધાનોના ગુણાંકન અંગેની માહિતી | ૭૪ |
| ૩.૫ | સમસ્યા માપદંડની પ્રાથમિક અજમાયશમાં નમૂનામાં સમાવિષ્ટ આચાર્યાઓની સંખ્યા | ૭૫ |
| ૩.૬ | પ્રારંભિક અજમાયશથી સમસ્યા માપદંડ | ૭૬ |
| ૩.૭ | આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડમાં સમાવિષ્ટ થયેલા ઘટકો આધારિત વિધાનોની સંખ્યા | ૭૯ |
| ૩.૮ | આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડના અંતિમ સ્વરૂપનો ક્રોનબેંક આલ્ફા અંક | ૮૦ |
| ૩.૯ | અંતિમ સ્વરૂપના સમસ્યા માપદંડની અર્ધવિચ્છેદન પદ્ધતિ દ્વારા વિશ્વસનિયતા | ૮૨ |

| સારણી ક્રમ | વિગત | પાન ક્રમ |
|---|---|---|
| ૪.૧ | આચાર્યાઓના સ્વતંત્ર ચલોનું તેની કક્ષા અનુસાર સાંકેતિકરણ | ૮૭ |
| ૪.૨ | સમસ્યા માપદંડ પરના આચાર્યાઓના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ અને પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણતરીઓ | ૮૮ |
| ૪.૩ | સમસ્યા માપદંડ પર આચાર્યાઓના શાળાના વિસ્તાર સંદર્ભે સરેરાશાંકોનો તફાવતની સાર્થકતા | ૯૨ |
| ૪.૪ | સમસ્યા માપદંડ પર આચાર્યાઓના શાળાના વહીવટી પ્રકાર સંદર્ભે સરેરાશાંકોના તફાવત સાર્થકતા | ૯૩ |
| ૪.૫ | સમસ્યા માપદંડ પર આચાર્યાઓના વહીવટી અનુભવના સંદર્ભે સરેરાશાંકોના તફાવતની સાર્થકતા | ૯૪ |
| ૪.૬ | સમસ્યા માપદંડ પરના શિક્ષણ નિરીક્ષકોના પ્રાપ્તાંકોનું આવૃત્તિવિતરણ અને પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણતરીઓ | ૯૫ |

# આલેખ સૂચિ



| સારણી ક્રમ | વિગત | પાન ક્રમ |
|---|---|---|
| ૪.૧ | સમસ્યા માપદંડ પર આચાર્યાઓના પ્રાપ્તાંકોના આવૃતિ વિતરણની આલેખાત્મક રજૂઆત | ૯૧ |
| ૪.૨ | સમસ્યા માપદંડ પર શિક્ષણ નિરીક્ષકોના પ્રાપ્તાંકોના આવૃત્તિ વિતરણની આલેખાત્મક રજૂઆત | ૯૭ |

# પ્રકરણ-૧

# સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા


૧.૦ પ્રસ્તાવના

૧.૧ સમસ્યા કથન

૧.૨ પદોની વ્યવહારુ પરિભાષા

૧.૩ અભ્યાસનું મહત્ત્વ

૧.૪ અભ્યાસના હેતુઓ

૧.૫ અભ્યાસ હેઠળના ચલો

૧.૬ અભ્યાસના પ્રશ્નો

૧.૭ અભ્યાસની ઉત્કલ્પનાઓ

૧.૮ અભ્યાસની મર્યાદાઓ

૧.૯ હવે પછીના પ્રકરણોની રૂપરેખા

# પ્રકરણ-૧

# સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા

## ૧.૦ પ્રસ્તાવના

વિશ્વના કોઈપણ દેશના સામાજિક, આર્થિક, શૈક્ષણિક કે રાજકીય ક્ષેત્રના દરેક સ્તરે દેશના સ્ત્રી-પુરુષોની સક્રિય અને સમાન સંખ્યામાં ભાગીદારી હોવી, તે દેશ તેમજ તેના નાગરિકોનો સાચા અર્થમાં સર્વાંગીણ વિકાસ સૂચવે છે. લોકશાહી પ્રક્રિયામાં જીવાતા જીવનના દરેક પાસાઓમાં સ્ત્રી-પુરુષોનું સમાન પ્રદાન હોવું આવશ્યક છે. પ્રત્યેક ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર નિર્ણાયક ભૂમિકામાં પોતાની શક્તિ અનુસાર ઉત્તમ પ્રદાન કરવાની તકો સ્ત્રીઓ અને પુરુષોને સમાન રીતે ઉપલબ્ધ થવી જોઈએ. આપણા દેશના બંધારણમાં પણ આનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલ છે. આ વાસ્તવિકતા હોવા છતાં પણ ભારતમાં તેમજ વિશ્વના અનેક દેશોમાં વિવિધ ક્ષેત્રોમાં તેમજ વિશેષતઃ શિક્ષણના ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દાઓની નિર્ણાયક ભૂમિકામાં સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી છે. આ બાબતની ખાસ નોંધ લેતા યુનેસ્કો દ્વારા યોજાયેલ 'વર્લ્ડ કૉન્ફરન્સ ઓન હાયર એજ્યુકેશન (૧૯૯૮)[૧]માં ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું કે.."The Presence of a Critical mass of Women in decision making process remains Vastly inadequate."

આપણા દેશમાં ન્યુ દિલ્હી (૨૦૦૦)[૨]માં મળેલી આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદે તેમજ અગાઉ બેઈઝીંગ (૧૯૯૫)[૩]માં મળેલી ચોથી આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદે પણ ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લેતાં ચેતવણી રૂપ અવાજે કહ્યું હતું કે

---

[1] Report of Commonwealth Secretariat, **Women and Management in Higher Education,** Colombo, Sri Lanka. Published by Commonwealth Higher Education Support Scheme, 1998

[2] Sherman, A. **Women Managing Women, Marginalization of Female Leadership** in *Journal of British Educational Management and Administration Management and Administration Society,* Sage Publication, Vol. 28, No. 2, April 2000.

[3] Country Report, **Fourth World Conference of Women,** Beijing. Published by Govt. of India Ministry of Human Resource Development, New Delhi, 1995

વિશ્વના વિકસિત અને વિકાસશીલ દેશોમાં પણ શિક્ષણમાં અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર મહિલાઓની સંખ્યા ઘણી ઓછી છે.

આચાર્યા એક સંયોજિકા હોઈ શાળાની સર્વપ્રવૃત્તિઓનું સમતોલપણું જાળવીને સંસ્થાનો સુસંવાદી વિકાસ સાધે છે. શાળાની શિસ્ત, સામાન્ય ભાત અને પ્રણાલિકાના ઘડવૈયા અને સ્થાપક આચાર્યા જ છે. શાળાના હેતુઓ અને આદર્શને મૂર્તિમંત કરવાનું, તેને સાકાર કરવાનું આચાર્યાના હાથમાં છે. શાળાના આચાર્યા શિલ્પી છે અને તે બાળકોના ચારિત્ર્યનું ઘડતર કરનાર વ્યક્તિનો વિકાસ અથવા તો શાળારૂપી આરસમાંથી જીવંત શિલ્પનું ઘડતર કરે છે. શિલ્પી પોતાની ઈચ્છાનુસાર અને કુશળતા પ્રમાણે શિલ્પનું ઘડતર કરે છે તે પ્રમાણે આચાર્યા પોતાના કૌશલ્યો અનુસાર પોતાની વિચારસરણી અનુસાર બાળકોનું ઘડતર કરે છે.

આચાર્યા કુશળ હોય તો બાળકોનું ઘડતર યોગ્ય રીતે થઈ શકે તેમજ આચાર્યાના નિર્ણય અંગેના વર્તનમાં રહેલી ઊણપની અસર બાળકો ઉપર શાળાની વ્યવસ્થામાં પ્રતિબિંબિત થયા વિના રહેશે નહિ. આચાર્યા શાળાના બધા કાર્યોના મુખ્ય આયોજિકા છે. આખા વર્ષ દરમિયાનના કાર્યક્રમોમાં કેવા વાર્તાલાપ ગોઠવવા, કયા દિવસો ઉજવવા, કેવા પ્રવાસો ગોઠવવા, પરીક્ષાઓ ક્યારે અને કેવી રીતે વગેરે અનેક બાબતોનો આચાર્યાએ પૂર્વવિચાર કરવો પડે છે. ઉત્સાહ અને નિષ્ઠાથી કામ કરતાં આચાર્યા પોતાના હાથ નીચેના માણસોને પ્રેરણાનું ભાથું પૂરુ પાડે છે. સમગ્ર શાળાનું વાતાવરણ જીવંત, ચેતનાવાળું, સહાભ્યાસિક પ્રવૃત્તિઓથી ધમધમતું રાખવાનો દોર આચાર્યા પર આધારિત છે. જો શાળાના આચાર્યા પ્રયોગશીલ દષ્ટિવાળા, નૈતિક સૂઝવાળા, સમાન દષ્ટિબિંદુ ધરાવતાં અસાધારણ આયોજનશક્તિ, વ્યવસ્થાપન શક્તિ ધરાવનાર, નેતાગીરીના ગુણ ધરાવનાર, શિસ્તના હંમેશા આગ્રહી નૂતન શિક્ષણ પ્રવાહોથી માહિતગાર, વિદ્યાર્થીઓ-શિક્ષકોમાં રહેલી શક્તિઓના પારખનાર, ચારિત્ર્યવાન, માનવતાથી મહેકતા વ્યક્તિત્વવાળા, આદર્શ અને સફળ શિક્ષક હોય તો શાળાનું વ્યવસ્થાતંત્ર સુસંવાદિત બને છે. આમ શાળામાં આચાર્યાઓની

જવાબદારીઓ અનેકવિધ છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ સાથે બદલાયેલી સાંસ્કૃતિક માન્યતાઓ, સામાજિક જરૂરિયાતો, વધતું જતું કન્યા કેળવણી અને સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ, સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્ત્રી સ્વાતંત્ર્યની રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ચળવળોની વ્યક્તિગત અને સમાજ ઉપર સમગ્ર રીતે પડેલી અસરોના લીધે આજે પ્રત્યેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધતી જણાય છે. પરંતુ આપણા દેશમાં તેમજ વિશ્વકક્ષાએ આ વિષયમાં થયેલા અનેક સંશોધનોના તારણો સૂચવે છે કે આજે પણ શિક્ષણમાં જુદા જુદા સ્તરે નિર્ણાયક ભૂમિકામાં મહિલાઓની સંખ્યા ઓછી છે. તેમજ જે મહિલાઓ ઉચ્ચ હોદ્દા ઉપર છે તેઓને પણ માત્ર મહિલા હોવાને લીધે ઘણીવાર તેમના કાર્યક્ષેત્રમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આપણા ત્યાં લગભગ ૩૦% થી થોડીક વધુ મહિલાઓ શિક્ષણમાં વિવિધ સ્તરે કાર્યરત છે, પરંતુ મહત્ત્વના ઉચ્ચ હોદ્દાઓ ઉપરની મહિલાઓની ભાગીદારી માત્ર થોડી જ છે.

ગુજરાત રાજ્યમાં પણ શિક્ષણના વિવિધ સ્તરે નિર્ણાયક ભૂમિકામાં મહિલાઓની સંખ્યા નહીવત છે. રાજ્યમાં માધ્યમિક શિક્ષણમાં શાળા કક્ષાએ પણ આચાર્યની ચાવીરૂપ નિર્ણાયક ભૂમિકામાં પુરુષોના સંદર્ભે મહિલાઓની સંખ્યા લગભગ ચોથા ભાગની છે. વળી જે મહિલાઓ આવા ઉચ્ચ હોદ્દાઓ ઉપર છે, તેમના રોજિંદા કાર્યમાં તેઓ કેટલીકવાર માત્ર મહિલા હોવાના લીધે કેટલીક સમસ્યાઓનો સામનો કરતી હોય છે, તેવું અનુભવે જણાય છે. જે મહિલાઓ માધ્યમિક શાળા કક્ષાએ આચાર્યાની નિર્ણાયક ભૂમિકામાં પોતાનું પ્રદાન આપી રહી છે, તેમને અનુભવાતી વિવિધ સમસ્યાઓ જાણવાનો પ્રયાસ પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે કર્યો છે. આજે પણ સામાજિક-સાંસ્કૃતિક રૂઢિગત માન્યતાઓ, મહિલા હોવાના લીધે થતા પૂર્વગ્રહયુક્ત કેટલાક માનવીય વર્તન વ્યવહારોના લીધે ઉચ્ચહોદ્દાઓ પરની મહિલાઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. જે સમગ્ર રીતે શાળાની (સંસ્થાની) પરોક્ષરૂપે સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનમાં નડતરરૂપ બને છે. આમ, સંશોધકને ગુજરાત

રાજ્યની માધ્યમિક શાળાઓમાં આચાર્યોના ઉચ્ચ હોદ્દાઓ ઉપર રહેલી મહિલાઓને અવરોધરૂપ બનતી સમસ્યાઓને સંશોધન વિષય તરીકે પસંદ કરવાનું અતિ આવશ્યક લાગ્યું.

## ૧.૧ સમસ્યા કથન

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યાકથન નીચેની રીતે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

**ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ**

ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં કાર્યરત મહિલા આચાર્ય કે જે આચાર્ય તરીકેની ભૂમિકામાં પોતાની શક્તિ, સમજ તથા વિશેષ આવડતો દ્વારા શાળાની શૈક્ષણિક, વહિવટી તેમજ અન્ય બાબતોમાં ઉત્તમપ્રદાન કરવા ઈચ્છતા હોવા છતાં તેમ કરવામાં તેમના કાર્યોમાં અવરોધરૂપ બનતી બાબતોનો પ્રસ્તુત અભ્યાસમાં સંશોધન સમસ્યાસ્વરૂપે કરવાનું સંશોધકે વિચાર્યું હતું.

## ૧.૨ પદોની વ્યવહારુ પરિભાષા

સમસ્યા કથનમાં સમાવિષ્ટ ચાવીરૂપ શબ્દોની વ્યવહારુ પરિભાષા નીચે મુજબ છે.

**૧. આચાર્યાઓ**

ગુજરાત રાજ્ય સરકારના માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિમયો અને અધિનિયમો અનુસાર નિમણૂંક પામેલ શાળાના શૈક્ષણિક અને વહિવટી વડા એટલે આચાર્ય.

પ્રસ્તુત અભ્યાસમાં રાજ્યની સરકારી અને સરકાર અનુદાનિત બિન સરકારી માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકે કાર્યરત મહિલા આચાર્ય એટલે આચાર્યા તેવો વ્યવહારુ અર્થ કરવામાં આવેલ છે.

### ૨. સમસ્યાઓ

આચાર્યને શાળાના વડા તરીકે સામાન્ય રીતે શાળાના કાર્યક્રમો, વહિવટ તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટેના જવાબદારી અદા કરવાની હોય છે. આ જવાબદારી અદા કરવામાં શાળાના વડા તરીકે આચાર્યની નિર્ણાયક ભૂમિકામાં માત્ર મહિલા હોવાના કારણે સામાજીક તેમજ સાંસ્કૃતિક પરંપરાગત માન્યતાઓથી ઉદ્‌ભવતા અવરોધો, સંસ્થાકીય અવરોધો, વ્યક્તિત્ત્વ સંબંધિત વલણો સંદર્ભના અવરોધો જેવા મુખ્ય ઘટકોને સંબંધિત બાબતોને સમસ્યાઓ તરીકે પ્રસ્તુત અભ્યાસમાં ઓળખવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળા કક્ષાએ વિદ્યાર્થી, શિક્ષક, કર્મચારીઓ, સંચાલક મંડળ, વાલીઓ, સરકારી કચેરી ને સંબંધિત અવરોધો એટલે સંસ્થાકીય અવરોધો તેવો અર્થ કરવામાં આવ્યો હતો.

## ૧.૩ અભ્યાસનું મહત્ત્વ

કોઈપણ ક્ષેત્રમાં જ્ઞાનના સંવર્ધન અને પરિયોજના માટે સંશોધનની અગત્યતા છે. કેળવણીના ક્ષેત્રમાં સંશોધન એટલી સારી કક્ષાએ પહોંચ્યા છે કે સરકાર અને સંસ્થાઓ પોતાના નિર્ણયો સંશોધનના નિષ્કર્ષોને ધ્યાનમાં રાખીને લેવા માંડી છે. શિક્ષણમાં જરૂરી પરિવર્તન લાવવા માટે પણ સંશોધન જરૂરી છે. શાળાઓ અને મહાશાળાઓમાં ભિન્નભિન્ન પ્રકૃતિના બાળકો અભ્યાસ કરે છે. બાળકની વૈયક્તિક ભિન્નતાની અસર તેમના શિક્ષણમાં જોવા મળે છે. ડૉ. ગુણવંત શાહ કહે છે કે, “વિશ્વમાં એકે એક માણસ અનન્ય અને અભેય છે. માનવીનું અસ્તિત્વ ક્યારેય બેવડાતું નથી.”

સંશોધક માને છે કે પ્રસ્તુત અભ્યાસ શાળા સંચાલન ક્ષેત્રે મહત્ત્વનો બની રહેશે. પ્રસ્તુત અભ્યાસના તારણો માધ્યમિક શાળાઓમાં કાર્યરત આચાર્યાઓને તેમની સમસ્યાઓ પ્રત્યે સભાન બનાવશે. આ ઉપરાંત પ્રસ્તુત અભ્યાસનું મહત્ત્વ નીચે મુજબ છે.

આચાર્યાઓની સમસ્યાઓ જાણી મહદ્‌અંશે તે દૂર કરવા માટેનો પ્રયત્ન વહિવટી અધિકારીઓ અને શાળા સંચાલકો દ્વારા કરવામાં આવશે. પ્રસ્તુત અભ્યાસથી

માધ્યમિક શાળાઓના આચાર્યાઓના શૈક્ષણિક અનુભવ, શાળાનો વિસ્તાર અને શાળાના પ્રકાર બાબતે સમસ્યાઓમાં તફાવત છે કે નહી તે જાણી શકાશે. માધ્યમિક શાળાઓના મહિલા આચાર્યોની સમસ્યાઓને જાણી નીતિ ઘડતરમાં પ્રસ્તુત સંશોધન ઉપયોગી બની શકશે. પ્રસ્તુત અભ્યાસથી કાર્યરત આચાર્યાઓને સામાજિક-સાંસ્કૃતિક અવરોધો, સંસ્થાકીય અવરોધો અને વ્યક્તિગત વલણોથી પેદા થતા અવરોધોના પરિણામ સ્વરૂપે પેદા થતી વિવિધ સમસ્યાઓ જાણી શકાશે.

## ૧.૪ અભ્યાસના હેતુઓ

૧. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા સમસ્યા માપદંડની રચના કરવી.

૨. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા રચેલા ઉપકરણની વિશ્વસનિયતા અને યથાર્થતા ચકાસવી.

૩. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં કાર્યરત આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૪. આચાર્યાઓના શાળા વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી), શાળાના પ્રકાર (સરકારી અને સરકાર અનુદાનિત બિનસરકારી) અને વહિવટી અનુભવ (ત્રણ વર્ષથી ઓછો અને ત્રણ વર્ષ કે તેથી વધુ) મુજબ માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ વચ્ચેનો તફાવત જાણવો.

૫. શિક્ષણ નિરીક્ષકની દષ્ટિએ રાજયના માધ્યમિક શાળાના આચાર્યાઓની સંસ્થાકીય સમસ્યાઓનો અભ્યાસ કરવો.

## ૧.૫ અભ્યાસ હેઠળના ચલો

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં કેટલાક ચલોના સંદર્ભમાં આચાર્યાઓની સમસ્યાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. પરતંત્ર ચલ આચાર્યાઓની સમસ્યાઓને સ્વતંત્ર ચલો, શાળા વિસ્તાર, શાળા

સંચાલનનો પ્રકાર અને વહિવટી અનુભવનો સમયગાળો સંદર્ભે અભ્યાસવામાં આવ્યા હતા.

**સ્વતંત્ર ચલ અને તેની કક્ષાઓ**

| પાત્ર | સ્વતંત્ર ચલ | કક્ષાઓ | પરતંત્ર ચલ |
|---|---|---|---|
| આચાર્યાઓ | શાળા વિસ્તાર | ગ્રામ્ય | આચાર્યાઓની સમસ્યાઓ |
| | | શહેરી | |
| | શાળાનો પ્રકાર | સરકારી | |
| | | બિનસરકારી | |
| | વહિવટી અનુભવ | ૩ વર્ષથી ઓછા | |
| | | ૩ વર્ષ કે તેથી વધુ | |

આચાર્યાઓની સમસ્યાઓને આચાર્યાઓના વહિવટી અનુભવનો સમય, શાળા વિસ્તાર, શાળા પ્રકાર જેવા ચલો સંદર્ભે કોઈ તફાવત છે કે નહિ તે તપાસવામાં આવ્યું હતું.

ચલ, અનુભવ માટે ત્રણ વર્ષથી ઓછો અને ત્રણ વર્ષ કે તેથી વધુ આચાર્યા તરીકેના અનુભવને ધ્યાનમાં લેવામાં આવ્યો હતો. તથા ચલ, શાળા પ્રકાર માટે સરકાર સંચાલિત સરકારી તથા બિન સરકારી પરંતુ સરકાર અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓને ધ્યાનમાં લેવામાં આવી હતી. તથા ચલ, વિસ્તાર માટે માધ્યમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારને ધ્યાનમાં લેવામાં આવ્યો હતો.

## ૧.૬ અભ્યાસના પ્રશ્નો

૧. માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા માટે રચેલા ઉપકરણોની વિશ્વસનિયતા અને યથાર્થતા કેવી છે ?

૨. માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ પરત્વે સહમતિની માત્રા કેટલી છે ?

૩. માધ્યમિક શાળાના આચાર્યાઓનો શાળા વિસ્તાર, શાળા સંચાલનના પ્રકાર અને વહિવટી અનુભવ મુજબ માધ્યમિક શાળાઓમાં આચાર્યાઓની સમસ્યાઓ વચ્ચે શો તફાવત છે ?

૪. માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સંસ્થાકીય સમસ્યાઓ પરત્વે શિક્ષક નિરીક્ષકની સહમતિની માત્રા કેટલી છે ?

## ૧.૭ અભ્યાસની ઉત્કલ્પનાઓ

૧. માધ્યમિક શાળાઓના આચાર્યાઓના શાળા વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી) મુજબ આચાર્યાઓના સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨. માધ્યમિક શાળાઓના આચાર્યાઓના શાળાનો પ્રકાર (સરકારી અને સરકાર અનુદાનિત બિનસરકારી) મુજબ આચાર્યાઓના સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૩. માધ્યમિક શાળાઓના આચાર્યાઓના વહિવટી અનુભવ (ત્રણ વર્ષ કે તેથી વધુ અને ત્રણ વર્ષથી ઓછો) મુજબ આચાર્યાઓના સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૧.૮ અભ્યાસની મર્યાદાઓ

૧. પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યની સરકારી તેમજ સરકાર દ્વારા આર્થિક અનુદાનિત બિનસરકારી માધ્યમિક શાળાઓ પૂરતો સીમિત હતો.

૨. પ્રસ્તુત અભ્યાસ વર્ષ ૨૦૦૯-૧૦માં કાર્યરત ગુજરાતી વાંચી, સમજી શકતા આચાર્યાઓ પૂરતો મર્યાદિત હતો.

## ૧.૯ હવે પછીના પ્રકરણોની રૂપરેખા

પ્રકરણ-૨માં સંદર્ભ સાહિત્યનું વિશ્લેષણ અને સમીક્ષા વિગતે રજૂ કરવામાં આવી છે. સંદર્ભ સાહિત્યનું વિશ્લેષણ પણ પ્રસ્તુત અભ્યાસને વધુ સાર્થક અને વધુ અસરકારક બનાવવાનું માર્ગદર્શન મેળવવાના હેતુસર કરવામાં આવેલ છે.

પ્રકરણ-૩માં સંશોધન યોજવાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમાં સમસ્યાના ઉદ્‌ભવથી માંડીને વ્યાપવિશ્વ, નમૂનો, સંશોધનના ઉપકરણો, સંશોધન પદ્ધતિ, માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ પદ્ધતિની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ-૪માં એકત્રિત માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. તથા યોજના અનુસાર મેળવવામાં આવેલ સંખ્યાત્મક માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરીને તેનું અર્થઘટન કરવામાં આવ્યું છે.

પ્રકરણ-૫માં ખૂબ જ ટૂંકમાં સમગ્ર સંશોધનનો સારાંશ આપવામાં આવેલ છે. જેથી કોઈ પણ વાચક માત્ર આ પ્રકરણના વાચન દ્વારા સમગ્ર અભ્યાસ અંગેની માહિતી ટૂંકમાં મેળવી શકે છે. અત્રે સંશોધનના તારણો તેમજ શૈક્ષણિક ભલામણો અને ભાવિ સંશોધનો માટેનો અંગૂલિ નિર્દેશ પણ કરવામાં આવેલ છે.

# પ્રકરણ-૨
# સંદર્ભ સાહિત્યનો અભ્યાસ


૨.૦ પ્રસ્તાવના

૨.૧ સંદર્ભ સાહિત્યના અભ્યાસનું મહત્ત્વ

૨.૨ પૂર્વે થયેલા સંશોધનની સમીક્ષા

૨.૩ પૂર્વે થયેલા સંશોધનોના તારણોની સમીક્ષા

૨.૪ પ્રસ્તુત અભ્યાસની વિશેષતાઓ

# પ્રકરણ-૨
# સંદર્ભ સાહિત્યનો અભ્યાસ

## ૨.૦ પ્રસ્તાવના

સંદર્ભ સાહિત્યની સમીક્ષા સંશોધક માટે દીવાદાંડી રૂપ હોય છે. અર્થાત્ તે સંશોધકને સમસ્યાના સ્વરૂપ, ઉત્કલ્પનાઓ, સંશોધન યોજના, માહિતી વિશ્લેષણની પ્રયુક્તિઓ, માહિતીના અર્થઘટન માટેની જરૂરી વિગતો પૂરી પાડે છે. આથી સંશોધકને પ્રેરણા અને શક્તિ બંને મળે છે. આ પ્રકરણમાં સંશોધનાત્મક સંદર્ભ સાહિત્યની સમીક્ષા રજૂ કરવામાં આવેલી છે.

## ૨.૧ સંદર્ભ સાહિત્યના અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધનમાં સંદર્ભ સાહિત્યના અભ્યાસના મહત્ત્વને સમજી સંશોધકે નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરી હતી.

૧. પૂર્વે થયેલ સંશોધનોમાંથી પ્રસ્તુત અભ્યાસને સુપેરે સંપન્ન કરવાનું માર્ગદર્શન મેળવવા.

૨. પૂર્વે થયેલ સંશોધનોની સાથે પ્રસ્તુત અભ્યાસનો અનુબંધ જોડવા.

૩. અભ્યાસ માટે નવો માર્ગ મેળવવા.

૪. સંશોધનના વ્યાપવિશ્વ તથા નમૂના પસંદગીની રીતની જાણકારી મેળવવા.

૫. સંશોધનમાં ઉપયોગમાં લીધેલ સંશોધન ઉપકરણોની માહિતી પ્રાપ્ત કરવા.

૬. સંશોધનની ઉચિત પદ્ધતિઓ વિશે માર્ગદર્શન મેળવવા.

૭. માહિતી એકત્રીકરણની રીતનો ખ્યાલ પ્રાપ્ત કરવા.

## ૨.૨ પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

પ્રસ્તુત અભ્યાસનો આરંભ કરતા પહેલા સંશોધન સાહિત્યનું આકલન કરેલું. ઉપલબ્ધ સાહિત્ય સંશોધનની સમસ્યા સાથે આનુષાંગિક રીતે સંકળાયેલું હતું.

સંશોધન પ્રક્રિયામાંથી પસાર થયા બાદ સંશોધકને જાણવા મળ્યું કે ગુજરાતની માધ્યમિક શાળાઓનાં આચાર્યાઓને વિવિધ સમસ્યાઓ સ્પર્શે છે. માટે સંશોધકે અહીં

એવા પ્રકારના સંશોધનોની સમીક્ષા રજૂ કરી છે કે જે માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાને સંબંધિત હોય.

## ૨.૨.૧ દાસ, એમ. (૧૯૮૩)[૧] "પસંદ કરેલ શાળા ચલોના સંદર્ભમાં માધ્યમિક શાળાઓના આચાર્યોના વહિવટી વર્તન પર અભ્યાસ".

આ અભ્યાસ એમ.એસ. યુનિવર્સિટી, પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે કરવામાં આવ્યો હતો. આ સંશોધનના મુખ્ય ઉદ્દેશો આ મુજબ હતા.

(૧) શિક્ષકોના કાર્ય તરફના અને સંસ્થા, શાળા વાતાવરણ અને વિદ્યાર્થીની સિદ્ધિ તરફના વલણના સંદર્ભમાં માધ્યમિક શાળાના આચાર્યોના વહિવટી વર્તન (આવૃત્તિ અને અસરકારક માપદંડો)નો અભ્યાસ કરવો.

(૨) શિક્ષકોના કાર્ય તરફના વલણ સંસ્થાની કાર્ય વ્યવસ્થા અને વિદ્યાર્થીની કાર્ય વ્યવસ્થા અને વિદ્યાર્થીની સિદ્ધિ તરફના વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો અને

(૩) શાળા વાતાવરણ અને વિદ્યાર્થીની સિદ્ધિ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.

આ અભ્યાસના નમૂનામાં ગુજરાત રાજ્યની અને કેન્દ્રશાસિત પ્રદેશો ગોવા, દમણ અને દીવના પ્રદેશની ૨૬ અંગ્રેજી માધ્યમની શાળાઓમાંથી ૨૬ આચાર્યો, ૨૬૦ શિક્ષકો અને ધોરણ-૯ના ૧૦૨૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમાં જે સાધનો ઉપયોગમાં લેવામાં આવ્યાં હતાં તે હતાં, યુનિવર્સિટી ઓફ જ્યોર્જિયા દ્વારા વિકસાવવામાં આવેલ અને સુધારવામાં આવેલ સંશોધનો દ્વારા પ્રિન્સિપાલ પરફોર્મેન્સ ડિસ્ક્રિપ્શન સર્વે (આચાર્યની કામગીરીના વર્ણનનું સર્વેક્ષણ) શિક્ષણ વલણ સંશોધનિકા (ઇલેટ અને માસ્ટર્સ, ૧૯૭૭) અને શાળા વાતાવરણના માપન માટેની માયા સ્કૂલ ઇન્વેન્ટરી (સંશોધિનકા) (યુનિવર્સિટી ઑફ જ્યૉર્જિયા).

---

**[૧] એમ. દાસ, પસંદ કરેલ શાળા ચલોના સંદર્ભમાં માધ્યમિક શાળાઓના આચાર્યોના વહિવટી વર્તન પર અભ્યાસ. અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, એમ. એસ. યુનિવર્સિટી ૧૯૮૩**

વર્ણનાત્મક આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ, પીઅરસનના ગુણાકાર પરિબળ સહસંબંધાંક, t - કસોટી, ક્રમ તફાવત સહ સંબંધાંક અને મેન-વ્હીટનીની 'u' કસોટીના ઉપયોગ વડે માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું.

આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.

(૧) માધ્યમિક શાળાના આચાર્યો વહિવટી કાર્યોની તેમની કામગીરીમાં મધ્યમસરના અસરકારક હતાં.

(૨) આચાર્યોના વહિવટી વર્તન અને શિક્ષકોના કાર્ય તરફના અને સંસ્થાના કાર્ય વ્યવસ્થા તરફના વલણ વચ્ચે સાર્થક હકારાત્મક સંબંધ હતો.

(૩) આચાર્યોના વહિવટી વર્તન અને શાળાના વાતાવરણ વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

(૪) આચાર્યોના વહિવટી વર્તન અને વિદ્યાર્થીઓની સિદ્ધિ વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

(૫) વહિવટી નીતિઓ અને આધાર, કર્મચારી સંબંધો, કાર્યભાર અને વિદ્યાર્થી મૂલ્યાંકન પ્રેક્ટિસની તુલનામાં શિક્ષકો નિરીક્ષણ સંબંધો તરફ વધુ અનુકૂળ વલણ દર્શાવતા હતા.

(૬) શિક્ષકોના કાર્ય તથા સંસ્થાની કાર્યવ્યવસ્થા તરફના વલણ અને વિદ્યાર્થીની સિદ્ધિ વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

(૭) શાળા વાતાવરણ અને વિદ્યાર્થી સિદ્ધિ વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

અભ્યાસમાં જણાવેલ મુખ્ય શૈક્ષણિક ફલિતાર્થો આ મુજબ છે :

(૧) શિક્ષકોના કાર્ય અને સંસ્થાની કાર્યવ્યવસ્થા તરફના તેમના અનુકૂળ વલણની ખાતરી માટે આચાર્યોએ તેમના વિવિધ કાર્યોને પર્યાપ્ત રીતે અને અસરકારક રીતે કરવાં જોઈએ.

(૨) વિવિધ વહિવટી કાર્યોમાં આચાર્યોને કાર્યદક્ષ બનાવવા માટે શાળાના આચાર્યો માટે ઈન-સર્વિસ પ્રશિક્ષણ કાર્યક્રમની સગવડો હોવી જોઈએ.

**૨.૨.૨ શેઠ, સાકરલાલ એમ. (૧૯૮૭)[૨], સુરત જિલ્લાના ગ્રામ વિસ્તારની માધ્યમિક આચાર્યોનો નેતૃત્વ વ્યવહાર અને તેમના વ્યક્તિત્વ વચ્ચેનો સંબંધ તપાસવો.**

આ અભ્યાસ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એમ.એડ્. શિક્ષણશાસ્ત્ર માટે કરવામાં આવ્યો હતો. આ સંશોધનના મુખ્ય ઉદ્દેશો આ મુજબ હતા.

**આ સંશોધનનાં મુખ્ય હેતુઓ આ મુજબ હતાં.**

(૧) સુરત જિલ્લાના ગ્રામ વિસ્તારની માધ્યમિક શાળાના આચાર્યોનો નેતૃત્વ વ્યવહાર જાણવો.

(૨) સુરત જિલ્લાના ગ્રામ વિસ્તારની માધ્યમિક શાળાઓના આચાર્યોના વ્યક્તિત્વ અંગે માહિતગાર થવું.

(૩) સુરત જિલ્લાના ગ્રામ વિસ્તારની માધ્યમિક શાળાઓમાં આચાર્યોના નેતૃત્વ વ્યવહાર અને તેમના વ્યક્તિત્વ વચ્ચેનો સંબંધ તપાસવો.

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સુરત જિલ્લાની ગ્રામ વિસ્તારની માધ્યમિક શાળાના આચાર્યોનો સમાવેશ કર્યો હતો. નમૂના તરીકે સુરત જિલ્લાના બે તાલુકાઓની ગ્રામ વિસ્તારની પસંદગી આકસ્મિક રીતે વ્યક્ત કરી હતી. તેમાંથી ૨૦ શાળાના ૨૦ આચાર્યોને સંશોધનમાં આવરી લીધા.

**ઉપકરણો :** ૧ પ્રશ્નાવલિ.

**સંશોધન પદ્ધતિ :** સર્વેક્ષણ.

**માહિતી પૃથક્કરણની રીત :** સહસંબંધાંક.

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) સાઈક્લોથાઈમલ ઘટકના આધારે આચાર્યો વિશ્વસનિય, પ્રવૃત્તિશીલ,

[૨] સાકરલાલ એમ. શેઠ, સુરત જિલ્લાના ગ્રામ વિસ્તારની માધ્યમિક આચાર્યોનો નેતૃત્વ વ્યવહાર અને તેમના વ્યક્તિત્વ વચ્ચેનો સંબંધ તપાસવો. અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ૧૯૮૭

ચોકસાઈથી કામ લેનાર, માનવસંબંધો સ્થાપનાર હતા.

(૨) બુદ્ધિશાળી ઘટકના આધારે જોતાં આચાર્યો સક્રિય. બુદ્ધિશાળી, સ્વતંત્ર, વિશ્વાસુ અને સંસ્કારશીલ શક્તિઓ હોય.

(૩) પ્રભાવતત્ત્વ ઘટકના આધારે આચાર્યોના હઠાગ્રહી ઘટકનો, નેતૃત્વ વ્યવહારના ઘટક 'વિચારણાવર્તન' સાથે સહસંબંધાક જોવા મળ્યો નહીં.

(૪) ઊંચા પ્રાપ્તાંક ધરાવનાર, અવિરોધી, યોજનાબદ્ધ, શક્તિશાળી, સાવચેત, કલ્પનાશીલ, આભાર દૃષ્ટિવાળા, દૃઢ મનોબળ ધરાવનાર, કુશળતા ધરાવનાર હોય જેઓ નેતૃત્વ વ્યવહારમાં સંવેદનશીલ ઘટક સાથે સંબંધ ધરાવે છે.

(૫) પાપભીરુ, વિચારશીલ આચાર્યોનો, નેતૃત્વ વ્યવહારમાં 'વિચારણા વર્તન' ઘટક સાથે કોઈ સહસંબંધ જોવા મળ્યો નહીં.

(૬) માનસિક નિર્બળતા અને નેતૃત્વ વ્યવહારના ઘટક 'વિચારણા સંરચના વર્તન' સાથે કોઈ સહસંબંધ જોવા મળ્યો નહીં.

(૭) પ્રયોગશીલ અને નેતૃત્વ વ્યવહાર ઘટક 'વિચારણા સંરચના વર્તન' સાથે કોઈ સહસંબંધાંક પ્રાપ્ત થયો નથી.

### ૨.૨.૩ નાયક, ભાવના કે. (૧૯૯૪)[૩], સુરત શહેરની માધ્યમિક શાળાના આચાર્યોની નેતૃત્વ તરાહ અને શિક્ષકોની આચાર્યો પ્રત્યેની નિષ્ઠા સંબંધી અભ્યાસ.

આ અભ્યાસ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એમ.એડ્. શિક્ષણશાસ્ત્ર માટે કરવામાં આવ્યો હતો. આ સંશોધનના મુખ્ય ઉદ્દેશે આ મુજબ હતા.

**આ સંશોધનનાં મુખ્ય હેતુઓ આ મુજબ હતાં.**

(૧) સુરત શહેરની માધ્યમિક શાળાના આચાર્યોની નેતૃત્વ તરાહ જાણવી.

(૨) પુરુષ આચાર્યોની અને સ્ત્રી આચાર્યોની નેતૃત્વ તરાહનો અભ્યાસ કરવો.

---

[૩] ભાવના કે. નાયક, સુરત શહેરની માધ્યમિક શાળાના આચાર્યોની નેતૃત્વ તરાહ અને શિક્ષકોની આચાર્યો પ્રત્યેની નિષ્ઠા સંબંધી અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, વીર નર્મદ યુનિવર્સિટી

(૩) શાળાના વિવિધ પ્રકારના સંદર્ભમાં આચાર્યાની નેતૃત્વ તરાહ જાણવી.

(૪) શાળાની વિવિધ ગુણવત્તાના સંદર્ભમાં આચાર્યાની નેતૃત્વ તરાહનો અભ્યાસ કરવો.

(૫) મોટી, મધ્યમ અને નાની શાળાના આચાર્યોની નેતૃત્વ તરાહનો અભ્યાસ કરવો.

(૬) સુરત શહેરની માધ્યમિક શાળાના શિક્ષકોની આચાર્યો પ્રત્યેની નિષ્ઠા જાણવી.

(૭) પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષિકાઓની આચાર્યો પ્રત્યેની નિષ્ઠા જાણવી.

(૮) શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં શિક્ષકોની આચાર્યો પ્રત્યેની નિષ્ઠા જાણવી.

(૯) શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં શિક્ષકોની આચાર્યો પ્રત્યેની નિષ્ઠા જાણવી.

(૧૦) શાળાની વિવિધ ગુણવત્તાના સંદર્ભમાં શિક્ષકોની આચાર્યો પ્રત્યેની નિષ્ઠાનો અભ્યાસ કરવો.

(૧૧) શાળાના વિવિધ પ્રકારના શિક્ષકોની આચાર્યો પ્રત્યેની નિષ્ઠાનો અભ્યાસ કરવો.

(૧૨) મોટી, મધ્યમ અને નાની શાળાના સંદર્ભમાં શિક્ષકોની આચાર્યો પ્રત્યેની નિષ્ઠાનો અભ્યસ કરવો.

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

સુરત શહેરની માધ્યમિક શાળાના તમામ આચાર્યો અને શિક્ષકો એ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બને છે. જેમાંથી સહેતુક નમૂના પસંદગીની રીતથી ૨૫ શાળાઓના ૨૪૫ શિક્ષકોને નમૂનામાં આવરી લીધા હતા.

**ઉપકરણો :**

(૧) હેલ્પિન અને વાઈનર (૧૯૫૨) રચિત આચાર્યા નેતૃત્વતરાહ પ્રશ્નાવલિ,

(૨) હેય (૧૯૭૮) રચિત આચાર્ય અંગે શિક્ષકો માટેનું નિષ્ઠાપત્રક.

**સંશોધન પદ્ધતિ :** સર્વેક્ષણ

**માહિતી પૃથક્કરણની રીત :** કાઈવર્ગ કસોટી, ટી-કસોટી, ટકાવારી

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) નમૂનાના ૨૫ આચાર્યોમાંથી નેતૃત્વતરાહની દૃષ્ટિએ ૧૨ આચાર્યો ખૂબ અસરકારક જોવા મળ્યા, જ્યારે ૮ આચાર્યો સંપૂર્ણ માનવતાવાદી જોવા મળ્યા.

(૨) સ્ત્રી આચાર્યનું નેતૃત્વ પુરુષ આચાર્યોની સરખામણીમાં વધુ અસરકારક જોવા મળ્યું.

(૩) કુમારશાળા, કન્યાશાળા અને મિશ્રશાળાઓમાં આચાર્યોની નેતૃત્વતરાહ સરખાવતા જોવા મળ્યું કે કન્યાશાળાઓમાં આચાર્યની અસરકારકતા વધુ જોવા મળી. જ્યારે કુમારશાળાઓમાં આચાર્યોની નેતૃત્વ તરાહ સૌથી ઓછી અસરકારક જોવા મળી.

(૪) ૯ સારી શાળાઓમાં ૫ આચાર્યો અસરકારક જોવા મળ્યા, જ્યારે મધ્યમથી નીચી ગુણવત્તા ધરાવતી ૬ શાળાઓમાંથી ૨ શાળાના આચાર્યો અસરકારક અને ૨ શાળાના આચાર્યો બિનઅસરકારક જોવા મળ્યા.

(૫) મોટી, નાની કે મધ્યમ શાળાઓ અને આચાર્યોની નેતૃત્વતરાહને કોઈ સંબંધ જોવા મળ્યો નહિ.

(૬) નવા જોડાનાર શિક્ષકો પોતાના વ્યવસાયને વફાદારીથી નિભાવે છે, જ્યારે થોડા જૂના થતાં પોતાના વ્યવસાયને પ્રત્યે બેદરકાર બનતા જાય છે.

(૭) શિક્ષકોની નિષ્ઠા અને તેમની લાયકાત વચ્ચે કોઈ તફાવત જોવા મળ્યો નહિ.

(૮) શિક્ષકોની નિષ્ઠા અને આચાર્યોની નેતૃત્વતરાહ વચ્ચે કોઈ સંબંધ જોવા મળ્યો નહિ.

(૯) શાળાની ગુણવત્તાની શિક્ષકોની નિષ્ઠા પર કોઈ અસર જોવા મળી નહિ.

(૧૦) સ્ત્રીઓ આચાર્ય હોય કે શિક્ષિકા હોય કે વિદ્યાર્થિની તરીકે હોય, પુરુષો કરતાં આગળ રહી છે, જે પરિણામો પરથી સ્પષ્ટ જોઈ શકાયું.

(૧૧) સ્ત્રી શિક્ષકો હોય કે પુરુષ શિક્ષકો હોય તેમની નિષ્ઠામાં કોઈ ફેરફાર નથી. અથવા શિક્ષકોની નિષ્ઠા અને જાતિ વચ્ચે કોઈ સંબંધ નથી.

(૧૨) નબળું નેતૃત્વ ધરાવતા આચાર્યો શિક્ષકોની નિષ્ઠા મેળવવામાં નિષ્ફળ જાય છે એવું કહી શકાય, જ્યારે સંપૂર્ણ માનવતાવાદી થોડા ઓછા નિષ્ફળ જતા હોય એવું માની શકાય.

### ૨.૨.૪ આરા, નસરીન (૧૯૮૬)[૪] "માધ્યમિક શાળા સ્તરે શિક્ષકોની સ્વ-સંકલ્પના, કાર્ય-સંતોષ અને થોડા અન્ય સંસ્થાકીય ગુણધર્મોના સંબંધમાં આચાર્યોનું નેતૃત્વ વર્તન".

આ અભ્યાસ ગોરખપુર યુનિવર્સિટી (ઉત્તર પ્રદેશ), પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસને માધ્યમિક શાળા સ્તરે શિક્ષકોની સ્વ-સંકલ્પના, કાર્યસંતોષ અને થોડા અન્ય સંસ્થાકીય ગુણધર્મોના સંબંધમાં આચાર્યોના નેતૃત્વ વર્તનની ચકાસણી માટે હાથ ધરવામાં આવ્યો હતો. અભ્યાસના આ ઉદ્દેશોમાં,

(૧) શિક્ષકોની સ્વ-સંકલ્પના કઈ રીતે આચાર્યોના નેતૃત્વ વર્તન સાથે સંબંધિત છે, તેનો અભ્યાસ કરવો.

(૨) આચાર્યોના નેતૃત્વ વર્તન અને શિક્ષકોના કાર્ય-સંતોષ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો અને

(૩) આચાર્યોનું નેતૃત્વ વર્તન કઈ રીતે થોડા અન્ય સંસ્થાકીય ગુણધર્મો જેવા કે, જાતિયતા (Sex), શાળાના સ્થળ સાથે સંબંધિત છે તેનો અભ્યાસ કરવો. જે ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી, તે આ મુજબ હતી.

---

[૪] નસરીન આરા, "માધ્યમિક શાળા સ્તરે શિક્ષકોની સ્વ-સંકલ્પના, કાર્ય-સંતોષ અને થોડા અન્ય સંસ્થાકીય ગુણધર્મોના સંબંધમાં આચાર્યોનું નેતૃત્વ વર્તન". અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, ગોરખપુર યુનિવર્સિટી (૧૯૮૬)

(૧) આચાર્યોનું નેતૃત્વ વર્તન શિક્ષકોની સ્વ-સંકલ્પના સાથે સાર્થકપણે સંબંધિત હશે.

(૨) આચાર્યોના નેતૃત્વ વર્તનની બે રીતભાતો એટલે કે રચના અને વિચારણાના પહેલકર્તાની, આમાંની દરેક રીતભાતો શિક્ષકોની સ્વ-સંકલ્પના સાથે સાર્થકપણે સંબંધિત હશે.

(૩) આચાર્યોનું નેતૃત્વ વર્તન શિક્ષકોના કાર્યસંતોષ સાથે સંબંધિત હશે.

(૪) આચાર્યોમાં નેતૃત્વની પહેલકર્તાની બે રીતભાતોમાંની દરેક રીત-ભાત શિક્ષકોના કાર્ય-સંતોષ સાથે સાર્થકપણે સંબંધિત હશે.

આમાં જે સાધનો ઉપયોગમાં લેવામાં આવ્યાં હતાં. તે હતાં, પી.સી. શુક્લની શૈક્ષણિક નેતૃત્વ વર્તન વર્ણન પ્રશ્નાવલિ, કે. જી. અગ્રવાલનું વ્યક્તિત્વ વૈવિધ્ય (Personality Differential) (સ્વ-સંકલ્પનાનું એક માપ) અને એસ. પી. ગુપ્તા તથા જે. પી. શ્રીવાસ્તવનો શિક્ષકોના કાર્યસંતોષનો માપદંડ. આ નમૂનામાં ગોરખપૂર પ્રદેશની ઈન્ટરમીડીયેટ કૉલેજોના ૭૮૦ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉત્કલ્પનાઓની કસોટી માટે ક્રાંતિક ગુણોત્તરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) આચાર્યોના ઉચ્ચ ઈચ્છિત નેતૃત્વ વર્તને શિક્ષકોમાં ઉચ્ચ માત્રામાં કર્તવ્યપાલન અને સામાન્ય સ્થિતિ પેદા થતી હતી. જ્યારે નિમ્ન ઈચ્છિત નેતૃત્વ વર્તને નિમ્ન માત્રામાં કર્તવ્યપાલન અને સામાન્ય સ્થિતિ પેદા કરી હતી.

(૨) આચાર્યોને નેતૃત્વ વર્તનની રચનાત્મક પહેલકર્તાની રીતભાત (Style) શિક્ષકોની સ્વ-સંકલ્પનાના પાલન અને સામાન્યતાના ઘટકો સાથે સાર્થક રીતે સંબંધિત જોવા મળી હતી.

(૩) આચાર્યોનું નેતૃત્વ વર્તન શિક્ષકોના કાર્યસંતોષ સાથે હકારાત્મકપણે સંબંધિત હતું.

(૪) આચાર્યોના નેતૃત્વ વર્તનની પહેલકર્તાની રીતભાત શિક્ષકોના કાર્યસંતોષ સાથે સાર્થક રીતે સંબંધિત જોવા મળી હતી.

(૫) પુરુષ અને સ્ત્રી શિક્ષકો આચાર્યોના નેતૃત્વ વર્તનને સમાન દૃષ્ટિથી જોતાં હતાં.

(૬) શાળાઓના ગ્રામ્ય-શહેરી સ્થળ આચાર્યોના નેતૃત્વ વર્તનની શિક્ષકોની કલ્પના સાથે કોઈ સંબંધ ધરાવતાં ન હતાં.

**૨.૨.૫ પટેલ, કુસુમ (૧૯૯૧)[૫] "ધરમપુર તાલુકાની ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્યો અને શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ".**

આ અભ્યાસ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે હાથ ધરવામાં આવ્યો હતો.

**આ સંશોધનનાં મુખ્ય હેતુઓ આ મુજબ હતાં.**

(૧) ધરમપુર તાલુકાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં આચાર્યો દ્વારા અનુભવાતી વિવિધ પ્રકારની સમસ્યાઓની જાણકારી મેળવવી.

(૨) ઉત્તર બુનિયાદી શાળાઓમાં શિક્ષકો દ્વારા અનુભવાતી વિવિધ સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત કરવી.

(૩) ઉત્તર બુનિયાદી શાળામાં આચાર્યો અને શિક્ષકોની વહિવટી સમસ્યાઓ, શૈક્ષણિક, આર્થિક, ભૌતિક સુવિધાઓ સંબંધી તેમજ માનવીય સંબંધોની સમસ્યા અંગેની જાણકારી પ્રાપ્ત કરવી.

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

ધરમપુર તાલુકાની ઉત્તર બુનિયાદી શાળાઓ વ્યાપવિશ્વ બન્યું હતું, જ્યારે ૧૨ શાળાના ૧૨ આચાર્યો અને ૫૦ શિક્ષકો નમૂનો બન્યું હતું.

**ઉપકરણો :** અભિપ્રાયાવલિ

**સંશોધન પદ્ધતિ :** સર્વેક્ષણ

**માહિતી પૃથ્થકરણની રીત :** ટકાવારી, ક્રમાંકન

---

[૫] કુસુમ, પટેલ, ધરમપુર તાલુકાની ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્યો અને શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ. અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ૧૯૯૧.

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) ઉત્તર બુનિયાદી શાળાની સમસ્યાઓ સમજવામાં શિક્ષણખાતુ સંવેદનશીલતાનું ધરાવતું જોવા મળ્યું નહીં.

(૨) શાળાનું શૈક્ષણિક સ્તર ઊંચું લાવવા વ્યવસ્થાપક મંડળ જોડે ચર્ચાવિચારણા થાય છે.

(૩) વિદ્યાર્થીઓના પ્રશ્નો ઉકેલવામાં શિક્ષકો તરફથી આચાર્યને પૂરો સહકાર મળી રહે છે.

(૪) શાળામાં આવતા સામયિકો વિદ્યાર્થીઓ વાંચી શકે તેવી સગવડ શાળા પાસે નથી.

(૫) અભ્યાસક્રમને અનુરૂપ પૂરતા શૈક્ષણિક સાધનો શાળા પાસે હોવા છતાં તેનો અસરકારક ઉપયોગ થતો નથી.

**૨.૨.૬ ડીસેલ, એમ. કે. (૧૯૯૪)[૬] ''નેતૃત્વ તરાહો અને શાળા અસરકારકતાઃ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાની માધ્યમિક શાળાઓના આચાર્યો''.**

આ અભ્યાસ પૂના યુનિવર્સિટીમાં પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે હાથ ધરવામાં આવ્યો હતો. આ સંશોધનના ઉદ્દેશો આ મુજબ હતા :

(૧) શાળાના આચાર્યોના નેતૃત્વ તરાહનો અભ્યાસ કરવો.

(૨) શાળાના આચાર્યોની પ્રભાવશાળી નેતૃત્વ તરાહને સમજવી.

(૩) નેતૃત્વ તરાહ અને શાળા અસરકારક વચ્ચેનો સંબંધ શોધવો.

(૪) સંબંધતરાહ, વય, અનુભવ, લાયકાત અને જેમાં હાજર રહ્યાં હોય તેવા સેવાકાલીન પ્રશિક્ષણ કાર્યક્રમો અને આચાર્યોની નેતૃત્વ તરાહને શોધવી.

(૫) સુધારક શાળાની શોધ કરવી.

---

[૬] એમ. કે. ડીસેલ, નેતૃત્વ તરાહો અને શાળા અસરકારકતાઃ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાની માધ્યમિક શાળાઓના આચાર્યો. અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, પૂના યુનિવર્સિટી ૧૯૯૪.

**આ સંશોધનની ઉત્કલ્પનાઓ આ મુજબ હતી.**

(૧) નેતૃત્વની નોકરશાહી અને સત્તાધારી રીતભાતો શાળા અસરકારકતા સાથે નકારાત્મકપણે સહસંબંધિત છે.

(૨) પોષણાત્મક નેતૃત્વની તરાહ, ભાગીદારીવાળું નેતૃત્વ અને કાર્યલક્ષી નેતૃત્વ શાળાની અસરકારકતા સાથે હકારાત્મકપણે સંબંધિત છે.

(૩) આચાર્યોની વય નેતૃત્વની ભાગીદારીવાળી તથા પોષણાત્મક તરાહ સાથે હકારાત્મકપણે સહસંબંધિત છે.

(૪) આચાર્યોનો અનુભવ ભાગીદારવાળી તથા પોષણાત્મક તરાહો સાથે હકારાત્મકપણે સહસંબંધિત છે.

(૫) વધુ લાયકાત ધરાવતા આચાર્યો અને એવાં લોકો જેમણે સેવાકાલીન પ્રશિક્ષણ કાર્યોમાં ભાગ લીધેલ છે. તેવાં લોકો કાર્યલક્ષી તરાહ પર નોકરશાહી કે સત્તાધારી તરાહને બદલે ભાગીદારીવાળી અને પોષણાત્મક તરાહોનું આચરણ કરે છે.

આ સંશોધન વર્ણનાત્મક પ્રકારનું હતું. આ સંશોધન માટે નાસિક જિલ્લાની ૧૨૪ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી યાદચ્છિક રીતે આચાર્યો અને ૬૨૦ શિક્ષકો ને પસંદ કરવામાં આવ્યા હતા. માહિતી એકત્રિત કરવા માટે આ મુજબનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો : આચાર્યોનો વર્તન માપદંડ (Sool : LBS), જય અને બી. પી. સિંહા દ્વારા વિકસાવવામાં આવેલ આચાર્યોનો રીતભાત માપદંડ (Soo2, LSS), ટી. એન. સિંહા જ્યોતિપ્રસાદ દ્વારા વિસાવવામાં આવેલ વર્તન પસંદગી માપદંડ (Soo3 : BPS), સહાયક પસંદગી માપદંડ (Soo4, SPS) અને સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવેલ ડેટાબૅન્ક. માહિતી પૃથક્કણ માટે સહસંધાંકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) નોકરશાહી અને સત્તાધારી તરાહ શાળા અસરકારકતા સાથે નકારાત્મકપણે સહસંધિત હતી.

(૨) કાર્યલક્ષી, પોષણાત્મક અને ભાગીદારીવાળી તરાહ શાળા અસરકારકતા સાથે સહસબંધિત છે, આવા નેતાઓ તેમના હાથ નીચેના સહાયકો પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. અને તેની સંસ્થાના વિકાસ માટે હૂંફ પૂરી પાડે છે. આ સૌથી પ્રભાવશાળી રીતભાત જણાઈ હતા.

(૩) નવા પ્રવેશાર્થીઓ અને પાંચવર્ષથી ઓછો અનુભવ ધરાવતાં આચાર્યોએ પણ કાર્યલક્ષી અને પોષણાત્મક રીતભાતને અનુસરવાનું શરૂ કર્યું હતુ. આવા નેતાઓ શાળા પદ્ધતિના માટે તમામ સંસાધનોનો ઉપયોગ કરે છે.

(૪) વયોવૃદ્ધ અને અનુભવી આચાર્યો ભાગીદારીવાળી અને પોષાણાત્મક રીતભાતોનું આચરણ કરે છે.

(૫) અભિમુખતા કાર્યક્રમોમાં ભાગ લઇ ચૂકેલા આચાર્યો પોષાણાત્મક અને ભાગીદારીવાળી તરાહમાં સારા પ્રાપ્તાંકો દર્શાવે છે. નોકરીશાહી અને સત્તાધારી તરાહોને ઓછી પસંદ કરવામાં આવે છે.

**૨.૨.૭ ઝાંઝરૂકિયા, કે. આર. (૧૯૯૬)[૭] 'માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ, સંસ્થાકીય સ્વાસ્થ્ય અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેના સંબંધનો અભ્યાસ.**

આ અભ્યાસ ભાવનગર યુનિવર્સિટી, પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે કરવામાં આવ્યો હતો.

**આ સંશોધનનાં મુખ્ય હેતુઓ આ મુજબ હતાં.**

(૧) આચાર્યોના નેતૃત્વ,સંસ્થાકીય સ્વાસ્થ્ય અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.

(૨) અમુક ચલો જેવાં કે શાળા પ્રકાર, શાળા કદ, સંચાલન માધ્યમ અને શાળાના વિસ્તાર, અને આચાર્યોના અનુભવના સંદર્ભમાં આચાર્યોના નેતૃત્વ અને સંસ્થાકીય સ્વાસ્થ્ય વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવો.

---

[૭] કે. આર. ઝાંઝરૂકિયા, માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ, સંસ્થાકીય સ્વાસ્થ્ય અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્રિ વચ્ચેના સંબંધનો અભ્યાસ. અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી. ૧૯૯૬

(૩) નેતૃત્વ અને વિદ્યાર્થી શૈક્ષણિક સિદ્ધિનાં બે પરિણામો વચ્ચેના સંબંધોનો આભ્યાસ કરવો.

(૪) સંસ્થાકીય સ્વાસ્થ્ય અને વિદ્યાર્થી શૈક્ષણિક સિદ્ધિનાં દસ પરિણામોનો અભ્યાસ કરવો.

આ અભ્યાસના વ્યાપવિશ્વમાં સૌરાષ્ટ્ર વિસ્તારની ૧૦૨૨ માધ્યમિક શાળાઓ હતી. જેમાંથી ૭૩૬ ( ૭૨.૦૧%) શાળાઓને સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિનો ઉપયોગ કરીને નમૂના તરીકે પસંદ કરવામાં આવી હતી. આ સ્તરીકરણ શાળાઓના વિસ્તાર, પ્રકાર, કદ, સંચાલન અને માધ્યમ અને આચાર્યોના અનુભવ પર આધારિત હતું. નમૂનાની દરેક શાળાઓમાં ૬ શિક્ષકોને યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા. માહિતી એકઠી કરવા માટે ત્રણ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે આ મુજબ હતાં :

(૧) નેતૃત્વ વર્તન વર્ણન પ્રશ્નાવલિ (LBDQ), જેને હાલ્પીન અને વીનર દ્વારા, વિકસાવવામાં આવી હતી અને દેખતાવાળા દ્વારા ગુજરાતીમાં ભાષાંતરિત કરવામાં આવી હતી.

(૨) ડૌંગ અને દેખતાવાળા દ્વારા વિકસાવવામાં અને યથાર્થીકૃત કરવામાં આવેલ સંસ્થાકીય સ્વાસ્થ્ય વર્તન પ્રશ્નાવલિ. અને

(૩) છેલ્લાં ત્રણ વર્ષની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષાઓના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો આ પ્રશ્નાવલિઓ સ્વનિવેદન પંચપદીલિકર્ટ માપદંડો પ્રકારની હતી. સંશોધનકારે આ અભ્યાસના સંદર્ભમાં પ્રશ્નાવલિઓની વિશ્વસનિયતા અને યથાર્થતાને પ્રસ્થાપિત કરી હતી. માહિતીની પૃથ્થકરણ માટે આવૃત્તિ વિસ્તરણ, સરાસરી, પ્રમાણ વિચલન અને સહસંબંધનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) માધ્યમિક શાળાના આચાર્યોનું નેતૃત્વ શાળાઓના સંસ્થાકીય સ્વાસ્થ્ય સાથે હકારાત્મકપણે અને સાર્થકપણે સંબંધિત હતું. શાળાઓના કદ, પ્રકાર અને

વિસ્તાર તથા આચાર્યોના અનુભવને ગણતરીમાં લીધા વિના નેતૃત્વના કાર્યલક્ષી અને વિચારણાલક્ષી પરિણામો અને સંસ્થાકીય સ્વાસ્થ્યનાં દસ પરિણામો માટે આ સંબંધ હકારાત્મક અને સાર્થક હતો. પરંતુ આ સંબંધ ગુજરાતી માધ્યમની અને બિન-સરકારી શાળાઓના કિસ્સાઓમાં જ માત્ર હકારાત્મક હતો.

(૨) સામાન્ય રીતે, આચાર્યોનું નેતૃત્વ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે જ હકારાત્મકપણે અને સાર્થકપણે સંબંધિત ન હતું.

(૩) શાળાઓનું સંસ્થાકીય સ્વાસ્થ્ય માત્ર ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે જ હકારાત્મકપણે અને સાર્થકપણે સંબંધિત હતું અને મોટા ભાગના કિસ્સાઓમાં, આ સંબંધમાં શાળાઓના પ્રકાર, કદ, સંચાલન, વિસ્તાર અને માધ્યમ તથા આચાર્યોના અનુભવની કોઈ ભૂમિકા ન હતી.

**૨.૨.૮ જાની, જી. કે. (૧૯૯૬)[૮] "અમદાવાદ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોની વહિવટી તરાહ"**

આ અભ્યાસ ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે હાથ ધરવામાં આવ્યો હતો.

**આ સંશોધનનાં મુખ્ય હેતુઓ આ મુજબ હતાં.**

(૧) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોની વહિવટી તરાહનો અભ્યાસ કરવો.

(૨) આચાર્યોની વહિવટી અસરકારકતા અને આચાર્યોને લગતાં ચલો જેવાં કે તેમની વય, શૈક્ષણિક લાયકાત અને અનુભવ વચ્ચેના સહસંબંધનો અભ્યાસ કરવો.

---

[૮] જી. કે. જાની, અમદાવાદ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોની વહિવટી તરાહ. અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી ૧૯૯૬

(૩) આચાર્યોની અસરકારકતા અને સંસ્થાકીય ચલો જેવાં કે, વિસ્તાર, પ્રકાર, સંચાલન, સ્થિતિ, કર્મચારીઓની સંખ્યા, પરિણામો વગેરે વચ્ચેનો સહસંબંધનો અભ્યાસ કરવો. કસોટી માપ માટે શૂન્ય ઉત્કલ્પનાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી પ્રયુક્તિ દ્વારા અમદાવાદ જિલ્લાની ૨૨૫ શાળાઓ (૧૧૦ ગ્રામ્ય અને ૧૧૫ શહેરી વિસ્તારોમાંથી) પસંદ કરીને નમૂનો બનાવવામાં આવ્યો હતો. માહિતી એકત્રીકરણ માટે સંશોધનકર્તાએ પ્રો. રેડ્ડીન (Reddin) દ્વારા રચિત વહિવટી અસરકારકતા ના 3-D સિદ્ધાંત પર આધારિત શૈક્ષણિક અસરકારકતા રીતભાત નિદાન કસોટીનો ઉપયોગ કરીને શૈક્ષણિક વહિવટી તરાહ અસરકારકતાની સ્વ-પ્રત્યક્ષીકૃત (Self-Perceived) કસોટી વિકસાવી હતી. માહિતીના તરાહવાર અને અસરકારકતાવાર કોષ્ટક બનાવવામાં આવ્યાં હતાં.

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના આચાર્યોની વહિવટી તરાહો એક સમાન હતી, એટલે કે નોકરશાહી, વિકાસકર્તા, પરોપકારી સત્તાધારી અને કાર્યપાલક

(૨) વય, લાયકાત અને વધુ અનુભવ ધરાવતાં આચાર્યોની અસરકારકતાનો સહસંબંધ સાર્થક ન હતો.

(૩) શાળાનો વિસ્તાર, શાળાનો પ્રકાર, આચાર્યોની સ્થિતિ અને શાળાના કર્મચારીઓની સંખ્યા સાથે આચાર્યોની અસરકારકતાનો સહસંબંધ સાર્થક જોવા મળ્યો હતો જ્યારે કે શાળાની કક્ષા, શાળાનો સમય, શાળા સંચાલનનો પ્રકાર, જાહેર પરીક્ષામાં વિદ્યાર્થીઓની વિદ્યાકીય સિદ્ધિ સાથે આચાર્યોની અસરકારકતાનો સહસંબંધ બિન-સાર્થક જોવા મળ્યો હતો.

(૪) ગ્રામ્ય વિસ્તારોમાં ૯૩% આચાર્યોમાં સૌથી વધુ અસરકારકતા હતી અને શહેરી વિસ્તારોમાં ૭૭% આચાર્યોમાં સૌથી વધુ અસરકારકતા જોવા મળી હતી.

(૫) રીતભાત પાશ્ચાકૃતિ રજૂઆત (Style Profile Presentation) દર્શાવતી હતી કે તમામ આચાર્યોને વધુ અસરકારક તરાહોથી પ્રભાવિત અને સહાયિત હતી. આચાર્યો ઓછી અસરકારક તરાહોનો અસ્વીકાર કરતા હતા.

**૨.૨.૯ કૈશન, શિતલજીત સિંધ (૧૯૯૭)[૯] "સંસ્થાકીય વાતાવરણ, શિક્ષક કાર્યસંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની આગાહીમાં માધ્યમિક શાળાઓના આચાર્યોના નેતૃત્વ વર્તનના મધ્યસ્થીઓ તરીકે સામાજિક મનૌવૈજ્ઞાનિક ગુણધર્મો."**

આ અભ્યાસ કુરુક્ષેત્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે હાથ ધરવામાં આવ્યો હતો.

**આ સંશોધનના ઉદ્દેશો આ મુજબ હતા**

(૧) LBDQ - Form XIના વિવિધ પરિણામો પર માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનના સારની શોધ કરવી.

(૨) માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો અને દરેકના વિવિધ સામાજિક-મનોવૈજ્ઞાનિક ઘટક વચ્ચેના સંબંધને શોધવો.

(૩) માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તમાન વિવિધ પરિણામો અને શાળાના સંસ્થાકીય વાતાવરણનાં દરેક પરિણામો વચ્ચેના સંબંધને શોધવો.

(૪) માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તમાનનાં વિવિધ પરિણામો અને શિક્ષક કાર્યસંતોષ વચ્ચેના સંબંધને શોધવો.

(૫) માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેના સંબંધને શોધવો.

---

[૯] કૈશન, શિતલજીત સિંધ "સંસ્થાકીય વાતાવરણ, શિક્ષક કાર્યસંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની આગાહીમાં માધ્યમિક શાળાઓના આચાર્યોના નેતૃત્વ વર્તનના મધ્યસ્થીઓ તરીકે સામાજિક મનૌવૈજ્ઞાનિક ગુણધર્મો." અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, કુરુક્ષેત્ર યુનિવર્સિટી ૧૯૯૭.

(૬) માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો અને આચાર્યોના વિવિધ સામાજિક-મનોવૈજ્ઞાનિક ઘટકો પર મધ્યસ્થી કર્યા પછીના શાળા સંસ્થાકીય વાતાવરણના દરેક પરિણામ વચ્ચેના સંબંધને શોધવો.

(૭) માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો અને આચાર્યોના વિવિધ સામાજિક-મનોવૈજ્ઞાનક ઘટકો પર મધ્યસ્થી કર્યા પછીના શિક્ષકકાર્ય સંતોષ વચ્ચેનો સંબંધ શોધવો.

(૮) માધ્યમિક શાળા આચાર્યોના નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો અને આચાર્યોના વિવિધ સામાજિક-મનોવૈજ્ઞાનિક ઘટકો પર મધ્યસ્થી કર્યા પછીની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેના સંબંધને શોધવો.

(૯) નેતૃત્વ વર્તનના વિવિધ સાર્થક પરિણામોમાંથી શાળા સંસ્થાકીય વાતાવરણના દરેક પરિણામની આગાહી કરવા માટે નિયત સંબંધ સમીકરણ (regression equation) સ્થાપવું. નેતૃત્વ વર્તનનાં વિવિધ સાર્થક પરિણામોમાંથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના આગાહી માટે નિયત સંબંધ સમીકરણ સ્થાપવું.

**આ સંશોધનની ઉત્કલ્પનાઓ આ મુજબ હતી.**

(૧) માધ્યમિક શાળાના આચાર્યો નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો પર સમધારણપણે વિસ્તરીત છે.

(૨) માધ્યમિક શાળાઓના આચાર્યોના સામાજિક-મનોવૈજ્ઞાનિક ગુણધર્મો નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો સાથે સાર્થક સંબંધ ધરાવે છે.

(૩) નેતૃત્વ વર્તનના વિવિધ પરિણામો અને શાળા સંસ્થાકીય વાતાવરણનાં દરેક પરિણામો વચ્ચે સાર્થક સંબંધ પ્રવર્તે છે.

(૪) નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો વચ્ચે સાર્થક સંબંધ છે.

(૫) નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો અને વિદ્યાર્થીઓની શૈક્ષમિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ પ્રવર્તે છે.

(૬) વિવિધ સામાજિક-મનોવૈજ્ઞાનક ઘટકો પર મધ્યસ્થી કર્યા પછીના નેતૃત્વ પરિવર્તનનાં વિવિધ પરિણામો અને શાળા સંસ્થાકીય વાતાવરણના દરેક પરિણામ વચ્ચે સાર્થક સંબંધ છે.

(૭) વિવિધ સામાજિક-મનોવૈજ્ઞાનિક ઘટકો પર મધ્યસ્થી કર્યા પછીના નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિણામો અને શિક્ષક કાર્યસંતોષ વચ્ચે સાર્થક સંબંધ છે.

(૮) વિવિધ સામાજિક મનોવૈજ્ઞાનક ઘટકો પર મધ્યસ્થી કર્યા પછીના નેતૃત્વ વર્તનનાં વિવિધ પરિમાણો અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ છે.

(૯) નેતૃત્વ વર્તનનાં સાર્થક પરિણામો શાળા સંસ્થાકીય વાતાવરણના સાર્થક આગાહીકર્તા છે.

(૧૦) નેતૃત્વ વર્તનનાં સાર્થક પરિણામો વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સાર્થક આગાહીકર્તા છે.

આ અભ્યાસનાં વ્યાપવિશ્વમાં મણિપુર રાજ્યના મણિપુર માધ્યમિક શિક્ષણ બોર્ડ હેઠળની તમામ માધ્યમિક શાળાઓનો સમાવેશ થતો હતો. ઉપર જણાવેલ વ્યાપવિશ્વમાંથી મણિપુરના પાંચ જિલ્લાઓ - ઈમ્ફાલ, વિષ્ણુપુર, ચુરાચંદપુર, થૌબળ અને ચંદેલ જિલ્લાઓમાંથી ૫૦ શાળાઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવી હતી. આ ૫૦ શાળાઓનામાંથી આ અભ્યાસનાં પાત્રો તરીકે ૫૦ આચાર્યો અને ૫૧૦ શિક્ષકોને યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા. ઉપયોગમાં લેવામાં આવેલ સાધનો આ મુજબ હતાં :

(૧) સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવેલ આચાર્યો પશ્ચાદ્‌ભૂમિકા માહિતી પત્રક,

(૨) આર. બી. કેટલ અને એચ. ડબલ્યુ. ઈબર દ્વારા વિકસાવવામાં આવેલ સોળ વ્યક્તિત્વ ઘટક પ્રશ્નાવલિ ફોર્મ - A (16PF-Form A),

(૩) આર. એમ. સ્ટોગડીલ દ્વારા વિકસાવામાં આવેલ નેતૃત્વ વર્તન વર્ણન પ્રશ્વાનલિ ફોર્મ XI

(૪) એમ.ફિલ. શર્માની શાળા સંસ્થાકીય વાતાવરણ વર્ણન પ્રશ્નાવલિ

(૫) શિક્ષક કાર્યસંતોષ પ્રશ્નાવલિ અને

(૬) મણિપુર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ૧૯૯૬ના વાર્ષિક અહેવાલમાંથી નોંધેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ. માહિતીનું પૃથક્કરણ આ મુજબ કરવામાં આવ્યું હતું :

(૧) સરાસરી, મધ્યસ્થ, પ્રમાણવિચલન, અને વિતરણ વિષમતા (Skewness) અને ઘંટાકાર વિરૂપતા (Kurtosis)

(૨) પરિબળ ગુણાકાર સહસંબંધ અને બિંદુ દ્વિશ્રેણિક સહસંબંધાંકો

(૩) વિભાગીય સહસંબંધાક

(૪) નિયત સંબંધ સમીકરણ અને તેમની પ્રમાણભૂલો.

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) આ અભ્યાસમાં સમાવિષ્ટ માધ્યમિક શાળાના આચાર્યો, સરેરાશ રીતે તેમનાં જૂથોના પ્રતિનિધિ તરીકે અવારનવાર બોલતા અને વર્તતા હતા. વિવાદાસ્પદ માગણીઓમાં સમાધાન કરતા હતા અને આ પદ્ધતિની ગેરવ્યવસ્થાઓને ઘટાડવામાં મદદ કરતા હતા. તેઓ અસમંજસતાને અસરકારક રીતે સહન કરતા હતા અને મક્કમતા દર્શાવતા હતા. તેઓ તેમની પોતાની ભૂમિકાઓ વિશે સ્પષ્ટ હતા અને અનુયાયીઓની અપેક્ષાઓને સંતોષતા હતા. તેમના અનુયાયીઓની પહેલ, નિર્ણય અને ક્રિયાની તકો માટે માર્ગ કરતા હતા અને અન્ય લોકો પર નિર્ભર રહેવાને બદલે તેમની પોતાની નેતૃત્વ ભૂમિકાને સક્રિયપણે ભજવતા હતા. તે લોકો તેમના અનુયાયીઓની સુખ-સગવડો, સુખાકારી, દરજ્જા અને યોગદાનોની કદર કરતા હતા અને ઉત્પાદનયુક્ત પરિણામ માટે દબાણ કરતા હતા. તેઓ દૂરંદેશી દર્શાવતા હતા અને પરિણામોની સચોટ આગાહી કરતા હતા. તેઓ નજદીકી સંગઠન ચલાવતા હતા અને સભ્યોના અંદરોઅંદરના સંઘર્ષોને નિવારતા હતા અને તેમના

ઉપરીઓ સાથે સારા સંબંધ જણાતા હતા. તેઓ ઊંચો દરજ્જો પ્રાપ્ત કરવાની પણ ઈચ્છા ધરાવતા હતા.

(૨) સરેરાશપણે આ અભ્યાસમાં સમાવવામાં આવેલ માધ્યમિક શાળા આચાર્યો પ્રસંગોપાત સમગ્ર તરીકેના નેતૃત્વના ગુણો ધરાવતા હતા.

(૩) નેતૃત્વ વર્તનનાં પરિણામો જેવા કે 'પ્રતિનિધિત્વ', ખાતરીપણું, ભૂમિકા ધારણા આલેખ પણ સમધારણ રીતે વિસ્તરતા હતા.

(૪) 'પ્રતિનિધિત્વ' અને બહારજવાપણું (Outgoingness) .૦૫ સ્તરે હકારાત્મકપણે સાર્થક હતા. તેમાં એવું જોવા મળ્યું કે વધુ 'બહારજવાપણું' ધરાવતાં આચાર્યો 'પ્રતિનિધિત્વ' સાથે સારો સંબંધ ધરાવતા હતા.

(૫) બુદ્ધિ અને નેતૃત્વ વર્તનનાં તમામ બાર પરિણામો વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

(૬) 'સાંવેદનિક સ્થિરતા' અને નેતૃત્વના પરિણામો જેવાં કે ખાતરીપણું અને શ્રેષ્ઠતમ અભિમુખતા વચ્ચેનો સહસંબંધ સાર્થક જોવા મળ્યો હતો અને હકારાત્મક સાર્થક સંબંધ જણાતો હતો. ટૂંકમાં કહી શકાય કે 'સાંવેદિકપણે પરિપક્વ' આચાર્યોના નેતૃત્વ વર્તનને ઉપરોક્ત પરિણામો સાથે નજીકનો સંબંધ હતો.

(૭) આગ્રહીપણા જેવું વ્યક્તિત્વ ઘટક સાર્થકપણે જોવા મળ્યું હતું અને તે 'ઉત્પાદન ભાર' (Production Emphasis) સાથે હકારાત્મક સંબંધ ધરાવતું હતું.

(૮) તે એમ સૂચવતું હતું કે વધુ આગ્રહીપણું ધરાવતા આચાર્યો 'ઉત્પાદન ભાર' સાથે નજીકનો સંબંધ ધરાવતા હતા.

(૯) આચાર્યોની વય અને નેતૃત્વ વર્તનના હક આગાહીસૂચક સચોટતા (Predictive Accuracy) જેવા પરિણામ વચ્ચેનો સહસંબંધ સાર્થક જોવા મળ્યું હતો. આચાર્યોની લૈંગિકતા અને નેતૃત્વ વર્તનનાં પરિણામો, જેવાં કે માગણીઓની સમજૂતિ, અચોક્કસતાની સહનશક્તિ, વિચારણા, ઉત્પાદન

ભાર, એકત્રીકરણ અને સમગ્ર તરીકે નેતૃત્વ વચ્ચેના સહસંબંધ તેમના શિક્ષકોની કલ્પના મુજબ સાર્થક અને હકારાત્મક જોવા મળ્યાં હતાં. તે એમ સૂચવતાં હતાં કે આચાર્યોની લૈંગિકતા ઉપરોક્ત દર્શાવેલ પરિણામોમાં સારા નેતૃત્વની કામગીરીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતી હતી.

(૧૦) આચાર્યોના શૈક્ષણિક અનુભવ અને અચોક્કસતાની સહનશક્તિ વચ્ચે સાર્થક અને હકારાત્મક સંબંધ હતો. સાર્થક સંબંધનો અર્થ એ થાય કે લાંબો શૈક્ષણિક અનુભવ ધરાવતા આચાર્યોએ તેમના અનુયાયીઓની પહેલ કરવા, નિર્ણય કરવા અને કામ કરવા જેવી બાબતોમાં વધુ સ્વતંત્રતા આપી હતી.

(૧૧) પરંતુ શૈક્ષણિક અનુભવ અને 'ભૂમિકા ધારણા' વચ્ચેનો સંબંધ સાર્થક અને નકારાત્મક હતો. તે એમ સૂચવતું હતું કે વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા આચાર્યો અન્યોને નેતૃત્વ સોંપવાને બદલે તેમની નેતૃત્વ ભૂમિકાને ઓછી અસરકારક રીતે નિભાવતા હતા.

(૧૨) વહિવટી અનુભવ અને કાર્યની પહેલ વચ્ચેનો સહસંબંધ સાર્થક અને હકારાત્મક જોવા મળ્યો હતો. આ પરિણામે દર્શાવ્યું હતું કે લાંબો વહિવટી અનુભવ ધરાવતા આચાર્યો તેમની પોતાની ભૂમિકાને સ્પષ્ટપણે નિભાવતા હતા અને તેઓ જે અપેક્ષા ધરાવતાં તે તેમના અનુયાયીઓને પણ દર્શાવતા હતા. પરંતુ આચાર્યોના વહિવટી અનુભવ અને નેતૃત્વ વર્તનનાં બે પરિણામો, જેવાં કે 'ઉત્પાદન ભાર' અને 'હક આગાહી સૂચક સચોટતા' વચ્ચે સાર્થક અને નકારાત્મક સંબંધ હતો. તે એ સૂચવતું હતું કે વધુ વહિવટી અનુભવ ધરાવતા આચાર્યો ઉત્પાદનાત્મક પરિણામ પર વધુ ભાર આપતા હતા, વધુ દૂરંદેશીપણું દર્શાવતા હતા અને પરિણામોની સચોટતાપૂર્વક આગાહી કરતા હતા.

(૧૩) 'નવરાશ' (Disengagement) અને નેતૃત્વ વર્તનના તમામ બાર પરિણામો તથા સમગ્ર તરીકે નેતૃત્વ વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

(૧૪) અવ્યક્તિકરણ (alienation) અને નેતૃત્વ વર્તનનાં પાંચ પરિણામો જેવાં કે, માંગણીની સમજૂતિ, કાર્ય પહેલ, વિચારણા, હક આગાહીસૂચક સચોટતા અને

એકીકરણ વચ્ચેનો સહસંબંધ હકારાત્મક અને સાર્થક જોવા મળ્યો હતો. ટૂંકમાં, આચાર્યો સહિતના જૂથ વચ્ચેની વર્તન તરાહો જેને ખૂબ ઔપચારિક અને બિનવ્યક્તિગત તરીકે દર્શાવવામાં આવી હતી. તે નેતૃત્વ વર્તનનાં ઉપરોક્ત પરિણામો સાથે ગાઢ રીતે સંબંધિત હતી.

(૧૫) અવ્યક્તિકરણ અને સમગ્ર રીતે નેતૃત્વ વચ્ચેનો સહસંબંધ સાર્થક અને હકારાત્મક હતો. તે એમ સૂચવે છે કે શિક્ષકે અને શિક્ષકો તથા આચાર્યો વચ્ચેની વર્તન તરાહો ત્યારે સારી થઈ શકે કે જ્યારે આચાર્યો સમગ્ર તરીકે નેતૃત્વને રજૂ કરે છે.

(૧૬) વફાદારી (Espirit - Oct.) અને નેતૃત્વ વર્તનનાં સાત પરિણામો જેવાં કે, પ્રતિનિધિત્વ, કાર્ય પહેલ, ભૂમિકા ધારણાં, વિચારણા, ઉત્પાદન પરભાર, હક આગાહીસૂચક સચોટતા અને એકીકરણ વચ્ચે સાર્થક અને હકારાત્મક સંબંધ હતો. તેણે દર્શાવ્યું કે નેતૃત્વ વર્તનનાં ઉપરોકત પરિણામો શિસ્ત નૈતિકતા અને લાગણીઓ સાથે ગાઢપણે સંબંધિત હતાં.

(૧૭) વફાદારી અને સમગ્ર તરીકે નેતૃત્વ વચ્ચે સાર્થક અને હકારાત્મક સંબંધ હોત તેમનો મત એવો હતો કે જ્યારે આચાર્યો સમગ્ર તરીકે નેતૃત્વ વર્તનની જવાબદારી ધરાવતા હતા ત્યારે શિક્ષકોની નૈતિકતા અને લાગણીઓ સારી વર્તાતી હતી.

(૧૮) ઘરોબો (intimacy) (OC4) અને નેતૃત્વ વર્તનનાં તમામ પરિણામો તથા સામગ્રી તરીકે નેતૃત્વ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળ્યો ન હતો.

(૧૯) મનો-શારીરિક વિઘ્ન (Psychophhsical hinderance) (OE5) અને નેતૃત્વ વર્તનનાં બે પરિણામો એટલે કે કાર્ય પહેલ અને એકીકરણ વચ્ચેનો સંબંધ સાર્થક અને નકારાત્મક હતો. તે એવું દર્શાવતું હતું કે ઉપરોક્ત પરિણામોનાં વધુ નેતૃત્વ વર્તન ધરાવતાં આચાર્યો તેમના શિક્ષકો કે જે એવી લાગણી ધરાવતાં હતાં કે તેમના આચાર્યો તેમના પર રોજિંદી ફરજોનો, સંચાલકોની માગણીઓ અને અન્ય બિનજરૂરી વહિવટી જરૂરિયાતોનો ભાર લાદે છે. આવા શિક્ષકો પ્રત્યે ઓછી લાગણી દર્શાવતા હતા.

(૨૦) નિયંત્રણ (Control) અને નેતૃત્વ વર્તનનાં નવ પરિણામો જેવાં કે ભૂમિકા, ધારણા, કાર્યપહેલ, સ્વતંત્રતાની સહનશક્તિ, પ્રતિનિધિત્વ, વિચારણા, ઉત્પાદનભાર, આગાહી સચોટતા, એકીકરણ અને શ્રેષ્ઠતમ અભિમુખતા વચ્ચે સાર્થક અને હકારાત્મક સંબંધ હતો. આનો અર્થ એ થતો હતો કે આચાર્યો સમગ્ર તરીકે નેતૃત્વના ગુણ ધરાવતા હતા તેઓ તેમની શિક્ષકોને નિયંત્રણમાં રાખવામાં સમર્થ હતા.

(૨૧) નેતૃત્વ વર્તનનાં પરિણામો જેવાં કે અસમંજસતાની સહનશક્તિ, ખાતરીપણું અને આગાહી સચોટતા સિવાયના નેતૃત્વ વર્તનનાં તમામ પરિણામો શાળા સંસ્થાકીય વાતાવરણના ‘ઉત્પાદન પર ભાર’ જેવાં પરિણામ સાથે સાર્થક અને હકારાત્મક સંબંધ ધરાવતાં જોવા મળ્યાં હતાં. તેથી તે એવું સૂચવતાં હતાં કે શિક્ષકો પર રાખવામાં આવતું નજીકનું નિરીક્ષણ માત્ર ત્યારે જ જણાતું હતું જ્યારે આચાર્ય નેતૃત્વના ઉપરોક્ત ગુણો ધરાવતા હતા.

(૨૨) અસમંજતાની ‘સહનશીલતા’ અને ‘ખાતરીપણું’ જેવાં પરિણામો સિવાયના નેતૃત્વ વર્તનનાં તમામ પરિણામો માનવીય લાગણી (Humanized Thrust) સાથે સાર્થક અને હકારાત્મક સંબંધ ધરાવતાં જોવા મળ્યાં હતાં. તે એવું દર્શાવતાં હતાં કે “નેતૃત્વ વર્તનનાં ઉપરોક્ત સાર્થક પરિણામો સાથે ગાઢપણે સંબંધિત હતું.”

(૨૩) સમગ્ર તરીકે નેતૃત્વ અને માનવીય લાગણી વચ્ચે સાર્થક અને હકારાત્મક સંબંધ પણ હતો. તે એવું દર્શાવતી હતી કે જે આચાર્યો વધુ સમગ્ર તરીકેનું નેતૃત્વ ધરાવતા હતા. તેઓ પોતાના અંગત ઉદાહરણોથી તેમના શિક્ષકોને વધુ અભિપ્રેરિત કરવાનો પ્રયત્ન કરતા હતા.

(૨૪) આચાર્યોની વય નીચે જણાવેલ વચ્ચેના ગાઢ સંબંધમાં ભૂમિકા ભજવતી હતી :

(૧) પ્રતિનિધિત્વ અને ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી, (૨) કાર્ય પહેલ અને માનવીય લાગણી; (૩) સ્વતંત્રતાની સહનશક્તિ અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણીઓ; (૪) વિચારણા અને

અવ્યક્તિકરણ, મનો-શારીરિક વિઘ્ન, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૫) એકીકરણ અને અવ્યક્તિકરણ, મનોશારીરિક વિઘ્ન, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણીઓ.

(૨૫) આચાર્યોની લૈંગિકતા માગણીની સમજૂતિ અને નિયંત્રણો વચ્ચે સાર્થક મધ્યસ્થી હતી. આચાર્યોની લૈંગિકતાની અસરોથી દૂર કરતાં 'વિચારણા' અને શાળા સંસ્થાકીય વાતાવરણના સાતમા પરિણામ એટલે કે 'ઉત્પાદન પર ભાર' વચ્ચેના સંબંધમાં સાર્થકતાથી લઈને બિન-સાર્થકતા સુધીનું પરિવર્તન જોવા મળ્યું હતું.

(૨૬) આચાર્યોની લૈંગિકતાની અસરોને દૂર કરતાં વિચારણા અને નિયંત્રણો વચ્ચેના હકારાત્મક સંબંધમાં સાર્થકતાના ૦.૫ સ્તરથી લઈને સાર્થકતાનાં .૦૧ સ્તર સુધીનું પરિવર્તન જોવા મળ્યું હતું.

(૨૭) આચાર્યોની લૈંગિકતા નીચે જણાવેલી બાબતો વચ્ચેના સંબંધમાં એક ભૂમિકા ભજવતી હતી. (૧) પ્રતિનિધિત્વ અને નિયંત્રણો, માગણી અને સમજૂતિ અને અવ્યક્તિકરણ (૨) કાર્યપહેલ અને અવ્યક્તિકરણ, મનો-શારીરિક વિઘ્ન, સ્વતંત્રતાની સહનશીલતા અને નિયંત્રણો, ભૂમિકા ધારણા અને નિયંત્રણો, (૩) વિચારણા અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર અને અવ્યક્તિકરણ, નિયંત્રણો, (૪) આગાહીત્મક સચોટતા અને અવ્યક્તિકરણ નિયંત્રણો, (૫) એકીકરણ અને અવ્યક્તિકરણ, મનોશારીરિક વિઘ્ન, નિયંત્રણો, (૬) શ્રેષ્ઠતમ અભિમુખતા અને ઉત્પાદન પર ભાર માનવીય લાગણી, (૭) સમગ્ર તરીકે નેતૃત્વ અને અવ્યક્તિકરણ, નિયંત્રણો,

(૨૮) આચાર્યોના શૈક્ષણિક અનુભવની અસરને સ્થિર કર્યા પછી નીચે જણાવેલ બાબતોની વચ્ચેના સંબંધમાં સાર્થકતાથી લઈને બિનસાર્થકતા સુધીમાં પરિવર્તન જોવા મળ્યું હતું. (૧) માગણીની સમજૂતિ અને અવ્યક્તિકરણ, (૨) ઉત્પાદન પર ભાર અને નિયંત્રણો,

(૨૯) આચાર્યોના શૈક્ષણિક અનુભવને સ્થિર રાખ્યા પછી નીચે જણાવેલ વચ્ચેનો

સંબંધ સાર્થક અને હકારાત્મક હતો : (૧) માંગણીની સમજૂતિ અને માનવીય લાગણી; (૨) કાર્યપહેલ અને અવ્યક્તિકરણ, વફાદારી, નિયંત્રણો અને માનવીય લાગણી; (૩) સ્વતંત્રતાની સહનશીલતા અને નિયંત્રણો, માનવીય લાગણી; (૪) વિચારણા અને વફાદારી, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૫) એકીકરણ અને અવ્યક્તિકરણ, વફાદારી, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી, અને (૬) સમગ્ર તરીકે નેતૃત્વ અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી.

(૩૦) આચાર્યોનો વહિવટી અનુભવ આગાહીસૂચક સચોટતા અને નિકટતા વચ્ચેના સંબંધમાં સાર્થક મધ્યસ્થી હતો.

(૩૧) આચાર્યોના વહિવટી અનુભવની અસરને દૂર કર્યા પછી કાર્ય પહેલ અને વફાદારી વચ્ચે સાર્થકતા અને હકારાત્મક સંબંધમાં પરિવર્તન જોવા મળ્યું હતું.

(૩૨) વહિવટી અનુભવની અસરને સ્થિર રાખ્યા પછી નીચે જણાવેલી બાબતો વચ્ચે સાર્થક અને હકારાત્મક સંબંધ હતો :

(૧) પ્રતિનિધિત્વ અને વફાદારી, (૨) માગણીની સમજૂતિ અને અવ્યક્તિકરણ, (૩) કાર્યપહેલ અને વફાદારી, (૪) ભૂમિકા ધારણા અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, (૫) વિચારણા અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૬) ઉત્પાદન પર ભાર અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૭) આગાહીત્મક સચોટતા અને અવ્યક્તિકરણ, નિયંત્રણો, માનવીય લાગણી; (૮) એકીકરણ અને અવ્યક્તિકરણ વફાદારી; (૯) શ્રેષ્ઠતમ અભિમુખતા અને ઉત્પાદન પર ભાર; (૧૦) સમગ્ર તરીકે નેતૃત્વ અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી;

(૩૩) બહાર જવાપણું (Out goinganess) જેવું આચાર્યોના વ્યક્તિત્વનું ઘટક શ્રેષ્ઠતમ અભિમુખતા અને અવ્યક્તિકરણ વચ્ચેના સંબંધમાં સાર્થક મધ્યસ્થી હતું.

(૩૪) બહારજવાપણાની અસરને સ્થિર રાખ્યા પછી નીચે જણાવેલ વચ્ચેના સંબંધમાં સાર્થકતાથી લઈને બિનસાર્થકતા સુધી પરિવર્તન જોવા મળ્યું હતું. (૧) માગણીની સમજૂતિ અને અવ્યક્તિકરણ, (૨) વિચારણા અને અવ્યક્તિકરણ, ઉત્પાદન પર ભાર,

(૩૫) બહાર જવાપણાની અસરને સ્થિર રાખ્યા પછી .૦૫ સ્તરથી લઈને .૦૧ સ્તર સુધા સાર્થકતા સ્તરમાં પરિવર્તન જોવા મળ્યું હતું અને નીચે જણાવેલ વચ્ચે હકારાત્મક સંબંધ હતો : (૧) પ્રતિનિધિત્વ અને નિયંત્રણો, (૨) કાર્યપહેલ અને અવ્યક્તિકરણ,

(૩૬) નીચે જણાવેલ વચ્ચેના સંબંધમાં ‘બહાર જવાપણા’એ સાર્થક અને હકારાત્મક ભૂમિકા ભજવી હતી. (૧) કાર્યપહેલ અને વફાદારી, ઉત્પાદનભાર, માનવીય લાગણી, (૨) સ્વતંત્રતાની સહનશીલતા અને માનવીય લાગણી, (૩) ભૂમિકા ધારણા અને વફાદારી, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી, (૪) વિચારણા અને નિયંત્રણો, (૫) ઉત્પાદન પર ભાર અને નિયંત્રણો, (૬) આગાહીસૂચક સચોટતા અને અવ્યક્તિકરણ, નિયંત્રણો, (૭) એકીકરણ અને અવ્યક્તિકરણ, મનોશારીરિક વિઘ્ન, નિયંત્રણો માનવીય લાગણી અને (૮) શ્રેષ્ઠત્તમ અભિમુખતા અને અવ્યક્તિકરણ, વફાદારી, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી.

(૩૭) આચાર્યોની બુદ્ધિ (Intelligence) માગણીની સમજૂતિ અને નિયંત્રણો વચ્ચેના સંબંધમાં સાર્થક મધ્યસ્થી હતી.

(૩૮) ‘બુદ્ધિ’ની અસરને સ્થિર રાખતા, નીચે જણાવેલ વચ્ચેના સંબંધમાં સાર્થકતાથી લઈને બિનસાર્થકતા સુધીનું પરિવર્તન જોવા મળ્યું હતું : (૧) માગણીની સમજૂતિ અને અવ્યક્તિકરણ (૨) વિચારણા અને અવ્યક્તિકરણ

(૩૯) બુદ્ધિની અસરને દૂર કર્યા પછી નીચે જણાવેલ વચ્ચેના સંબંધમાં .૦૫ સ્તરથી લઈને .૦૧ સ્તર સુધીની સાર્થકતામાં સ્તરમાં પરિવર્તન જોવા મળ્યું હતું : (૧) પ્રતિનિધિત્વ અને નિયંત્રણો, (૨) વિચારણા અને નિયંત્રણો, (૩) ઉત્પાદન પર ભાર અને નિયંત્રણો,

(૪૦) બુદ્ધિની અસરને દૂર કર્યા પછી નીચે જણાવેલ બાબતો વચ્ચે સાર્થક અને હકારાત્મક સંબંધ હતો : (૧) પ્રતિનિધિત્વ અને વફાદારી, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૨) માગણીની સમજૂતિ અને ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૩) કાર્ય પહેલ અને અવ્યક્તિકરણ, માનવીય લાગણી; (૪) સ્વતંત્રતાની સહનશીલતા અને માનવીય લાગણી; (૫) ભૂમિકા ધારણા અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર માનવીય લાગણી; (૬) વિચારણા અને વફાદારી, ઉત્પાદન પર ભાર; (૭) ઉત્પાદન પર ભાર અને વફાદારી, ઉત્પાદન પર ભાર; (૮) આગાહીત્મક સચોટતા અને વફાદારી નિયંત્રણો; (૯) એકીકરણ અને અવ્યક્તિકરણ, માનવીય લાગણી, (૧૦) સમગ્ર તરીકે નેતૃત્વ અને અવ્યક્તિકરણ, વફાદારી, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર; (૧૧) સાંવેદનિક સ્થિરતા નીચે જણાવેલ બાબતો વચ્ચેના સંબંધમાં સાર્થક મધ્યસ્થી હતી. (૧) માગણીની સમજૂતિ અને નિયંત્રણો, (૨) શ્રેષ્ઠતમ અભિમુખતા અને અવ્યક્તિકરણ,

(૪૧) સંવેદનિક સ્થિરતાની અસરને સ્થિર રાખ્યા પછી વિચારણા અને ઉત્પાદન પર ભાર વચ્ચેના સંબંધમાં સાર્થકતાથી લઈને બિનસાર્થકતા સુધીનું પરિવર્તન હતું.

(૪૨) સંવેદનિક સ્થિરતાની અસરને સ્થિર રાખ્યા પછી નીચે જણાવેલ વચ્ચેનો ગાઢ સાર્થક અને હકારાત્મક સંબંધ જોવા મળ્યો હતો. (૧) પ્રતિનિધિત્વ અને વફાદારી, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી, (૨) માગણીની સમજૂતિ અને અવ્યક્તિકરણ, માનવીય લાગણી; (૩) કાર્યપહેલ અને અવ્યક્તિકરણ, વફાદારી, નિયંત્રણો, માનવીય લાગણી; (૪) સ્વતંત્રતાની સહનશીલતા અને નિયંત્રણો, માનવીય લાગણી; (૫) ભૂમિકા ધારણા અને વફાદારી, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૬) વિચારણા અને અવ્યક્તિકરણ, વફાદારી, નિયંત્રણો (૧૦) શ્રેષ્ઠતમ અભિમુખતા અને નિયંત્રણો અને (૧૧) સમગ્ર તરીકે નેતૃત્વ અને વ્યક્તિકરણ, વફાદારી, નિયંત્રણો

(૪૩) આગ્રહીપણું એ વિચારણા અને ઉત્પાદન પર ભારની વચ્ચેના સંબંધમાં સાર્થક મધ્યસ્થ હતું.

(૪૪) આગ્રહીપણાની અસરને સ્થિર રાખ્યા પછી નીચે જણાવેલ વચ્ચેના ગાઢ સાર્થક હકારાત્મક સંબંધ હતોઃ (૧) પ્રતિનિધિત્વ અને નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૨) માંગણીની સમજૂતિ અને અવ્યક્તિકરણ, ઉત્પાદન પર ભાર, માનવીય લાગણી; (૩) કાર્યપહેલ અને અવ્યક્તિકરણ, (૪) સ્વતંત્રતાની સહનશીલતા અને નિયંત્રણો, માનવીય લાગણી; (૫) આગાહીસૂચક સચોટતા અને અવ્યક્તિકરણ (૬) સમગ્ર તરીકે નેતૃત્વ અને અવ્યક્તિકરણ

(૪૫) નેતૃત્વ વર્તમાનના સાર્થક પરિણામો શાળા સંસ્થાકીય વાતાવરણનાં પરિણામોના સાર્થક આગ્રહીકર્તા હતાં.

(૪૬) શિક્ષક કાર્યસંતોષ અને નેતૃત્વ વર્તનનાં પરિણામો જેવાં કે કાર્યપહેલ, વિચારણા, ઉત્પાદન પર ભાર, આગાહીસૂચક સચોટતા, એકીકરણ અને શ્રેષ્ઠતમ અભિમુખતા વચ્ચે સાર્થક અને હકારાત્મક સંબંધ હતો. સમગ્ર તરીકે નેતૃત્વ શિક્ષક કાર્યસંતોષ સાથે સાર્થક અને હકારાત્મકપણે સંબંધિત હતું.

(૪૭) આચાર્યોની વય આગાહીસૂચક સચોટતા અને શિક્ષક કાર્યસંતોષ વચ્ચે સાર્થક મધ્યસ્થી હતી.

(૪૮) વયની અસરને સ્થિર કર્યા પછી કાર્ય પહેલ અને શિક્ષક કાર્યસંતોષ વચ્ચેના સ્તરને .૦૫ થી .૦૧ સુધી સાર્થકતાના સ્તરમાં પરિવર્તન જોવા મળ્યું હતું.

(૪૯) આચાર્યોની લૈંગિકતા એ પ્રતિનિધિત્વ અને શિક્ષક અને કાર્યસંતોષ વચ્ચેના સંબંધમાં સાર્થક મધ્યસ્થી હતી.

(૫૦) શિક્ષક કાર્યસંતોષ અને નેતૃત્વ વર્તનનાં પરિણામો જેવાં કે, વિચારણા અને એકીકરણ વચ્ચેનો સંબંધ લૈંગિકતાની અસરને દૂર કર્યા પછી ગાઢપણે સાર્થક જોવા મળ્યો હતો.

(૫૧) આગાહીસૂચક સચોટતા અને શિક્ષક કાર્યસંતોષ વચ્ચેના સંબંધમાં શૈક્ષણિક અનુભવ સાર્થક મધ્યસ્થી તરીકે જોવા મળ્યો હતો.

(૫૨) શિક્ષક કાર્યસંતોષ અને નેતૃત્વ વર્તનના પરિણામો જેવાં કે વિચારણા અને એકીકરણ વચ્ચેનો સંબંધ આચાર્યોના શૈક્ષણિક અનુભવની અસરને દૂર કર્યા પછી ગાઢપણે સાર્થક જોવા મળ્યો હતો.

(૫૩) વહિવટી અનુભવની અસરને સ્થિર રાખ્યા પછી શિક્ષક કાર્યસંતોષ અને નેતૃત્વ પરિણામો જેવાં કે વિચારણા, ઉત્પાદન પર ભાર, આગાહીસૂચક સચોટતા અને સમગ્ર તરીકે નેતૃત્વ વચ્ચે ગાઢપણે સાર્થક સંબંધ હતો.

(૫૪) શિક્ષક કાર્યસંતોષ અને નેતૃત્વ વર્તનનાં પરિણામો જેવાં કે સાર્થક મધ્યસ્થી હતું.

(૫૫) આગાહીસૂચક સચોટતા અને શિક્ષક કાર્યસંતોષ વચ્ચેના સંબંધમાં 'બુદ્ધિ' સાર્થક મધ્યસ્થી હતી.

(૫૬) બુદ્ધિની અસરને સ્થિર રાખ્યા પછી શિક્ષક કાર્યસંતોષ અને નેતૃત્વ વર્તનનાં પરિણામો જેવાં કે, વિચારણા, શ્રેષ્ઠતમ અભિમુખતા અને સમગ્ર તરીકે નેતૃત્વ વચ્ચે ગાઢ સંબંધ હતો.

(૫૭) આગાહીસૂચક સચોટતા અને શિક્ષક કાર્યસંતોષ વચ્ચેના સંબંધમાં સાંવેદનિક સ્થિરતા સાર્થક મધ્યસ્થી હતી.

(૫૮) સાંવેદનિક સ્થિરતાની અસરને સ્થિર કર્યા પછી એકીકરણ અને શિક્ષક કાર્યસંતોષ વચ્ચેના સંબંધમાં ગાઢપણે સાર્થક સંબંધ જોવા મળ્યો હતો.

### ૨.૨.૧૦ લથુતા, સી. પી. (૧૯૯૯)[૧૦] "સૌરાષ્ટ્રના માધ્યમિક શાળાના આચાર્યોના થાક (Burn out) અને પરિવર્તનશીલતા વચ્ચેનો સંબંધ".

આ અભ્યાસ ભાવનગર યુનિવર્સિટીમાં પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે હાથ ધરવામાં આવ્યો હતો.

---

[૧૦] સી. પી. લથુતા, "સૌરાષ્ટ્રના માધ્યમિક શાળાના આચાર્યોના થાક (Burn out) અને પરિવર્તનશીલતા વચ્ચેનો સંબંધ". અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી ૧૯૯૯

**આ સંશોધનના મુખ્ય ઉદ્દેશો આ મુજબ હતા.**

(૧) માધ્યમિક શાળા આચાર્યોના થાક (Burn out) અને પરિવર્તનશીલતા વચ્ચેનો સંબંધ તપાસવો.

(૨) આચાર્યોના થાક (Burn out) અને તેમની લૈંગિકતા, રહેણાંક વિસ્તાર, શૈક્ષણિક લાયકાત અને શૈક્ષણિક અનુભવ વચ્ચેનો સંબંધ તપાસવો.

(૩) આચાર્યોની પરિવર્તનશીલતા અને તેમની લૈંગિકતા, રહેણાંક વિસ્તાર, શૈક્ષણિક લાયકાત અને શૈક્ષણિક અનુભવ વચ્ચેનો સંબંધ તપાસવો.

(૪) આચાર્યોના થાક (Burn out) અને પરિવર્તનશીલતા વચ્ચનો સંબંધ તપાસવો.

સૌરાષ્ટ્ર પ્રદેશના ૧૩૫૦ માધ્યમિક શાળાના આચાર્યોના વ્યાપવિશ્વમાંથી તપાસ કર્તાને ૬૪૩ માધ્યમિક શાળાના આચાર્યોના સ્તરીકૃત અને યાદચ્છિક નમૂનાને પસંદ કર્યો હતો. આ નમૂનામાં ૫૪૭ પુરુષો અને ૯૬ મહિલા આચાર્યો હતા. ૪૦૭ આચાર્યો ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૨૩૨ આચાર્યો શહેરી વિસ્તારના હતા. ૨૪૮ આચાર્યોના અન્ય એક નમૂનાને સાધનોના પૂર્વ અભ્યાસ (Pilot Study) માટે પસંદ કરવામાં આવ્યો હતો. ફ્રાઈડમેનના શાળાના આચાર્ય માપદંડ (ESPBS)ની ગુજરાતી આવૃત્તિ અને એમ. મુખોપાધ્યાયના પરિવર્તનશીલતા સંશોધનિકા (MCPI)ની ગુજરાતી આવૃત્તિનો ઉપયોગ કરીને માહિતી એકઠી કરવામાં આવી હતી. બંને સાધનો ૫ પોઈન્ટ લીકર્ટ પ્રકારના ક્રમાંકન (મૂલ્યાંકન) માપદંડો હતા. સંભવિત સાંસ્કૃતિક ઝોકને શોધવા માટે સાધનોનું ભાષાંતર કરવામાં આવ્યું હતું. Classical Test Theory અને વિગત પ્રત્યાચાર સિદ્ધાંત (IRT)ના Rasch Partial Credit Model (RPCM)ના માળખા તળે વિગત પૃથક્કરણ અને વિશ્વસનિયતા તથા યથાર્થતાના અભ્યાસો કરવામાં આવ્યા હતા. માહિતીની પૃથક્કરણ માટે વર્ણનાત્મક અને નિષ્કર્ષાત્મક આંકડાકીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. RPCM આધારિત વિગત અને વ્યક્તિ લક્ષણો, પ્રમાણ ભૂલો, બંધબેસતા આંકો (fit indices) અને વિગત માહિતી વક્રીને વિશિષ્ટ કમ્પ્યૂટર કાર્યક્રમ CREDIT2નો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવ્યા હતા. ઘટક પૃથક્કરણ અને ANOVA અને સાધનોની ગ્રાફ

થિયરી આધારિત એકપરિમાણીયતા માટે અનુક્રમ SPSS અને સાધનોની ગ્રાફ થિયરી આધારિત એકપરિમાણીયતા માટે અનુક્રમે SPSS અને નવનીત રાઠોડના POLYUD કમ્પ્યૂટર પ્રોગ્રામનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં. (૧) બંને સાધનોની વિગતો IRTના PRCM સાથે બંધબેસતી (fit) હતી. અને તેઓ ગુજરાતના સંદર્ભ માટે વિશ્વસનીય અને યથાર્થ હતી. FSPBSના ઘટક પૃથક્કરણના પરિણામો તેની અંગ્રેજી આવૃત્તિમાં ઇઝરાયલી સંસ્કૃતિમાં તુલના કરી શકાય તેવાં હતાં. (૨) સૌરાષ્ટ્રના માધ્યમિક આચાર્યોમાં થાક (Burn out)નું સ્તર નિમ્ન (૧૩%) અને પરિવર્તનશીલતાનું સ્તર ઊંચું (૬૧% જેટલું) હતું. (૩) આચાર્યમાં થાક (Burn Out) તેમના રહેણાંકનાં વિસ્તાર સાથે સંબંધિત હતો. ગ્રામ્ય વિસ્તારના આચાર્યો ઊંચા સ્તરના થાક (Burn out)ને અનુભવતા હતા. થાક (Brun out) આચાર્યોની લૈંગિકતા, શૈક્ષણિક લાયકાત અને અનુભવ સાથે સંબંધિત ન હતો. (૪) આચાર્યોની પરિવર્તનશીલતા તેમની લૈંગિકતા અને રહેણાંક વિસ્તાર સાથે સંબંધિત હતો. મહિલા અને શહેરી આચાર્યો, પરિવર્તન અને સુધારા-વધારાઓ તરફનું વલણ દર્શાવતા હતાં. (૫) આચાર્યોના થાક (Burn out) અને પરિવર્તનશીલતા વચ્ચેનો સાર્થક સહસંબધ ૦.૪૨ હતો.

### ૨.૨.૧૧ સુંદરપ્રેમ (૨૦૦૫)[૧૧] "અમુક વ્યક્તિત્વ અને પર્યાવરણીય ચલોના સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનના અભ્યાસ."

આ અભ્યાસ એમ.ડી. યુનિવર્સિટી (હરિયાણા)માં પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે હાથ ધરવામાં આવ્યો હતો.

---

[૧૧] સુંદરપ્રેમ - અમુક વ્યક્તિત્વ અને પર્યાવરણીય ચલોના સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનના અભ્યાસ. અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, એમ.ડી. યુનિવર્સિટી (હરિયાણા) ૨૦૦૫

**આ સંશોધનના ઉદ્દેશો આ મુજબ હતા.**

(૧) હરિયાણાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંસ્થાકીય વાતાવરણને ઓળખવું અને વર્ગીકૃત કરવું.

(૨) ગ્રામ્ય-શહેરી પરિસ્થિતિઓ, વિદ્યાર્થીઓની લૈંગિકતા અને શાળાના સંચાલનના પ્રકાર સાથે શાળા વાતાવરણના સંબંધની તપાસ કરવી.

(૩) વિવિધ પ્રકારના વાતાવરણની શાળાઓમાં હરિયાણાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના નેતૃત્વ વર્તનનાં પરિણામોનો અભ્યાસ કરવો.

(૪) વિવિધ વાતાવરણ પ્રકારની શાળાઓમાં હરિયાણાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના વ્યક્તિત્વ ઘટકોનો અભ્યાસ કરવો.

(૫) આચાર્યોના નેતૃત્વ વર્તનનાં વિભિન્ન પરિણામો અને શાળાના સંસ્થાકીય વાતાવરણના વિભિન્ન પરિણામો વચ્ચેના સંબંધોની તપાસ કરવી.

(૬) આચાર્યના નેતૃત્વ વર્તનનાં વિભિન્ન પરિણામો અને શાળાના સંસ્થાકીય વાતાવરણ વચ્ચેના સંબંધોની તપાસ કરવી.

(૭) આચાર્યોની વ્યક્તિત્વના વિવિધ ઘટકો અને શાળાના સંસ્થાકીય વાતાવરણનાં વિવિધ પરિણામો વચ્ચેના સંબંધોની તપાસ કરવી.

(૮) આચાર્યના વ્યક્તિત્વના વિવિધ ઘટકો અને શાળાના સંસ્થાકીય વાતાવરણ વચ્ચેના સંબંધોની તપાસ કરવી.

(૯) શાળા વાતાવરણના આગાહીકર્તા (Predictors) તરીકે ઉપયોગમાં લઈ શકાય એવા ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનનાં પરિણામો અને વ્યક્તિત્વના ઘટકોની તપાસ કરવી.

આ અભ્યાસના નમૂનામાં લૈંગિકતા (કુમારો અને કન્યાઓ) વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી) અને સંચાલન (સરકારી અને ખાનગી)ના આધારે ૧૦ જિલ્લાઓમાંથી ૧૦૦ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમાં નીચે જણાવેલ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. (૧) સ્ટોગડીલ (Stogdill) દ્વારા

વિકસાવવામાં આવેલ નેતૃત્વ વર્તન વર્ણનાત્મક પ્રશ્નાવલિ (LBDQ) (૨) મોતીલાલ શર્મા દ્વારા વિકસાવવામાં આવેલ શાળા સંસ્થાકીય વાતાવરણ વર્ણનાત્મક પ્રશ્નાવલિ (SOCDQ) અને (૩) આર.બી. કેટલ (R. B. Cattel) દ્વારા વિકસાવવામાં આવેલ ફોર્મ A પુખ્તો માટેની 16PF કસોટી આ સંશોધનમાં ટકાવારીઓ, સહસંબંધ, પૃથક્કરણ અને t - કસોટીની માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**આ સંશોધનનાં મુખ્ય તારણો આ મુજબ હતાં.**

(૧) ૧૦૦ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી અનુક્રમે ૧૪, ૧૩, ૨૨, ૨૭ અને શાળાઓને તેમના પોતપોતાની કર્મચારીઓ દ્વારા ‘મુક્ત’, ‘સ્વાયત’, ‘પરિચિત’, ‘નિયંત્રિત’, ‘પિતૃક’ અને ‘બંધ’ તરીકે જોવામાં આવતી હતી.

(૨) ‘પિતૃક વાતાવરણની અવારનવાર કલ્પના કરવામાં આવતી હતી. (૨૭%), ત્યારબાદ ‘નિયંત્રિત’ (૨૨%), ‘મુક્ત’ (૧૪%), ‘સ્વાયત’ (૧૪%) અને ત્યાર પછી ‘પરિચિત’ (૧૩%) અને ‘બંધ’ (૧૦%)

(૩) વિવિધ વાતાવરણ પ્રકારોમાં વિસ્તરણના સંદર્ભમાં શહેરી અને ગ્રામ્ય ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

(૪) વિવિધ પ્રકારના વાતાવરણમાં વિસ્તરણના સંબંધમાં સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વચ્ચે સાર્થક તફાવત ન હતો.

(૫) વિવિધ સંસ્થાકીય વાતાવરણમાં વિસ્તરણના પ્રમાણના સંદર્ભમાં કુમાર અને કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વચ્ચે સાર્થક તફાવત ન હતો.

(૬) વિવિધ પ્રકારના વાતાવરણની શાળાઓના આચાર્યો અનુક્રમે LBDQના ચાર પરિણામો જેવાં કે ‘રજૂઆત’, ‘આગ્રહીપણું’, ‘આગાહીત્મક સચોટતા, અને ‘એકીકરણ પર’ સાર્થકપણે તફાવત ધરાવતા ન હતાં.

(૭) વિવિધ વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યો LBDQના બાકીનાં આઠ પરિણામો એટલે કે માગણીની સમજૂતિ, અચોક્કસતાની સહનશીલતા, કાર્યપહેલ, સ્વતંત્રતાની સહનશીલતા, ભૂમિકા ધારણા, વિચારણા, ઉત્પાદન પર ભાર, શ્રેષ્ઠતમ અભિમુખતા પર સાર્થક તફાવત ધરાવતા જોવા મળ્યા હતા.

(૮) 'મુક્ત' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોના કિસ્સામાં 'રજૂઆત' અને 'માગણીની સમજૂતિ'ના સરાસરી પ્રાપ્તાંકો સૌથી ઊંચા હતા, જ્યારે કે 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોના કિસ્સામાં સરાસરી પ્રાપ્તાંકો સૌથી નિમ્ન હતા.

(૯) 'પિતૃક' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોના અચોક્કસતાની સહનશીલતાના સરાસરી પ્રાપ્તાંકો સૌથી ઊંચા અને 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોના કિસ્સામાં સરાસરી પ્રાપ્તાંકો સૌથી નિમ્ન હતા.

(૧૦) 'નિયંત્રિત' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોની 'કાર્ય પહેલ', 'સ્વતંત્રતાની સહનશીલતા', 'ભૂમિકા ધારણા', 'વિચારણા', 'ઉત્પાદન પર ભાર'ના સરાસરી પ્રાપ્તાંકો સૌથી ઊંચા હતા. જ્યારે કે આ પરિણામો પર 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોના 'વિચારણા' સિવાયના પરિણામો પર સરાસરી પ્રાપ્તાંકો સૌથી નિમ્ન હતા.

(૧૧) 'નિયંત્રિત' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોના 'એકીકરણ'ના સરાસરી પ્રાપ્તાંકો સૌથી ઊંચા હતા, જ્યારે કે સરાસરી પ્રાપ્તાંકો સૌથી નિમ્ન હતા.

(૧૨) 'મુક્ત' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યો 'અચોક્કસ સહનશીલતા'ના પરિણામ પર 'નિયંત્રિત', 'પિતૃક' અને 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓથી જુદા પડતા હતા.

(૧૩) 'મુક્ત', 'નિયંત્રિત' અને 'પિતૃક' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યો 'અચોક્કસ સહનશીલતા'ના પરિણામ પર 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાના આચાર્યોથી જુદા પડતા હતા.

(૧૪) 'પિતૃક' અને 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યો 'કાર્યપહેલ'ના પરિણામ પર 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોથી જુદા પડતા હતા.

(૧૫) 'મુક્ત' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યો 'કાર્યપહેલ'ના પરિણામ પર 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોથી જુદા પડતા હતા.

(૧૬) 'સ્વાયત' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોથી જુદા પડતા હતા.

(૧૭) તમામ અન્ય વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યો 'સ્વતંત્રતાની સહનશીલતા'ના પરિણામ પર 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોની જુદા પડતા હતા.

(૧૮) 'મુક્ત' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોથી જુદા પડતા હતા.

(૧૯) 'નિયંત્રિત' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યો 'ઉત્પાદન પર ભાર' પરિમાણ પર 'પિતૃક' અને 'બંધ' વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોથી જુદા પડતા હતા.

(૨૦) 'નિયંત્રિત' વાતાવરણ પ્રકારની શાળાના આચાર્યો, 'શ્રેષ્ઠતમ અભિમુખતા' પરિમાણ પર 'પિતૃક વાતાવરણ' અને 'બંધ વાતાવરણ' પ્રકારની શાળાઓના આચાર્યોથી જુદા પડતા હતા.

(૨૧) વિવિધ વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યો 'બુદ્ધિ'ના ઘટકો સિવાયના 16 PF કસોટીના વિવિધ ઘટકો પર સાર્થકપણે જુદા પડતા ન હતા. આવા કિસ્સાઓમાં શૂન્ય ઉત્કલ્પનાઓને સ્વીકારવામાં આવી હતી.

(૨૨) 'પરિચિત વાતાવરણ' પ્રકારની શાળાઓના આચાર્યો 'બુદ્ધિ'ના ઘટક પર નિયંત્રિત વાતાવરણ પ્રકારની શાળાઓના આચાર્યોથી જુદા પડતા હતા.

(૨૩) શાળા વાતાવરણ અને LBDOનાં તમામ પરિણામો વચ્ચે સાર્થક હકારાત્મક સંબંધ હતો.

(૨૪) 'રજૂઆત અને નિકટતા', 'ઉત્પાદન પર ભાર' અને 'માનવીય લાગણી' વચ્ચે સાર્થક હકારાત્મક સંબંધ જોવા મળ્યો હતો.

(૨૫) 'નિકટતા', 'ઉત્પાદન પર ભાર' અને નિયંત્રણો સાથે 'માંગણીની સમજૂતિ' સાર્થકપણે સંબંધિત જોવા મળી હતી.

(૨૬) ‘અચોક્કસતાની સહનશીલતા’ અને ‘નિયંત્રણો’ વચ્ચે નકારાત્મક સહસંબંધ જોવા મળ્યો હતો. ‘અચોક્કસતાની સહનશીલતા’ અને SOCDOનાં અન્ય પરિણામો વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

(૨૭) સાર્થકતાના ૦.૦૧ સ્તરે ‘આગ્રહીપણું’ નકારાત્મકપણે ‘નિયંત્રણો’ સાથે સંબંધિત જોવા મળ્યું ન હતું.

(૨૮) કાર્યપહેલ એ શાળા વાતાવરણો જેવાં કે અવ્યક્તિકરણ, ‘નિકટતા’, ‘નિયંત્રણો’, ‘ઉત્પાદન પર ભાર’ અને ‘માનવીય લાગણી’ સાથે સાર્થકપણે સંબંધિત જોવા મળેલ હતું. ‘ઉત્પાદન પર ભાર’ના સહસંબંધાંક જે ૦.૦૫ સ્તરે સાર્થક હતો તે સિવાયના તમામ સહસંબંધાંકો ૦.૦૧ સ્તરે સાર્થક હતા. નેતૃત્વ વર્તનનું આ પરિણામ SOCDQના અન્ય પરિણામ સાથે આંકડાકીય રીતે સંબંધિત ન હતું.

(૨૯) ‘સ્વતંત્રતાની સહનશીલતા’ એ શાળા વાતાવરણનાં પરિણામો જેવાં કે નિકટતા (૦.૨૫) અને ‘ઉત્પાદન પર ભાર’ (૦.૩૩) સાથે સાર્થકપણે સંબંધિત હતું. નેતૃત્વ વર્તનનું આ પરિણામ નકારાત્મકપણે અવ્યક્તિકરણ (૦.૨૧), મનો-શારીરિક અવરોધ (-૦.૨૧) અને નિયંત્રણો (-૦.૪૧) સાથે સહસંબંધિત હતું. ‘સ્વતંત્રતાની સહનશીલતા’ અને SOCDQનાં અન્ય પરિણામો નેતૃત્વ વર્તનના આ પરિણામ સાથે સાર્થકપણે સંબંધિત ન હતાં.

(૩૦) LBDQનું ‘વિચારણા’ પરિણામ શાળા વાતાવરણનાં અન્ય પરિણામો જેવાં અવ્યક્તિકરણ, નિકટતા, નિયંત્રણો, ઉત્પાદન પર ભાર, બિનજોડાણ (disengagement) અને માનવીય લાગણી સાથે સાર્થકપણે સંબંધિત ન હતું. વિચારણા અને SOCQDના તમામ અન્ય પરિણામો વચ્ચે સાર્થક સંબંધ જોવા મળ્યો ન હતો.

(૩૧) ‘ઉત્પાદન પર ભાર’ હકારાત્મક અને સાર્થકપણે શાળા વાતાવરણના ‘નિકટતા’

અને માનવીય લાગણીનાં પરિણામો સાથે સંબંધિત હતું. તમામ સહસંબંધાંકો સાર્થકતાના ૦.૦૧ સ્તરે સાર્થક જોવા મળ્યા હતા. અવ્યક્તિકરણ સાર્થક પરંતુ નકારાત્મકપણે નેતૃત્વ વર્તનના આ પરિણામ સાથે સહ-સંબંધિત હતું. આ પરિણામ SOCDOના અન્ય પરિણામો સાથે સાર્થકપણે સંબંધિત ન હતું.

(૩૨) આગાહીત્મક સચોટતા SOCDQના 'નિકટતા', 'ઉત્પાદન ભાર' અને 'માનવીય લાગણી' જેવાં પરિણામો સાથે સાર્થકપણે સંબંધિત હતી. નેતૃત્વનું આ પરિણામ સાર્થક પરંતુ નકારાત્મકપણે 'અવ્યક્તિકરણ' અને 'નિયંત્રણો' સાથે સહસંબંધિત હતું. આ પરિણામ અને SODCQના અન્ય પરિણામોનાં વચ્ચે સાર્થક સંબંધ જોવા મળ્યો ન હતો.

(૩૩) એવું જોવા મળ્યું હતું કે એકીકરણ (નેતૃત્વ વર્તનનું પરિણામ) અનુક્રમે 'નિકટતા', 'માનવીય', 'ઉત્પાદન પર ભાર' અને 'નિયંત્રણો' સાથે સાર્થકપણે સંબંધિત હતું. 'એકીકરણ' અને SOCDQના અન્ય પરિણામો વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

(૩૪) 'શ્રેષ્ઠતમ અભિમુખતા' હકારાત્મકપણે અને સાર્થકપણે 'નિકટતા', 'ઉત્પાદન પર ભાર' અને 'માનવીય લાગણી' સાથે સંબંધિત હતું. 'અવ્યક્તિકરણ' અને 'નિયંત્રણો' સાર્થકપણે પરંતુ નકારાત્મકપણે નેતૃત્વના આ પરિણામ અને SOCDQના અન્ય પરિણામો વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

(૩૫) શાળા વાતાવરણ અને ૧૬ PFના વિવિધ ઘટકો વચ્ચેના સંબંધમાં જોઈએ તો એવું જોવા મળ્યું હતું કે શાળા વાતાવરણ અને 'ઘટક A' (આરક્ષિત વિરુદ્ધ બહાર જવાપણું (outgoing) 'ઘટક C' (લાગણીઓથી અસર પામેલ વિરુદ્ધ સંવેદનિક રીતે સ્થિર 'ઘટક E' (નમ્ર વિરુદ્ધ આગ્રહી), 'ઘટક H' (શરમાળ વિરુદ્ધ સાહસિક), 'ઘટક N' (નિખાલસ વિરુદ્ધ ધૂર્ત), 'ઘટક O' (સૌમ્ય વિરુદ્ધ અસ્વસ્થ), 'ઘટક Q' (રૂઢિચૂસ્ત વિરુદ્ધ પ્રયોગકર્તા),

'ઘટક $Q_3$' (અશિસ્તયુક્ત સ્વ-સંઘર્ષ વિરુદ્ધ નિયંત્રિત) અને 'ઘટક $Q_4$' (વિશ્રામયુક્ત વિરુદ્ધ તણાવયુક્ત) વચ્ચે કોઈ સાર્થક સંબંધ ન હતો.

(૩૬) 'ઘટક B' (ઓછા બુદ્ધિશાળી વિરુદ્ધ વધુ બુદ્ધિશાળી) સાર્થકપણે SOCEQના 'નિકટતા' અને ઉત્પાદન પર ભાર જેવાં પરિણામો સાથે સંબંધિત હતું. વ્યક્તિત્ત્વનું આ ઘટક SOCDQના અન્ય પરિણામો સાથે સાર્થકપણે સંબંધિત ન હતું.

(૩૭) શાળા વાતાવરણ અન 'ઘટક F' વચ્ચે આંકડાકીયરીતે સાર્થક સંબંધ જોવા મળ્યો હતો. વ્યક્તિત્વનું આ ઘટક SOCDQના કોઈપણ પરિણામ સાથે સંબંધિત ન હતું.

(૩૮) શાળા વાતાવરણ નકારાત્મકપણે અને સાર્થકપણે 'ઘટક G' (યુક્તિવાળાં વિરુદ્ધ શુદ્ધ દાનતવાળાં) સાથે સંબંધિત હતું.

(૩૯) શાળા વાતાવરણ અને ઘટક I (જડ બુદ્ધિવાળા વિરુદ્ધ નમ્ર બુદ્ધિવાળા) વચ્ચે સાર્થક નકારાત્મક સહસંબંધ હતો. એવું પણ જોવા મળ્યું હતું કે 'ઘટક I' અને 'વફાદારી' વચ્ચે હકારાત્મક સાર્થક સંબંધ હતો. અન્ય સહસંબંધાંકો આંકડાકીય રીતે સાર્થક ન હતા.

(૪૦) શાળા વાતાવરણ અને 'ઘટક L' વચ્ચે સાર્થક નકારાત્મક સંબંધ જોવા મળ્યો હતો. એવું પણ જોવા મળ્યું હતું કે આ ઘટક અને અવ્યક્તિકરણ, નિયંત્રણો અને 'માનવીય લાગણી' વચ્ચે સંબંધો હતા. આ ઘટક SOCDQના અન્ય પરિણામો સાથે સાર્થકપણે સંબંધિત ન હતું.

(૪૧) શાળા વાતાવરણ અને 'ઘટક M' (વ્યવહારું વિરુદ્ધ કલ્પનાશીલ) વચ્ચે સાર્થક સહસંબંધ હતો. આ ઘટક પણ SOCDQના ચાર પરિણામો જેવાં કે, 'બિનજોડાણ', 'નિકટતા', 'ઉત્પાદન પર ભાર' અને 'માનવીય લાગણી' સાથે હકારાત્મકપણે સંબંધિત હતું. અન્ય સહસંબંધાંકો આંકડાકીય રીતે સાર્થક ન હતાં.

(૪૨) શાળા વાતાવરણ અને 'ઘટક $Q_2$' (જૂથ અવલંબિત વિરુદ્ધ સ્વ-નિર્ભર) વચ્ચે નકારાત્મક સહસંબંધ જોવા મળ્યો હતો. આ ઘટક પણ સાર્થકપણે પરંતુ નકારાત્મકપણે 'મનોવૈજ્ઞાનિક અવરોધ' સાથે સંબંધિત હતું. આ ઘટક અને SOCDQનાં અન્ય પરિણામો વચ્ચે કોઈ સંબંધ ન હતો.

(૪૩) પરાગમનનું વારાફરતી ગુણક ચાવી પૃથક્કરણ શાળા વાતાવરણની આગાહી માટેનાં નીચે જણાવેલ આગાહીકર્તા ચલોમાં પરિણમ્યું હતું. (૧) વિચારણા (નેતૃત્વ વર્તન પરિણામ) (૨) આગાહીત્મક સચોટતા (નેતૃત્વ વર્તન ઘટક); (૩) યુક્તિવાળા વિરુદ્ધ શુદ્ધ દાનતવાળા (વ્યક્તિત્વ ઘટક) (૪) જડ બુદ્ધિવાળા (વ્યક્તિત્વ ઘટક) (૫) વ્યવહારું વિરુદ્ધ કલ્પનાશીલ (વ્યક્તિત્વ ઘટક) (૬) જૂથ-નિર્ભર વિરુદ્ધ સ્વ-નિર્ભર (વ્યક્તિત્વ ઘટક) આ ચલોના જ્ઞાનની મદદથી માપદંડ ચલ, એટલે કે શાળા સંસ્થાકીય વાતાવરણનું ભવિષ્ય કથન કહી શકાય છે.

**૨.૨.૧૨ ચૌધરી, દિપક કે. (૨૦૦૯)[૧૨] "ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તાર નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી વ્યવસ્થાપન સમસ્યાનો અભ્યાસ."**

આ અભ્યાસ ગણપત યુનિવર્સિટી, પીએચ.ડી. શિક્ષણશાસ્ત્ર માટે કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસ ઉત્તર ગુજરાતના કુલ ચાર જિલ્લાઓ (બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પાટણ)ના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી નાની માધ્યમિક શાળાઓના ૨૦૦ આચાર્યો ઉપર હાથ ધરવામાં આવ્યો હતો.

---

[૧૨] દિપક કે. ચૌધરી, ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તાર નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી વ્યવસ્થાપન સમસ્યાનો અભ્યાસ. અપ્રકાશિત પીએચ.ડી. લઘુશોધ નિબંધ, ગણપત યુનિવર્સિટી ૨૦૦૯

**આ સંશોધનનાં મુખ્ય હેતુઓ આ મુજબ હતાં.**

(૧) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી ભૌતિક સગવડો સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૨) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી શૈક્ષણિક સાધન-સામગ્રી સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૩) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી શૈક્ષણિક પ્રક્રિયાઓ સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૪) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી આર્થિક સમસ્યાઓ જાણવી.

(૫) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી શિક્ષકો સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૬) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી વિદ્યાર્થીઓ સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૭) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી વાલીઓ સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૮) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી બિનશૈક્ષણિક કર્મચારીઓ સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૯) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી સંચાલક મંડળ સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૧૦) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી સરકારના વહિવટી તંત્ર સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૧૧) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને

મૂંઝવતી શૈક્ષણિક પરિણામ સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૧૨) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૧૩) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી અન્ય સમસ્યાઓ જાણવી.

(૧૪) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી સૌથી પ્રબળ સમસ્યાઓ શોધવી.

(૧૫) ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની નાની માધ્યમિક શાળાઓના આચાર્યોને મૂંઝવતી સમસ્યાઓના વૈજ્ઞાનિક ઉકેલ સૂચવવા.

**પ્રસ્તુત અભ્યાસના તારણો શાળાઓની વિવિધ પ્રકારની સમસ્યાઓને ધ્યાનમાં રાખી નીચે મુજબ હતા.**

(૧) મોટાભાગની શાળાઓ પાસે પોતાનું મકાન છે. જે પાકું અને હવા ઉજાસવાળું છે. તેમજ મોટાભાગની શાળાઓ એક માળની તથા “L” અને “C” આકારવાળી છે.

(૨) મોટાભાગની શાળાઓમાં કુલ ખંડ ૭થી ૧૦ તથા વર્ગખંડ-૩ આવેલા છે.

(૩) શાળાઓના વર્ગખંડોની સુવિધામાં મોટાભાગની શાળાઓ કાચના બ્લેક બોર્ડ તથા પૂરતા પ્રમાણમાં પાટલીઓ તેમજ હવા અને પ્રકાશની યોગ્ય સુવિધાઓ ધરાવે છે.

(૪) મોટાભાગની શાળાઓ તમામ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં સમાવી શકે છે. તેમજ વધારાના વિદ્યાર્થીઓને વર્ગખંડમાં જ સમાવી દે છે.

(૫) મોટાભાગની શાળાઓમાં આચાર્ય ખંડ અને કાર્યાલય સંયુક્ત આવેલા છે. તેમજ વિશિષ્ટ ખંડો ખૂબ ઓછા જોવા મળે છે.

(૬) મોટાભાગની શાળાઓ ચીલાચાલુ શૈક્ષણિક સાધનો ધરાવે છે. જ્યારે આધુનિક દૃશ્ય-શ્રાવ્ય સાધનો ખૂબ જ ઓછી શાળાઓ પાસે જોવા મળે છે.

(૭) ઘણીખરી શાળાઓ પાસે ગ્રંથાલય અને મોટાભાગની શાળાઓમાં વાચન ખંડ નથી. ગ્રંથાલયમાં ઉપલબ્ધ સાહિત્ય મોટાભાગની શાળાઓમાં ખૂબ જ ઓછું જોવા મળે છે.

(૮) ઘણી શાળાઓમાં પ્રયોગશાળા ખંડ નથી તેમજ મોટાભાગની શાળાના પ્રયોગખંડમાં સાધન-સુવિધા પૂરતાં નથી. જેમાં આધુનિક દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો બિલકુલ અભાવ જોવા મળે છે.

(૯) મોટાભાગની શાળાઓમાં કમ્પ્યૂટર ખંડ નથી તેમજ ઘણી ખરી શાળાઓમાં કમ્પ્યૂટર બિલકુલ નથી જ્યારે કેટલીક શાળાઓમાં કમ્પ્યૂટર નામ માત્રનાં કે ખૂજ જ ઓછા છે.

(૧૦) મોટાભાગની શાળા પાસે રમત ખંડ, ચિત્ર-સંગીત ખંડ નથી તેમજ એક પણ શાળા પાસે સામાજિક વિજ્ઞાન ખંડ નથી.

(૧૧) ઘણીખરી શાળાઓમાં શિક્ષકોની સંખ્યા ૧થી ૪ જોવા મળે છે. જેના આધારે ખ્યાલ આવે છે કે શાળાઓમાં એક શિક્ષકની ખોટ વર્તાય છે. જેની સીધી જ અસર શિક્ષણકાર્ય પર થતી જોવા મળે છે.

(૧૨) મોટાભાગની શાળાઓમાં શિક્ષિકા નથી. જેથી વિદ્યાર્થિનીઓની વિવિધ સમસ્યાઓ ઉકેલવાના પ્રશ્નો સર્જાતા જોઈ શકાય છે.

(૧૩) વિષય મુજબ શિક્ષકોની બાબતમાં શારીરિક શિક્ષણ તથા ચિત્ર વિષયના શિક્ષકો ઓછા છે. જ્યારે કમ્પ્યૂટર અને સંગીત વિષયના શિક્ષકો ખૂબ જ ઓછા કે બિલકુલ નથી.

(૧૪) જે તે વિષયના શિક્ષક ના હોય ત્યારે મોટાભાગની શાળાઓ અન્ય વિષયના શિક્ષકને તે વિષયની જવાબદારી સોંપી દે છે. જે દર્શાવે છે કે તે વિષયને કોઈપણ શિક્ષક તેની મર્યાદામાં જ ન્યાય આપી શકે તેની સીધી જ અસર વિદ્યાર્થીઓના શિક્ષણ અને પરિણામ પર થાય તે સ્વાભાવિક છે.

(૧૫) મોટાભાગની શાળાઓ શિક્ષિકાના અભાવે સમસ્યાઓ અનુભવે છે. જેમાં ખાસ કરીને છોકરીઓના શારીરિક પ્રશ્નો અને સામાજિક-કૌટુંબિક પ્રશ્નો શાળામાં રજૂ કરી શકાતા નથી. આ ઉપરાંત શિક્ષિકાના અભાવે છોકરીઓ પ્રવાસ તેમજ પર્યટનમાં જોડાતી નથી. ઘણી ખરી શાળાઓના વાલીઓ છોકરીઓને શાળાએ મોકલતાં ખચકાય છે.

(૧૬) લગભગ તમામ શાળાઓ પૂર્ણ અનુદાન મેળવતી છે તેમજ તેમને મળતું અનુદાન પૂરતું નથી.

(૧૭) તમામ શાળાઓના આવકના સ્ત્રોત અનુદાન અને વિદ્યાર્થીઓ પાસેથી મળતી ફી છે. ખૂબ ઓછી શાળાઓ સંસ્થાઓ કે દાતાઓ પાસેથી દાન મેળવે છે.

(૧૮) ખૂબ જ ઓછી શાળાઓ પાસે નાણાં ભંડોળ છે. મોટાભાગની શાળાઓ પાસે આર્થિક ભંડોળ ન હોવાથી અનેક પ્રકારની મુશ્કેલીઓ અનુભવે છે.

(૧૯) જે શાળાઓ પાસે ભંડોળ છે તેમાંથી મોટાભાગની શાળાઓ ભંડોળનો ઉપયોગ પુસ્તકાલય, સહઅભ્યાસ પ્રવૃત્તિ અને સ્પર્ધાઓના આયોજન માટે કરે છે. કેટલીક શાળાઓ સાધન સામગ્રી, ઈનામ વિતરણ અને વિદ્યાર્થીઓને મદદ માટે પણ નાણાં ભંડોળનો ઉપયોગ કરે છે.

(૨૦) મોટાભાગની શાળાઓ નાણાંના અભાવે સહઅભ્યાસ પ્રવૃત્તિનું આયોજન, શૈક્ષણિક સાધનો વસાવવા અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને મદદ ન કરી શકવા અંગેની આર્થિક સમસ્યાઓ અનુભવે છે.

(૨૧) મોટાભાગની શાળાઓ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી સાથે સારા સંબંધો ધરાવે છે.

(૨૨) ઘણીખરી શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તરફથી અનુભવાતી સમસ્યાઓમાં વહિવટી કે અન્ય કાર્યો માટે ભારણ, શાળા કાર્યોને મંજૂરીમાં વિલંબ, ફરિયાદ અને પ્રશ્નોનો ધીમો નિકાલ તથા પગાર કે વિવિધ બિલોની ચૂકવણીમાં વિલંબ વગેરે જોવા મળે છે.

(૨૩) ઘણી શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તરફથી અનુભવાતી સમસ્યાઓમાં અનિયમિત અધિક્ષણ અને ઓડિટ, શિક્ષકોને તાલીમ કાર્યક્રમોમાં મોકલવા દબાણ, બિનજરૂરી પૂછપરછ અને સૂચનો વગેરે જોવા મળે છે.

(૨૪) આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તરફથી અનુભવાતી અન્ય સમસ્યાઓમાં જરૂરી કાર્યો કરવામાં ઢીલી નીતિ, શિક્ષકની ભરતી માટે લાંબી અને કંટાળાજનક પ્રક્રિયા, વિવિધ વહિવટી કાર્યોમાં શિક્ષકોને રોકી લેતા અભ્યાસક્રમ પૂર્ણ કરવાની મુશ્કેલી, એકની એક માહિતી તાત્કાલિક અને વારંવાર માગવી વગેરે જોવા મળે છે.

(૨૫) મોટાભાગની શાળાઓમાં સહઅભ્યાસ પ્રવૃત્તિ માટે અલગ તાસનું આયોજન છે. તેમજ શાળાઓમાં રમત સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો, બાહ્ય પરીક્ષાઓનું આયોજન, પ્રવાસ, વાર્ષિક દિન ઉજવણી વગેરે જેવી પ્રવૃત્તિઓ યોજાય છે.

(૨૬) કેટલીક શાળાઓ કેરિયર કોર્નર, બાલ ઉર્જાદિન, ગ્રામ સફાઈ, વ્યસન મુક્તિ, વૃક્ષારોપણ, વહેમ-અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમો વગેરે જેવી પ્રવૃત્તિઓ કરે છે.

(૨૭) મોટાભાગની શાળાના પરિણામ ઈ.સ. ૨૦૦૨-૦૩ થી ઇ.સ. ૨૦૦૪-૦૫ સુધીના ગાળામાં ૩૦ % કે તેથી ઓછા જોવા મળે છે.

(૨૮) ઈ.સ. ૨૦૦૫-૦૬ થી ઈ.સ. ૨૦૦૬-૦૭ સુધીના ગાળામાં મોટાભાગની શાળાના પરિણામ ૫૧ % કે તેથી વધુ જોવા મળે છે. જેના પરથી ખ્યાલ

આવે છે કે શરૂઆતના ત્રણ વર્ષની તુલનાએ છેલ્લાં બે વર્ષમાં પરિણામમાં સુધારો થયો છે.

(૨૯) ઘણી ખરી શાળાઓનું ધોરણ-૧૦ (એસ.એસ.સી.)નું પરિણામ બોર્ડના પરિણામથી ઓછું આવે છે.

(૩૦) શાળાના ધોરણ-૧૦ના નબળાં પરિણામ માટેનાં કારણોમાં મોટાભાગની શાળાઓ વિદ્યાર્થીઓ અને વાલીઓને જવાબદાર ગણે છે.

**શાળા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી તેમજ નાની હોવાથી અનુભવાતી વિશિષ્ટ સમસ્યાઓ :**

શાળા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી તથા નાની હોવાથી અનુભવાતી વિશિષ્ટ સમસ્યાઓમાં દાન ન મળવાથી સગવડો વધારી શકાતી નથી, ભૌતિક સુવિધાના અભાવે શિક્ષણકાર્ય પર અસર, શૈક્ષણિક સાધન સુવિધાના અભાવને કારણે શિક્ષણ કાર્ય પર અસર, ખૂબ જ નબળા વિદ્યાર્થીઓ જેમને ધોરણ-૮માં કક્કો અને એબીસીડી શીખવવા પડે છે, વિદ્યાર્થીઓ આર્થિક અને સામાજિક રીતે ખૂબ જ પછાત છે, વિદ્યાર્થીઓ મજૂરીએ જતા હોવાથી શાળામાં અનિયમિત, વાલીઓને બાળકોના શિક્ષણની ખબર જ હોતી નથી. વાલીઓ નિરક્ષર અને અજાગૃત, વિદ્યાર્થીઓ પાસે અભ્યાસ માટેના સાધનો તથા સાહિત્ય હોતું નથી. વિદ્યાર્થીઓ ઘરે ગયા પછી વાચન કે લેખન બિલકુલ કરતા નથી, રૂઢિચુસ્ત વાલીઓ છોકરીઓને શાળાએ મોકલતા નથી, વિદ્યાર્થીઓ નબળા હોવાથી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જોડાતા નથી, શાળા પાસે ભંડોળ નથી અને ગ્રાંટ ખૂબ ઓછી મળતી હોવાથી અનેક પ્રશ્નો અનુભવાય છે, ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા માટે દૂરના સ્થળે કેન્દ્ર હોવાથી વિદ્યાર્થીઓ મુશ્કેલી અનુભવે છે, વગેરે જેવી સમસ્યાઓ અનુભવે છે.

## ૨.૩ પૂર્વે થયેલા સંશોધનોના તારણોની સમીક્ષા

ઉપર રજૂ કરેલ સંશોધનોના સારના સમીક્ષાત્મક તારણો નીચે પ્રમાણે છે.

આગળ રજૂ કરેલ સંશોધનસાર પૈકી ૪ ગુજરાત રાજ્ય બહારના જ્યારે બાકીના ૯ સંશોધનો ગુજરાત રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીના છે.

આ સંશોધનોની સૈદ્ધાંતિક સમીક્ષા કરતાં જાણવા મળેલ વિગતો નીચે પ્રમાણે હતી.

★ આચાર્યાને શાળાની ભૌતિક સુવિધાઓ તેમજ સરકારી નીતિઓના લીધે ઉદ્‌ભવતી વહિવટી સમસ્યાઓ સંબંધિત વિગતો વિશેષ જોવા મળી હતી.

★ મોટાભાગના સંશોધનોમાં સંશોધકે પોતે સંશોધન વિષયને અનુરૂપ ઉપકરણની રચના કરી હતી.

★ સંશોધનોમાં તૈયાર ઉપકરણો ઓછા વાપરવામાં આવ્યા હતા.

★ સંશોધનોમાંથી તમામ સંશોધનોના અભ્યાસો સર્વેક્ષણ પ્રકારના હતા.

★ સંશોધન ઉપકરણમાં શાળાની ભૌતિક સુવિધા અને શાળા વહિવટી સંબંધિત બાબતોનો વધારે સમાવેશ કરવામાં આવ્યો હતો.

★ બધા જ સંશોધનોમાં પરંપરાગત આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરી વિશ્લેષણ કરવામાં આવ્યુ હતું.

સંશોધનનો સમયગાળો ૧૯૭૮થી ૨૦૦૯ સુધીનો હતો.

## ૨.૪ પ્રસ્તુત અભ્યાસની વિશેષતાઓ

(૧) ગુજરાત રાજયની માધ્યમિક શાળાઓમાં શાળાના વહિવટી વડાના હોદ્દાઓ ઉપર આચાર્યાની ચાવીરૂપ ભૂમિકામાં જે મહિલાઓ કાર્યરત છે તેમને ધ્યાનમાં રાખીને કોઈ સંશોધન થયેલ ન હતું. આ સંશોધન નિર્ણાયક ભૂમિકામાં તેમજ નેતૃત્વ પ્રદાન કરવામાં મહિલાઓની ભાગીદારી વધારવાના થતા જૂજ પ્રયાસોમાંનો એક પ્રયાસ છે.

(૨) પ્રસ્તુત સંશોધનના ઉપકરણમાં માધ્યમિક શાળાઓની સંસ્થાકીય અને વહિવટી ઘટકો સંબંધિત સમસ્યાઓ ઉપરાંત અન્ય ઘટકોનો પણ સમસ્યા નિર્ધારણમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

(૩) પ્રસ્તુત અભ્યાસમાં સૌપ્રથમવાર આચાર્યા (Women Principal)ની સમસ્યાને કેન્દ્રમાં રાખવામાં આવેલ છે.

(૪) આ અભ્યાસ માટે સંશોધકે વિશેષ ઉપકરણ નિર્મિત કરેલ છે. આ અભ્યાસમાં પંચબિંદુ સમસ્યા માપદંડનો વિનિયોગ કરવામાં આવેલ છે.

(૫) પ્રસ્તુત અભ્યાસના પરિણામે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ માટે વિશ્વસનીય અને યર્થાથ સમસ્યા માપદંડ મેળવી શકાયો હતો.

# પ્રકરણ-૩

# સંશોધનની આધાર શિલાઓ અને સંશોધન યોજના

૩.૦ પ્રસ્તાવના

૩.૧ વિષય ઉદ્‌ગમ

૩.૨ વ્યાપવિશ્વ

૩.૩ નમૂના પસંદગી

૩.૪ સંશોધનનું ક્ષેત્ર

૩.૫ સંશોધનનો પ્રકાર

૩.૬ સંશોધન પદ્ધતિ

૩.૭ સંશોધન ઉપકરણની પસંદગી અને સંરચના

૩.૮ સંશોધન ઉપકરણની વિશ્વસનીયતા અને યથાર્થતા

૩.૯ માહિતી એકત્રીકરણ

૩.૧૦ માહિતીનું પૃથક્કરણ

# પ્રકરણ-૩

# સંશોધનની આધાર શિલાઓ અને સંશોધન યોજના

## ૩.૦ પ્રસ્તાવના

સંશોધન અહેવાલને સામાન્ય વાચક સમજી શકે તે માટે સંશોધન યોજના તૈયાર કરવી જરૂરી છે. આ સંશોધન યોજનામાં સંશોધન પ્રક્રિયાના તબક્કાઓનો નિર્દેશ કરવામાં આવે છે. સંશોધક પૂર્વે થયેલાં સંશોધનોમાંથી પ્રેરણા મેળવી પોતાનો અભ્યાસ સફળ રીતે પૂર્ણ કરવા સંશોધન યોજના બનાવે છે. સુખિયા અને મલ્હોત્રા (૧૯૯૬)[૧] ના જણાવ્યાં પ્રમાણે 'Research has proved to be an essential and powerful too in leading on towards process.'

કોઈ પણ કાર્યની સફળતાનું મૂળ તેના આયોજનમાં રહેલું છે. જો આયોજન પ્રમાણે પ્રવૃત્તિઓ કરવામાં આવે તો તે પ્રવૃત્તિ અસરકારક નીવડે છે. આયોજન દ્વારા જ નિર્ધારિત હેતુઓની સિદ્ધિ કરી શકાય છે.

દેસાઈ એચ.જી. અને દેસાઈ કે.જી. (૧૯૯૭)[૨] ના મતે સંશોધન અહેવાલને સમજવા માટે સંશોધન યોજનાનું વર્ણન અત્યંત જરૂરી છે. વાચક સ્પષ્ટપણે સમજી શકે અને અભ્યાસની પ્રમાણભૂતતા ચકાસવી જરૂરી બને તો સંપૂર્ણ વિગતો મળી રહે તે રીતે આ પ્રકરણ લખવું જોઈએ. સંશોધકે અભ્યાસ દરમિયાન હાથ ધરેલી પ્રવિધિઓનો પણ ઉલ્લેખ થવો જોઈએ.

સંશોધન યોજના એ એક કાર્યબદ્ધ આયોજન છે. જેના દ્વારા વાચકને સંશોધન સમસ્યાની પસંદગી, વ્યાપવિશ્વ, નમૂનાની પસંદગી, અભ્યાસ કાર્યની રૂપરેખા, ઉપકરણની સંરચના માહિતી એકત્રીકરણ અને માહિતી પૃથક્કરણનો ખ્યાલ આવે છે.

---

[1] S.P.S. Sulkhiya, and P.V. Malhotra, ***Elements of Education Research.*** Bombay Field Publications, (Pvt.) Ltd: 1966, p.1.

[૨] એચ.જી. દેસાઈ, અને કે.જી. દેસાઈ. ***સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.*** અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૯૭.

## ૩.૧ વિષય ઉદ્‌ગમ

વિશ્વના અનેક દેશોમાં અને ભારતમાં પણ લોકશાહી રાજ્ય વ્યવસ્થા અમલમાં છે. લોકશાહી પ્રક્રિયામાં જીવાતા જીવનના દરેક ક્ષેત્રમાં દરેક નાગરિક માટે સમાન તકોનું નિર્માણ થવું જોઈએ. તે જ રીતે પ્રત્યેક ક્ષેત્રમાં સ્ત્રીઓ અને પુરુષોનું સમાન પ્રદાન હોવું એવું આવશ્યક છે. જુદા જુદા ક્ષેત્રોમાં સ્ત્રીઓ અને પુરુષોને ઉચ્ચ હોદ્દાઓ ઉપરની નિર્ણાયક ભૂમિકામાં પોતાની શક્તિ અનુસાર પ્રદાન કરવાની સમાન તકો ઉપલબ્ધ થવી જોઈએ. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી છે. વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી છે. વિશેષતઃ શિક્ષણના ક્ષેત્રમાં વિશ્વમાં, ભારતમાં અને ગુજરાતમાં પણ ઉચ્ચ હોદ્દાઓ ઉપરની નિર્ણાયક ભૂમિકામાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. વળી જે મહિલાઓ આવા ઉચ્ચ હોદ્દાઓ ઉપર છે તેમને તેમનાં કાર્યોમાં માત્ર મહિલા હોવાના કારણે કેટલીક સમસ્યાઓ અનુભવાતી જણાઈ છે. સંશોધકને આ વિષયમાં થયેલા કેટલાક સંશોધનોના અભ્યાસ ઉપરથી જણાયું કે ઉચ્ચ હોદ્દાઓ ઉપરની નિર્ણાયક ભૂમિકામાં ફરજ અદા કરવામાં માત્ર મહિલા હોવાને કારણે અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

આ વાસ્તવિકતાથી પ્રેરાઈ સંશોધકે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શાળાના વહીવટી વડા એવા આચાર્યના ઉચ્ચ હોદ્દા ઉપર કાર્યરત એવી મહિલાઓને અનુભવાતી વિવિધ સમસ્યાઓ જાણવા પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

## ૩.૨ વ્યાપવિશ્વ

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ.

સારવાનેલ (૨૦૦૬)[3] મુજબ Population is the aggregate of all units possessing certain specified characteristics on which the sample seeks to draw inferences. સંશોધક જેના વિશે અભ્યાસ હાથ ધરે છે તે જૂથ. ટૂંકમાં, વ્યાપવિશ્વ એટલે એવો સમૂહ જેમાંથી સંશોધન માટેનો નમૂનો પસંદ કરવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપ વિશ્વ તરીકે ગુજરાત રાજ્યની સરકારી અને

[3] Saravanavel. ***Research Methodology.*** Allahabad : Kitab Mahal, 2006, p.189

બિનસરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦માં કાર્યરત આચાર્યાઓ (Women Principal) તેમજ આ માધ્યમિક શાળાઓના શિક્ષણ નિરીક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વ્યાપવિશ્વમાંથી નમૂનો સરળતાથી પસંદ થાય તે અર્થે વ્યાપવિશ્વનું સ્તરીકરણ કરવામાં આવ્યું હતું. જે સારણી ૩.૧માં રજૂ કરવામાં આવ્યું છે.

**સારણી ૩.૧**

**વ્યાપવિશ્વ અને તેનું સ્તરીકરણ**

| ક્રમ | વ્યાપવિશ્વ | સ્તર અને પેટાસ્તર | |
|---|---|---|---|
| ૧. | ગુજરાતના ચાર ઝોન | ૧. | મધ્ય ગુજરાત |
| | | ૨. | ઉત્તર ગુજરાત |
| | | ૩. | દક્ષિણ ગુજરાત |
| | | ૪. | સૌરાષ્ટ્ર અને કચ્છ |
| ૨. | ચાર ઝોનમાંથી | મધ્ય ગુજરાત | ૪ જિલ્લાઓ |
| | પ્રત્યેક ઝોનમાં | ઉત્તર ગુજરાત | ૪ જિલ્લાઓ |
| | આવેલ બધા જ | દક્ષિણ ગુજરાત | ૯ જિલ્લાઓ |
| | જિલ્લાઓ | સૌરાષ્ટ્ર અને કચ્છ | ૮ જિલ્લાઓ |
| ૩. | પ્રત્યક જિલ્લામાં શાળાના વડા આચાર્યા હોય તેવી માધ્યમિક શાળાઓ (૧૭૦ + ૧૪૨ + ૧૬૮ + ૩૮૨) = ૮૬૨ માધ્યમિક શાળાઓ | | |
| ૪. | કુલ નમૂનો | ૮૬૨ આચાર્યાઓ | |
| | | ૨૩૬ શિક્ષણ નિરીક્ષકો | |

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ જિલ્લા દીઠ માધ્યમિક શાળાઓની અને આચાર્યાની વિગતવાર માહિતી પરિશિષ્ટ-૯માં જણાવવામાં આવી છે.

## ૩.૩ નમૂના પસંદગી

સમય, શ્રમ અને નાણાકીય મર્યાદાને કારણે સંશોધક માટે વ્યાપવિશ્વના સમગ્ર પાત્રો પાસેથી માહિતી મેળવવી શક્ય નથી. આથી સંશોધક વ્યાપવિશ્વમાંથી પ્રતિનિધિત્વરૂપ નાનો નમૂનો લઈ અભ્યાસ હાથ ધરે છે.

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાંથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓ કે

જેમાં શાળાના વડા તરીકે આચાર્યા (Women Principal) હોય તેમને સ્તરીકૃત નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

આ માધ્યમિક શાળાઓમાંથી સરકારી અને બિનસરકારી શાળાઓના આચાર્યાઓને યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. તે જ રીતે નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાઓના શિક્ષણ નિરીક્ષકને પણ યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાઓ અને **આચાર્યાઓની યાદી પરિશિષ્ટ-૯** માં રજૂ કરેલ છે. સમયસર માહિતી ઉપલબ્ધ કરનાર પાત્રોને અંતિમ નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા જેની વિગતવાર માહિતી સારણી-૩.૨માં રજૂ કરવામાં આવી છે.

**સારણી - ૩.૨**

**અંતિમ નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાના આચાર્યાઓની સંખ્યા સારણી**

| **પાત્રો** | **સ્વતંત્ર ચલ** | **કક્ષાઓ** | **કુલ** | **કુલ** |
|---|---|---|---|---|
| આચાર્યાઓ | શાળા વિસ્તાર | ગ્રામ્ય | ૩૦૨ | ૫૧૫ |
| | | શહેરી | ૨૧૩ | |
| | શાળાનો પ્રકાર | સરકારી | ૭૪ | ૫૧૫ |
| | | બિનસરકારી | ૪૪૧ | |
| | વહીવટી અનુભવ | ૩ વર્ષથી ઓછો | ૨૦૩ | ૫૧૫ |
| | | ૩ વર્ષ કે તેથી વધુ | ૩૧૨ | |

ગુજરાત રાજ્યની બિનસરકારી (સરકાર અનુદાનિત) તેમજ સરકારી ૮૬૨ શાળાઓના આચાર્યાઓને સમસ્યા માપદંડ મોકલી આપવામાં આવ્યો હતો. ત્યારબાદ અપેક્ષિત માહિતી સમયાવધિમાં પ્રાપ્ત થનાર ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના ૩૦૨ આચાર્યાઓ અને શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓના ૨૧૩ આચાર્યાઓ આમ ૫૧૫ આચાર્યાઓનો સમાવેશ અંતિમ નમૂનામાં થયો હતો. નમૂનામાં ૭૪ સરકારી શાળાઓના આચાર્યાઓ અને ૪૪૧ આર્થિક અનુદાનિત એવી

બિનસરકારી માધ્યમિક શાળાઓના આચાર્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૨૦૩ આચાર્યાઓ ૩ વર્ષથી ઓછો વહીવટી અનુભવ ધરાવતા હતા, જ્યારે ૩૧૨ આચાર્યાઓ ત્રણ વર્ષ કે તેથી વધુ વહીવટી અનુભવ ધરાવતા હતા. આમ કુલ ૫૧૫ આચાર્યાઓનો અંતિમ નમૂનામાં સમાવેશ થયો હતો.

આ ઉપરાંત આચાર્યાઓની સંસ્થાકીય સમસ્યા બાબતે નમૂનામાં પસંદ કરેલ માધ્યમિક શાળાઓમાં નિરીક્ષણ કાર્ય સાથે સંબંધિત શિક્ષણ-નિરીક્ષકોમાંથી સમયસર માહિતી ઉપલબ્ધ થઈ હોય એવા **૧૦૩ શિક્ષણ નિરીક્ષકોનો** અંતિમ નમૂનામાં સમાવેશ થતો હતો.

## ૩.૪ સંશોધનનું ક્ષેત્ર

શૈક્ષણિક સંશોધન સમસ્યા પસંદ કરવા માટે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો વિષે જાણવું તે અગત્યનું છે. એન.સી.ઈ.આર.ટી.નાં પાંચમા સર્વેમાં સંશોધનના વિવિધ ક્ષેત્રો દર્શાવ્યા છે. શૈક્ષણિક સંશોધનના વિવિધ ક્ષેત્રો પૈકી પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શિક્ષણ, શૈક્ષણિક વહીવટ અને સંચાલન તેમજ શિક્ષણના મનોવિજ્ઞાન ક્ષેત્રોને સ્પર્શે છે. સંશોધકની દૃષ્ટિએ મુખ્યત્વે પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક વહીવટ અને સંચાલનના ક્ષેત્ર હેઠળ મૂલવી શકાય.

## ૩.૫ સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું હતુ. સંશોધન અંતર્ગત સમસ્યા માપદંડની રચના કરી, સમસ્યાઓ જાણવામાં આવી હતી.

## ૩.૬ સંશોધન પદ્ધતિ

શાહ (૨૦૦૪)[૪] ના મતે, અર્થપૂર્ણ શૈક્ષણિક સમસ્યાને ઓળખી અને શિક્ષણના કોઈ પણ ક્ષેત્રમાં તેની સંરચના કર્યા બાદ અને કોઈ પણ પ્રકારના સંશોધન સાથે તેનો સંબંધ સ્થાપ્યાં બાદ તેનો ઉત્તર વિવિધ રીતે આપી શકાય છે. સંશોધન કાર્યને સફળ બનાવવા માટે ચોક્કસ કાર્ય યોજના કે કાર્યપ્રણાલીની પસંદગી કરવી અતિ આવશ્યક છે. સંશોધન કાર્યમાં સમસ્યાનું સ્પષ્ટીકરણ થયાં બાદ તેના હેતુઓને

---

[૪] ડી.બી.શાહ ***શૈક્ષણિક સંશોધન,*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૨૦૦૪. પૃ.૨૫

અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે કોઈ એક સંશોધન પદ્ધતિના ઉપયોગની જરૂર પડે છે.

ઉચાટ (૨૦૦૫)[૫] અનુસાર સર્વેક્ષણ પ્રવર્તમાન ઘટનાઓના સંદર્ભમાં અભિપ્રાયો કે પરિસ્થિતિઓનો સર્વે કરવામાં આવે છે. જેના દ્વારા વર્તમાન સમયની પરિસ્થિતિનો તાગ મેળવી શકાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોવાથી પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વર્ષ ૨૦૦૯-૧૦માં કાર્યરત આચાર્યાઓ પાસેથી પ્રતિચાર મેળવવા માટે સર્વેક્ષણ પદ્ધતિ ઉચિત જણાઈ હતી. આમ, સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અભ્યાસને લગતી માહિતી મેળવવામાં આવી હતી. તેથી પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિને સ્પર્શતો હતો.

## ૩.૭ સંશોધન ઉપકરણની પસંદગી અને સંરચના

ઉપકરણ એટલે એવું સાધન જેના દ્વારા સંશોધન કાર્યમાં ઉપયોગી એવી વિશિષ્ટ માહિતી એકત્ર કરી શકાય. સંશોધન કાર્ય માટે સંશોધક દ્વારા પ્રમાણભૂત થયેલું તૈયાર ઉપકરણ વાપરી શકાય અથવા પસંદ કરાયેલ ઘટકોને આધારે ઉપકરણની સંરચના પણ કરી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા માટે સમસ્યા માપદંડ, રચવાનું પસંદ કર્યું હતું. આ સમસ્યા માપદંડ તૈયાર કરવા સંશોધકે આ વિષયોમાં થયેલા અનેક સંશોધનના વિષયવસ્તુ અને ઉપકરણોનો અભ્યાસ કર્યો હતો, જેમાં ચૌધરી, પ્રધાન અને તેલગાંવકર (૨૦૦૦)[૬] ના સંશોધન લેખના તારણોમાં નિર્દેશિત ત્રણ ઘટકોને સમસ્યા વિધાનો નિર્ધારિત કરવામાં દિશા નિર્દેશ તરીકે નક્કી કર્યા હતા.

૧. સામાજિક સાંસ્કૃતિક પરંપરાગત અવરોધો.

૨. સંસ્થાકીય અવરોધો.

---

[૫] દિનેશચંદ્ર. એ. ઉચાટ., ***સંશોધન દર્શન.*** પારસ પ્રકાશન, રાજકોટ, ૨૦૦૫, પૃ.૯

[6] Pradhan S, Talegaonkar V. & Chaudhary R. Barriers and Opportunities for women Educational Managers (Published Reaserch Artical) Women in Educational Management vision and action. First Adtion 2009 Book Enclave p.71

૩. વ્યક્તિત્વ સંબંધિત વલણોથી પેદા થતા અવરોધો.

ઉપરોક્ત ઘટકોને આધારે શાળાના શૈક્ષણિક અને વહીવટી વડાની ચાવીરૂપ ભૂમિકામાં પોતાની શક્તિ અને આવડત અનુસાર ઉત્તમ પ્રદાન કરવાનો ઉત્સાહ, તીવ્ર ઇચ્છા અને પ્રતિબદ્ધતા હોવા છતાં માત્ર મહિલા હોવાના કારણે અવરોધ રૂપ બનતી બાબતોને ધ્યાનમાં રાખી સમસ્યા વિધાનો રચવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં સમસ્યા નિર્ધારણ માટેના ઘટકોના સંદર્ભમાં આચાર્યાઓ વિવિધ સમસ્યાઓ કેટલા પ્રમાણમાં અનુભવે છે તે જાણવા માટે તજ્જ્ઞો સાથે ચર્ચા કર્યા પછી સમસ્યા માપદંડ યોગ્ય સાધન પ્રસ્તુત સંશોધન માટે સંશોધકને લાગ્યુ હતું. આ માટે માપન હેઠળના ઘટકો સંબંધિત સમસ્યાઓ કેટલા પ્રમાણમાં છે તે તપાસવાનું છે. આમ, આ ઘટકોને ધ્યાનમાં રાખી નીચેના સોપાનો અનુસાર સમસ્યા માપદંડની રચના કરવામાં આવી. માપદંડ સંરચનાના સોપાનો આ પ્રમાણે હતા.

૧. વિધાનોનું એકત્રીકરણ, પસંદગી અને પૂર્વ પ્રાથમિક સ્વરૂપના સમસ્યા માપદંડની રચના.
૨. તજ્જ્ઞો દ્વારા વિધાનોની ચકાસણી અને પ્રાથમિક સ્વરૂપના સમસ્યા માપદંડની રચના
૩. ગુણાંકન પદ્ધતિ
૪. સમસ્યા માપદંડની પ્રારંભિક અજમાયશ
૫. અંતિમ સ્વરૂપના સમસ્યા માપદંડની રચના

## ૧. વિધાનોનું એકત્રીકરણ અને પસંદગી

### ૧.૧ વિધાનોનું એકત્રીકરણ

માધ્યમિક શાળાઓમાં કાર્યરત આચાર્યાઓને અનુભવાતી સમસ્યાઓ એ માપદંડની રચના માટે પાયાની જરૂરિયાત હતી. આ સમસ્યા વિધાનો સંશોધક એકલા રચે તેના કરતા કાર્યરત આચાર્યાઓ પાસેથી સમસ્યા વિધાનો મેળવવાનું સંશોધકને યોગ્ય જણાયું. આ માટે સંશોધકે કેટલાંક આચાર્યાઓને પ્રત્યક્ષ મળી. તેઓનો વિશ્વાસ સંપાદન કરવા થોડી ઔપચારિકતાઓ સાથે પોતાના અભ્યાસનો વિષય, અભ્યાસનો

હેતુ વગેરેથી આચાર્યાઓને માહિતગાર કરેલા. ત્યારબાદ આગળ જણાવેલ ઘટકોને ધ્યાનમાં રાખી તેઓને અનુભવાતી સમસ્યાઓ લેખિત સ્વરૂપે આપવા માટે ૧૫ આચાર્યાઓને જણાવેલ. આ માટે આચાર્યાઓને કોરો કાગળ આપવામાં આવેલ હતો. પ્રત્યક્ષ મુલાકાતમાં કોઈ પણ આચાર્યાએ અભિપ્રાય આપવા માટે ના પાડી ન હતી, પરંતુ સમસ્યા વિધાનો લખવા થોડો સમય લીધો હતો. અગિયાર (૧૧) આચાર્યાઓએ તેમને અનુભવાતી સમસ્યા વિધાનોને લેખિત સ્વરૂપમાં આપ્યા હતા જ્યારે ચાર આચાર્યાઓએ મૌખિક રીતે જણાવતા તે વિધાનો સંશોધકે મુલાકાત દરમિયાન જ નોંધી લીધેલ હતા.

### ૧.૨ વિધાનોની પસંદગી

આચાર્યાઓ પાસેથી એકત્ર કરેલ તમામ સમસ્યા વિધાનોનું સંશોધકે પોતે બે થી ત્રણ વાર વાંચન કર્યું હતું. એડવર્ડ્ઝ (૧૯૫૭)[૭] એ સૂચવેલા નીચેના સૂચનોને ધ્યાનમાં લઈ સંશોધકે પૂર્વ પ્રાથમિક સ્વરૂપના ૫૫ વિધાનોવાળા સમસ્યા માપદંડની રચના કરી હતી. જે **પરિશિષ્ટ-૧** માં આપેલ છે.

૧. વર્તમાન કરતા ભૂતકાળનો નિર્દેશ કરનારા વિધાનો ટાળવાં.

૨. જેમાં સનાતન સત્ય કે વાસ્તવિકતાનું અર્થઘટન સ્પષ્ટ હોય તેવા વિધાનો ટાળવાં.

૩. એક કરતા વધુ અર્થઘટનવાળા વિધાનો ટાળવાં.

૪. અપ્રસ્તુત અને અનુમાનિત લાગે તેવા વિધાનો ટાળવાં.

૫. મોટાભાગે દરેકનો સમાન પ્રતિચાર મળે તેવા કે કોઈનો પ્રતિચાર ન મળે તેવાં વિધાનો દૂર કરવા.

૬. સમસ્યાને અસર કરનારી બાબતને સમાવી લે તેવા વિધાનો પસંદ કરવા.

૭. વિધાનોની ભાષા સરળ, સ્પષ્ટ અને પ્રત્યક્ષ રાખવી.

---

[7] Allen, L. Edwards. Technienqs & Attitude scale construction. New York. Appteton Century Craft. 1957

૮. વિધાનો ટૂંકા અને જેનું બંધારણ ૨૦ શબ્દોથી વધુ નહીં, તેવા રાખવા.

૯. મોટેભાગે, હંમેશા, ક્યારેય નહીં, વારંવાર વગેરે રજૂ કરતા શબ્દો વિધાનોમાં દ્વિઅર્થીપણું (અર્થની સંદિગ્ધતા) લાવે છે તેનો ઉપયોગ ટાળવો.

૧૦. ફક્ત, ખરેખર, કેવળ, માત્ર જેવા સમાન અર્થઘટનવાળા શબ્દોના ઉપયોગનો અતિરેક ન થાય તેના કાળજી રાખીને તેવા વિધાનો ટાળવાં.

૧૧. સંયુક્ત કે મિશ્ર વાક્યોને બદલે, શક્ય હોય ત્યાં સુધી વિધાનોને સાદાં વાક્યોનાં સ્વરૂપે રજૂ કરવાં.

૧૨. પ્રતિચાર આપનારને ન સમજાય તેવા શબ્દો દૂર કરવા.

૧૩. વિધાનમાંથી બેવડા નકારાત્મકો દૂર કરવા.

૧૪. સંબંધિત વિષય વસ્તુને અસર કરનારાં ઘટકો નક્કી કર્યા બાદ તેને અનુરૂપ હકારાત્મક અને નકારાત્મક વલણ દર્શાવતાં વિધાનો રચવાનાં હોય છે.

૧૫. પ્રસ્તુત અભ્યાસમાં લિકર્ટ પદ્ધતિ મુજબ દરેક વિધાનો સામે નીચેના વિકલ્પો મૂકવામાં આવ્યા.

૧. પૂર્ણ સંમત　　૨. સંમત

૩. ચોક્કસ નથી　　૪. અસંમત

૫. પૂર્ણ અસંમત

આ રીતે પસંદ થયેલ સમસ્યા વિધાનોને સમસ્યા માપદંડ વધુ સારો બને તે માટે તજ્જ્ઞો દ્વારા વિધાનોની ચકાસણી કરવામાં આવી.

## ૨. તજજ્ઞો દ્વારા વિધાનોની સમીક્ષા

સમસ્યા વિધાનોની રચના અને પ્રારંભિક પસંદગી પછી શિક્ષણમાં નિર્ણાયક ભૂમિકામાં અને વિષયવસ્તુ સમજનાર અનુભવી એવા સંશોધન નિષ્ણાતોને આ સમસ્યા વિધાનો ચકાસવા માટે આપવામાં આવ્યા હતા. તજ્જ્ઞોને આ વિધાનો વિનંતી પત્ર સાથે મોકલાવ્યા હતા. જે **પરિશિષ્ટ-૨**માં રજૂ કરેલ છે.

તજ્જ્ઞોની યાદી આ મુજબ છે.

| | |
|---|---|
| ૧. કિરણબહેન રાજેશ ઓઝા | નાયબ સચિવ, ગુજરાત સરકાર, ગાંધીનગર |
| ૨. ડૉ. પુષ્પાબહેન મોતીયાની | અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ. |
| ૩. એમ.એલ. જોશી | પૂર્વ રીડર, શિક્ષણશાસ્ત્ર ભવન, ગુજરાત યુનિવર્સિટી |
| ૪. નૂતનબહેન અ. રાવલ | પ્રાચાર્ય, જિલ્લા તાલીમભવન, અમદાવાદ. |
| ૫. પુષ્પાબહેન પટેલ | આચાર્યા, સી.કે. પટેલ કન્યા વિદ્યાલય, ગુલાબ ટાવર, અમદાવાદ. |

સંશોધકે ઉપર્યુક્ત તજ્જ્ઞોને વિધાનોની ચકાસણી માટે સમસ્યા વિધાનો મોકલ્યા હતા. બધાના પ્રતિભાવો સમયસર પ્રાપ્ત થયેલા. આવેલા પ્રતિભાવોનો સંશોધકે ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો તથા વિધાન યોગ્ય છે કે સુધારો કરવાનો છે, કયું વિધાન રદ કરવાનું છે તે સંદર્ભે પ્રતિભાવોનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. આ વર્ગીકરણ સારણી ૩.૩ માં રજૂ કરવામાં આવેલ છે.

## સારણી ૩.૩

## તજ્જ્ઞના પ્રતિભાવોનું વર્ગીકરણ

| વિધાનોનો ક્રમ / તજ્જ્ઞ ® પ્રતિભાવ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | યોગ્યતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |
| ૨ | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | રદ |
| ૩ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | સુધારો |
| ૪ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ | રદ |
| ૫ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | રદ |
| ૬ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | રદ |
| ૭ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | રદ |
| ૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૯ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | યોગ્ય |
| ૧૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |
| ૧૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | યોગ્ય |
| ૧૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૧૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૧૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |
| ૧૫ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | સુધારો |
| ૧૬ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | યોગ્ય |
| ૧૮ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૧૯ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૨૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૨૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |
| ૨૨ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | યોગ્ય |
| ૨૩ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | યોગ્ય |
| ૨૫ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | સુધારો |
| ૨૬ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | યોગ્ય |
| ૨૭ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૨૮ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૨૯ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૩૦ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ | યોગ્ય |
| ૩૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |
| ૩૨ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | યોગ્ય |
| ૩૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | યોગ્ય |
| ૩૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | યોગ્ય |
| ૩૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૩૬ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૩૭ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૩૮ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | યોગ્ય |
| ૩૯ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |
| ૪૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૪૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | યોગ્ય |
| ૪૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | યોગ્ય |
| ૪૩ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |
| ૪૪ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | યોગ્ય |
| ૪૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૪૬ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૪૭ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | સુધારો |
| ૪૮ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |
| ૪૯ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | યોગ્ય |

(અહીં ૦ = સુધારો, ૧ = યોગ્ય, ૨ = રદ)

સારણી ૩.૩નું વાંચન કરતા સ્પષ્ટ થાય છે કે કુલ ૪૯ વિધાનોમાંથી ૪૪ વિધાનો તજ્જ્ઞોએ યોગ્ય ઠેરવ્યા હતા. તજ્જ્ઞોએ ૧૨ વિધાનોમાં સુધારાઓ સૂચવ્યા હતા, જ્યારે ૫ વિધાનો રદ કરવા સૂચવ્યું હતુ. આમ ૪૯ વિધાનોમાંથી ૪૪ વિધાનો રહેતા હતા. તજ્જ્ઞોએ કેટલાક અન્ય સૂચનો પણ કર્યા હતા. જે નીચે પ્રમાણે હતા. આ સૂચનોને સંશોધકે ધ્યાનમાં લઈ સમસ્યા માપદંડમાં જરૂરી ફેરફારો કર્યા હતા.

તજ્જ્ઞોએ કેટલાક જે મહત્વપૂર્ણ સૂચનો દર્શાવ્યા હતા તે આ પ્રમાણે છે.

૧. સામાન્ય માહિતીની વિગતોમાં પ્રતિચાર આપનાર ને તેમનું નામ ન લખાવો તો વધુ સારું ગણાય. કારણ કે નામ લખવાને કારણે પાત્રોની આત્મલક્ષિતા આવી જાય છે અને સાચા પ્રતિચારો પ્રાપ્ત થઈ શકતા નથી.

૨. ઘટકોના આધારે જ વિધાનોની રચના કરવી, તેવું પણ સૂચવ્યું હતું.

૩. ઘટકોના આધારે રચાયેલ વિધાનો ઉપર અલગથી ઘટકોનો ઉલ્લેખ ન કરતાં વિધાનોને સાતત્યપૂર્ણ ક્રમ આપવો.

૪. કેટલાક વિધાનો અસ્પષ્ટ જણાતાં તેમા સુધારો કરવા જણાવ્યું.

૫. વિધાનોના અર્થઘટનો સમાન જણાતા હોવાથી વાક્યરચનામાં પરિવર્તન કરવા જણાવ્યું હતું.

પ્રારંભિક અજમાયશ સ્વરૂપના માપદંડને (પરિશિષ્ટ-૪) આખરી ઓપ આપતા પહેલા ઉપર જણાવેલ સૂચનોને આવરી લેવામાં આવ્યા હતા અને સમસ્યા માપદંડમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા હતા. આમ પ્રારંભિક અજમાયશ માટે ૪૪ વિધાનોવાળો સમસ્યા માપદંડ તૈયાર કરવામાં આવ્યો હતો.

**૩. ગુણાંકન પદ્ધતિ :**

સમસ્યા માપદંડનો પ્રારંભિક અજમાયશ માટે ૪૨ આચાર્યાઓને સમસ્યા માપદંડ આપ્યો હતો. તે પહેલા પંચબિંદુવાળા આ માપદંડમાં પાંચ બિંદુઓ ક્રમશઃ

આ પ્રમાણે હતા. પૂર્ણ સંમત, સંમત, ચોક્કસ નથી, અસંમત અને પૂર્ણ અસંમત. આ માપદંડમા દર્શાવેલ દરેક સમસ્યા વિધાન માટે ઉત્તરદાતાએ પસંદ કરેલ સંમતિનાં આ પાંચબિંદુઓને અનુક્રમે ૪, ૩, ૨, ૧ અને ૦ પ્રાપ્તાંક આપવામાં આવ્યા હતા. ઉત્તરદાતાએ સમસ્યા વિધાનની સામે આવેલા બિંદુઓ માટેના પાંચ ખાનાઓમાંથી પોતાની સંમતિની માત્રાને અનુરૂપ એક ખાનામાં Ö ની નિશાની કરીને પોતાનો પ્રતિચાર આપવાનો હતો. વિધાનોના ગુણાંકન અંગેની માહિતી સારણી ૩.૪માં રજૂ કરવામાં આવી છે.

**સારણી ૩.૪**

**સમસ્યા માપદંડના વિધાનોના ગુણાંકન અંગેની માહિતી**

| ક્રમ | વિધાનોની મૂલવણી નિદર્શ | વિધાનોનું ગુણાંકન |
|---|---|---|
| ૧ | પૂર્ણ સંમત | ૪ |
| ૨ | સંમત | ૩ |
| ૩ | ચોક્કસ નથી | ૨ |
| ૪ | અસંમત | ૧ |
| ૫ | પૂર્ણ અસંમત | ૦ |

**૪. સમસ્યા માપદંડની પ્રારંભિક અજમાયશ :**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા રચાયેલા પ્રારંભિક અજમાયશ સ્વરૂપના માપદંડનો યાદચ્છિક રીતે માધ્યમિક શાળાના ૪૨ જેટલા આચાર્યાઓ ઉપર અજમાયશ કરવામાં આવી હતી. આ માપદંડની પ્રારંભિક અજમાયશ કરવાના હેતુઓ નીચે મુજબ હતા.

(૧) માપદંડ રચનામાં પ્રારંભિક કક્ષાએ રહેલી પ્રારંભિક ક્ષતિઓ શોધીને દૂર કરવી.

(૨) રચાયેલા વિધાનોને પાત્રો બરાબર સમજી શકે છે કે નહીં ? તે તપાસવા.

પ્રાથમિક અજમાયશ માટે નમૂનામાં સમાવિષ્ટ આચાર્યાઓની સંખ્યાનું સ્પષ્ટીકરણ સારણી ૩.૫ માં દર્શાવેલ છે.

**સારણી ૩.૫**

**સમસ્યા માપદંડની પ્રાથમિક અજમાયશમાં નમૂનામાં સમાવિષ્ટ આચાર્યાઓની સંખ્યા**

| શાળા વિસ્તાર/શાળા પ્રકાર | બિનસરકારી | સરકારી | કુલ |
|---|---|---|---|
| શહેરી | ૧૯ | ૫ | ૨૪ |
| ગ્રામ્ય | ૧૬ | ૨ | ૧૮ |
| **કુલ** | **૩૫** | **૭** | **૪૨** |

સારણી ૩.૫માં જાણી શકાય છે કે સમસ્યા માપદંડની પ્રાથમિક અજમાયશમાં (પરિશિષ્ટ-૪) કુલ ૪૨ આચાર્યાઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં શહેરી વિસ્તારની ૧૯ બિનસરકારી અને ૫ સરકારી શાળાઓના આચાર્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૬ બિનસરકારી અને ૨ સરકારી માધ્યમિક શાળાઓના આચાર્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ નમૂનામાં કુલ ૨૪ શહેરી વિસ્તારના આચાર્યાઓ અને ૧૮ ગ્રામ્ય વિસ્તારના આચાર્યાઓનો સમાવેશ થયો હતો. જેમાં ૩૫ બિનસરકારી શાળાઓના આચાર્યાઓ અને ૭ સરકારી શાળાઓના આચાર્યાનો સમાવેશ થયો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પ્રાથમિક અજમાયશ સ્વરૂપના સમસ્યા માપદંડનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેમાં મળેલી માહિતીને આધારે સમસ્યા માપદંડના કુલ પ્રાપ્તાંકોને સહમતિની માત્રાને ધ્યાનમાં લઈ સૌથી વધારે પ્રાપ્તાંકોમાંથી સૌથી ઓછા પ્રાપ્તાંકોના ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવ્યા હતા.

સૌથી વધુ પ્રાપ્તાંક મેળવનાર સમગ્ર જૂથના અડધા આચાર્યાઓ અને સૌથી ઓછા પ્રાપ્તાંક મેળવનાર અડધા આચાર્યાઓના બે જૂથ પાડવામાં આવ્યા હતા. બંને જૂથના આચાર્યાઓએ વિધાનના મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી તથા પ્રમાણ વિચલન શોધવામાં આવ્યુ. તે પરથી બંને જૂથ વચ્ચેનો ક્રાંતિ ગુણોત્તર શોધી વિધાનની સાર્થકતા

નક્કી કરવામાં આવી. જે વિધાનોની સાર્થકતા ૦.૦૧ અને ૦.૦૫ કક્ષાએ સાર્થક હતી તેવા ૩૫ વિધાનો અંતિમ સમસ્યા માપદંડમાં પસંદ કરવામાં આવ્યા હતા. સાર્થક કક્ષા નક્કી કરેલ પ્રાથમિક અજમાયશ સમસ્યા માપદંડની અંકશાસ્ત્રીય વિગતો **સારણી ૩.૬** માં આપેલ છે.

**સારણી ૩.૬**

**પ્રાથમિક અજમાયશથી સમસ્યા માપદંડ**

| ક્રમ | ક્રાતિક ગુણોત્તર (CR) | સાર્થકતા કક્ષા | વિધાનોની પસંદગી |
|---|---|---|---|
| ૧. | ૨.૪૧ | ૦.૦૫ | પસંદ |
| ૨. | ૩.૯૫ | ૦.૦૧ | પસંદ |
| ૩. | ૨.૩૧ | ૦.૦૧ | પસંદ |
| ૪. | ૩.૧૫ | ૦.૦૧ | પસંદ |
| ૫. | ૨.૩૩ | ૦.૦૫ | પસંદ |
| ૬. | ૩.૦૬ | ૦.૦૧ | પસંદ |
| ૭. | ૩.૧૭ | ૦.૦૧ | પસંદ |
| ૮. | ૪.૨૯ | ૦.૦૧ | પસંદ |
| ૯. | ૩.૧૫ | ૦.૦૧ | પસંદ |
| ૧૦. | ૩.૯૦ | ૦.૦૧ | પસંદ |
| ૧૧. | ૧.૬૯ | Ns. | નાપસંદ |
| ૧૨. | ૨.૭૮ | ૦.૦૧ | પસંદ |
| ૧૩. | ૪.૧૩ | ૦.૦૧ | પસંદ |
| ૧૪. | ૫.૫૦ | ૦.૦૧ | પસંદ |

| | | | |
|---|---|---|---|
| ૧૫. | ૧.૪૦ | Ns. | નાપસંદ |
| ૧૬. | ૩.૯૦ | ૦.૦૧ | પસંદ |
| ૧૭. | ૩.૪૦ | ૦.૦૧ | પસંદ |
| ૧૮. | ૩.૦૮ | ૦.૦૧ | પસંદ |
| ૧૯. | ૩.૧૮ | ૦.૦૧ | પસંદ |
| ૨૦. | ૩.૧૫ | ૦.૦૧ | પસંદ |
| ૨૧. | ૦.૫૨ | Ns. | નાપસંદ |
| ૨૨. | ૧.૨૨ | Ns. | નાપસંદ |
| ૨૩. | ૧.૧૧ | Ns. | નાપસંદ |
| ૨૪. | ૦.૮૯ | Ns. | નાપસંદ |
| ૨૫. | ૦.૫૪ | Ns. | નાપસંદ |
| ૨૬. | ૧.૩૫ | Ns. | નાપસંદ |
| ૨૭. | ૨.૩૫ | ૦.૦૧ | પસંદ |
| ૨૮. | ૨.૮૪ | ૦.૦૧ | પસંદ |
| ૨૯. | ૩.૨૨ | ૦.૦૧ | પસંદ |
| ૩૦. | ૨.૦૦ | ૦.૦૫ | પસંદ |
| ૩૧. | ૨.૪૨ | ૦.૦૫ | પસંદ |
| ૩૨. | ૪.૯૯ | ૦.૦૧ | પસંદ |
| ૩૩. | ૩.૪૪ | ૦.૦૧ | પસંદ |
| ૩૪. | ૨.૮૪ | ૦.૦૧ | પસંદ |

| | | | |
|---|---|---|---|
| ૩૫. | ૫.૨૦ | ૦.૦૧ | પસંદ |
| ૩૬. | ૪.૨૮ | ૦.૦૧ | પસંદ |
| ૩૭. | ૪.૧૩ | ૦.૦૧ | પસંદ |
| ૩૮. | ૫.૧૧ | ૦.૦૧ | પસંદ |
| ૩૯. | ૧.૮૦ | Ns. | નાપસંદ |
| ૪૦. | ૩.૧૫ | ૦.૦૧ | પસંદ |
| ૪૧. | ૫.૫૦ | ૦.૦૧ | પસંદ |
| ૪૨. | ૩.૬૦ | ૦.૦૧ | પસંદ |
| ૪૩. | ૩.૧૮ | ૦.૦૧ | પસંદ |
| ૪૪. | ૩.૪૫ | ૦.૦૧ | પસંદ |

**૫. અંતિમ સ્વરૂપના સમસ્યા માપદંડની રચના :**

સમસ્યા સંબંધિત વિષય વસ્તુના ઘટકોનું સ્પષ્ટીકરણ, સમસ્યા વિધાનોનું લેખન અને એકત્રીકરણ, સમસ્યા વિધાનોની રચના અને પસંદગી, સમસ્યા વિધાનો અંગે તજ્જ્ઞોનો અભિપ્રાય, પ્રારંભિક સ્વરૂપના સમસ્યા માપદંડની અજમાયશ જેવા સોપાનોમાંથી પસાર થઈ સંશોધકે માધ્યમિક શાળાઓના આચાર્યાઓ માટેના અંતિમ સ્વરૂપના સમસ્યા માપદંડની રચના કરી હતી.

આમ, સંશોધકે પૂર્વેક્ષણના આધારે પ્રાપ્ત થયેલી માહિતી પરથી સમસ્યા માપદંડનું અંતિમ સ્વરૂપ નક્કી કર્યું હતુ. આચાર્યાઓ માટેના આ માપદંડમાં ૩૫ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક વિધાનોની સામે અગાઉ સૂચિત કરેલ એવા પંચબિંદુઓ (વિકલ્પો) રાખવામાં આવ્યા હતા. પ્રસ્તુત અભ્યાસમાં દિશા નિર્દેશ માટે નક્કી કરેલ ઘટકોના આધારે વિધાનોની કુલ સંખ્યા **સારણી ૩.૭**માં રજૂ કરવામાં આવી છે.

**સારણી ૩.૭**

**આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડમાં સમાવિષ્ટ થયેલા ઘટકો આધારિત વિધાનોની સંખ્યા**

| ક્રમ | ઘટક | વિધાન ક્રમાંક | વિધાનોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સંસ્થાકીય અવરોધો | ૧૧ થી ૨૫ | ૧૫ |
| ૨ | સામાજિક અને સાંસ્કૃતિક ન બદલાતા અવરોધો | ૨૫ થી ૩૫ | ૧૦ |
| ૩ | વ્યવસાય સંબંધિત વલણોથી પેદા થતા અવરોધો | ૧ થી ૧૦ | ૧૦ |
| | | **કુલ** | **૩૫** |

સારણી ૩.૭ પરથી જાણી શકાય છે કે આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડમાં કુલ ૩૫ વિધાનો હતા. જેમાં સંસ્થાકીય અવરોધો સંબંધિત ૧૫ વિધાનો, સામાજિક અને સાંસ્કૃતિક ન બદલાતા અવરોધો સંબંધિત ૧૦ વિધાનો અને વ્યક્તિત્વ સંબંધિત વલણોથી પેદા થતા અવરોધો સંબંધિત ૧૦ વિધાનોનો સમાવેશ થયો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં ઉપયોગમાં કરવામાં આવેલ આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડના અંતિમ સ્વરૂપ પરિશિષ્ટ-૬ માં રજૂ કરેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડના અંતિમ સ્વરૂપના સંસ્થાકીય અવરોધો સંબંધિત ૧૫ વિધાનો ઉપર શિક્ષણ નિરીક્ષકોના પ્રતિચારો અલગથી મેળવવામાં આવ્યા હતા. જેને પરિશિષ્ટ-૮ માં રજૂ કરેલ છે.

## ૩.૮ સંશોધન ઉપકરણની વિશ્વસનીયતા અને યથાર્થતા

આચાર્યાઓની સમસ્યાઓ જાણવા માટે પ્રસ્તુત સંશોધનમાં રચેલ ઉપકરણ સમસ્યા માપદંડના અંતિમ સ્વરૂપની વિશ્વસનીયતા અને યર્થાથતા શોધવાની વિગતો હવે રજૂ કરી છે.

### ૩.૬.૧ આચાર્યો માટેના સમસ્યા માપદંડની વિશ્વસનીયતા

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા અંતિમ સ્વરૂપના સમસ્યા માપદંડની

વિશ્વસનીયતા બે પદ્ધતિ વડે શોધવામાં આવી હતી.

૧. ક્રોનબેંક આલ્ફા અંક પદ્ધતિ

૨. અર્ધ વિચ્છેદન પદ્ધતિ

**ક્રોનબેંક આલ્ફા અંક પદ્ધતિ વડે વિશ્વસનીયતા**

પ્રસ્તુત અભ્યાસમાં ૩૫ વિધાનો ધરાવતા અંતિમ સ્વરૂપના સમસ્યા માપદંડની વિશ્વસનીયતા ક્રોન બેંક આલ્ફા અંક પદ્ધતિ દ્વારા શોધવામાં આવી હતી. આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડનો ક્રોનબેંક આલ્ફા અંક સારણી ૩.૮ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી ૩.૮**

**આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડના અંતિમ સ્વરૂપનો ક્રોનબેંક આલ્ફા અંક**

| વિધાન ક્રમાંક | કલમ વિચરણ અંક |
|---|---|
| ૧ | ૦.૬૩ |
| ૨ | ૧.૧૧ |
| ૩ | ૦.૬૯ |
| ૪ | ૦.૮૬ |
| ૫ | ૧.૩૫ |
| ૬ | ૧.૨૦ |
| ૭ | ૧.૫૬ |
| ૮ | ૦.૭૩ |
| ૯ | ૧.૩૪ |
| ૧૦ | ૦.૯૧ |
| ૧૧ | ૧.૩૩ |
| ૧૨ | ૧.૨૮ |
| ૧૩ | ૦.૮૫ |
| ૧૪ | ૦.૯૬ |

| | |
|---|---|
| ૧૫ | ૧.૨૦ |
| ૧૬ | ૦.૯૦ |
| ૧૭ | ૧.૨૩ |
| ૧૮ | ૧.૨૫ |
| ૧૯ | ૧.૧૭ |
| ૨૦ | ૦.૮૯ |
| ૨૧ | ૧.૪૦ |
| ૨૨ | ૦.૮૭ |
| ૨૩ | ૦.૯૭ |
| ૨૪ | ૧.૧૨ |
| ૨૫ | ૧.૦૨ |
| ૨૬ | ૧.૧૦ |
| ૨૭ | ૦.૬૯ |
| ૨૮ | ૧.૧૯ |
| ૨૯ | ૦.૮૯ |
| ૩૦ | ૦.૯૯ |
| ૩૧ | ૦.૮૫ |
| ૩૨ | ૦.૯૮ |
| ૩૩ | ૧.૧૨ |
| ૩૪ | ૦.૮૮ |
| ૩૫ | ૦.૯૫ |

| | | |
|---|---|---|
| વિધાનોની કુલ સંખ્યા | = | ૩૫ |
| કલમ વિચરણ અંકોના સરવાળો | = | ૩૬.૪૬ |
| કુલ વિચરણ | = | ૧૮૯.૦૩ |
| ક્રોનબેંક આલ્ફા અંક | = | ૦.૮૭ |

સારણી ૩.૮ પરથી જોઈ શકાય છે કે અંતિમ સ્વરૂપના સમસ્યાના માપદંડના વિધાનોનો કલમ વિચરણ અંકનો સરવાળો ૩૬.૪૬ હતો. કુલ વિચરણ ૧૮૯.૦૩ હતું. જ્યારે ક્રોનબેંક આલ્ફા અંક ૦.૮૭ જોવા મળ્યો હતો. ક્રોનબેંક આલ્ફા અંક પદ્ધતિએ પ્રાપ્ત થયેલ વિશ્વસનીયતાનું મહત્તમ મૂલ્ય ૧.૦ હોય છે. અહીં આ મૂલ્ય ૧.૦ની નજીક હતું. તેથી આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની વિશ્વસનીયતા ઉંચી જણાઈ હતી.

**અર્થવિચ્છેન પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા**

પ્રસ્તુત અભ્યાસમાં આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની અર્થવિચ્છેદન પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા શોધવામાં આવી હતી. જે સારણી ૩.૯ માં રજૂ કરેલ છે.

**સારણી ૩.૯**

**અંતિમ સ્વરૂપના સમસ્યા માપદંડની અર્ધવિચ્છેદન પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા**

| ક્રમ | વિશ્વસનીયતાનો પ્રકાર | વિશ્વસનીયતા અંક |
|---|---|---|
| ૧ | અર્થવિચ્છેદન (પૂર્ણ કસોટી માટે) | ૦.૮૦ |

સારણી ૩.૯ ઉપરથી જણાય છે કે અર્ધવિચ્છેદન પદ્ધતિ સમસ્યા માપદંડની વિશ્વસનીયતાનું મૂલ્ય ૦.૮૦ પ્રાપ્ત થયું હતું

ક્રોનબેંક આલ્ફા અંક અને અર્ધ વિચ્છેદન પદ્ધતિએ પ્રાપ્ત થયેલ વિશ્વાસનિયતા મૂલ્ય મહત્તમ ૧.૦ હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના આચાર્યાઓ સમસ્યા માપદંડ પરના બંને મૂલ્યોની નજીક હતા. તેથી આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની વિશ્વસનીયતા ઊંચી જણાઈ હતી.

**૩.૬.૨ અંતિમ સ્વરૂપના આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની યર્થાથતા**

પ્રસ્તુત સમસ્યામાં માધ્યમિક શાળાના આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની યથાર્થતા પરંપરાગત માપન સિદ્ધાંત પર આધારિત એવા આલેખ સિદ્ધાંત અનુસાર એક પરિમાણાત્મક કે ઘટક યથાર્થતા દર્શાવતા ક્લિક્સના સાતત્ય અંક 'સી' ની ગણતરી દ્વારા તપાસવામાં આવી હતી. તે માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ NRTVB-2000નો

ઉપયોગ કરવામાં આવ્યો હતો. ક્લિક્સના સાતત્ય અંક 'સી'નું મૂલ્ય ૦.૩૪થી વધુ હોય તો સંશોધનનું ઉપકરણ ઘટક યથાર્થતા ધરાવે છે તેમ કહી શકાય. અહીં આલેખ સિદ્ધાંત આધારિત ક્લિક્સના સાતત્ય અંક 'સી'નું મૂલ્ય ૦.૩૫ મળ્યુ હતું, કે જે ૦.૩૪ કરતા વધુ હતુ આથી સમસ્યા માપદંડ ઘટક યથાર્થતા ધરાવે છે તેમ કહી શકાય.

## ૩.૯ માહિતી એકત્રીકરણ

સંશોધકે માહિતી એકત્રીકરણ માટે માધ્યમિક શાળાના આચાર્યાઓ માટે સમસ્યા માપદંડની રચના કરી હતી. આ માપદંડો ઉપર માધ્યમિક શાળાઓમાં કાર્યરત આચાર્યાઓના પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા. માધ્યમિક શાળાઓના આચાર્યાઓનો સંસ્થાકીય સમસ્યાઓ પરત્વે સંસ્થાકીય અવરોધો સંબંધિત સમસ્યા વિધાનો અલગથી શિક્ષણ નિરીક્ષકોને આપી તેઓના પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા. સંશોધકે સમસ્યા માપદંડ વિશેની ટૂંકી સમજ આપ્યા બાદ, માપદંડ ઉપર કઈ રીતે પ્રતિચાર આપવાનો છે ? તેની સમજ આપી હતી. આ સમયે સંશોધક મહ્દઅંશે પ્રત્યક્ષ હાજર રહી કાળજી લઈ સમસ્યા માપદંડની માહિતી એકત્ર કરી હતી.

આ માહિતીમાં સમસ્યા માપદંડના પ્રતિચારો મેળવવાની સાથે માધ્યમિક શાળાના આચાર્યાના આચાર્યા તરીકેના અનુભવ વર્ષ, માધ્યમિક શાળાનો પ્રકાર અને માધ્યમિક શાળાના વિસ્તાર વિષેની માહિતી પણ મેળવવામાં આવી હતી. શાળાના વહીવટી વિસ્તાર સંબંધિત શિક્ષણ નિરીક્ષકની પણ માહિતી પ્રાપ્ત કરી તેઓની રૂબરૂ મુલાકાત લઈ સંસ્થાકીય અવરોધો સંબંધિત સમસ્યા વિધાનો ઉપર અલગથી પ્રતિચારો પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

## ૩.૧૦ માહિતીનું પૃથક્કરણ

સંશોધન સમસ્યાના ઉકેલ માટે એકત્ર કરાયેલી આવશ્યક માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ કરવામાં આવે છે. પૃથક્કરણ એટલે માહિતીને સમજી શકાય અને અર્થઘટન કરી શકાય તેવા સ્વરૂપમાં સંકોચન કે સંકલિત કરવી કે જેથી સંશોધન સમસ્યામાં જણાવેલા સંબંધો તપાસી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક રચિત માધ્યમિક શાળાના આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની ક્રોનબેંક આલ્ફા પદ્ધતિ અને અર્થવિચ્છેદન પદ્ધતિ મુજબ વિશ્વાસનિયતા જાણવામાં આવી હતી, તેમજ આલેખ સિદ્ધાંત આધારિત ક્લિક્સના સાતત્ય અંક 'સી' દ્વારા યથાર્થતા જાણવામાં આવી હતી. આ સમસ્યા માપદંડ પર પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકોને આધારે આવૃત્તિ વિતરણ તૈયાર કરી સરાસરી, પ્રમાણ વિચલન, કકુદતા, વિરૂપતાની ગણતરી કરવામાં આવી હતી.

જ્યારે ઉત્કલ્પનાઓની ચકાસણી ટી-ગુણોત્તર દ્વારા કરવામાં આવી હતી. આ વિવિધ અંક શાસ્ત્રીય ગણતરીઓ કરવા માટે SPSS અને NRTVB-2000 નામના કમ્પ્યૂટર પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમસ્યા માપદંડના સંસ્થાકીય સમસ્યા વિધાનો ઉપર મેળવાયેલા શિક્ષણ નિરીક્ષકોના પ્રતિચારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. સમસ્યા માપદંડ પર પ્રાપ્ત થયેલાં પ્રાપ્તાંકોને આધારે આવૃત્તિ વિતરણ તૈયાર કરી સરાસરી, પ્રમાણ વિચલન, કકુદતા અને નિરૂપતાની ગણતરીઓ કરવામાં આવી હતી.

# પ્રકરણ - ૪

# માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન


૪.૦ પ્રસ્તાવના

૪.૧ પ્રાપ્તાંકોનું વિશ્લેષણ

૪.૧.૧ સમસ્યા માપદંડ પર આચાર્યાઓના મેળવેલા પ્રાપ્તાંકોનું વિશ્લેષણ

૪.૧.૨ ચલોનું સાંકેતીકરણ

૪.૧.૩ સમસ્યા માપદંડ પરના આચાર્યાઓના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ

૪.૨ ઉત્કલ્પનાની ચકાસણી

૪.૩ સમસ્યા માપદંડ પર શિક્ષણ નિરીક્ષકોએ મેળવેલા પ્રાપ્તાંકોનું વિશ્લેષણ

૪.૪ સમસ્યા માપદંડ પર શિક્ષણ નિરીક્ષકોના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ

# પ્રકરણ - ૪

# માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

## ૪.૦ પ્રસ્તાવના

સમસ્યા ઉકેલની વૈજ્ઞાનિક પ્રક્રિયા એટલે સંશોધન. સંશોધનમાં માહિતીનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ તેના વિશ્લેષણ અને અર્થઘટનનું છે. માહિતીનું વિશ્વલેષણ કરતી વખતે સંશોધકે વિશ્લેષણની રીત, વિશ્લેષણ માટેની પદ્ધતિઓની પસંદગી અંગે મહત્ત્વના નિર્ણયો લેવાના હોય છે. માહિતીના વર્ગીકરણ, પૃથક્કરણ અને અર્થઘટન માટે વિવિધ આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

માહિતીને સંક્ષિપ્ત સ્વરૂપ આપવા માટે વપરાતી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉદ્દેશ્ય એ છે કે અપ્રસ્તુત માહિતીને દૂર કરવી અને પ્રાપ્ત માહિતીમાં સમાયેલી પૂરેપૂરી પ્રસ્તુત માહિતીને અલગ કરવી.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા સંખ્યાત્મક માહિતીના પૃથક્કરણ માટે માધ્યમિક શાળાના આચાર્યાઓ અને શિક્ષણ નિરીક્ષકોના સમસ્યા માપદંડ પર આપેલાં પ્રતિચારોને આધારે પ્રાપ્તાંકોનું વિશ્લેષણ કરી આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે વર્ણનાત્મક અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓ દ્વારા વિવિધ માપોની ગણતરીઓ કરવામાં આવી હતી. આ ગણતરી માટે NRTVB 2000 નામના કમ્પ્યૂટર પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ઉત્કલ્પનાની ચકાસણી માટે પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા જાણવા ટી-ગુણોત્તરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમધારણતાની તપાસ કરવા માટે કકુદતા અને વિરૂપતાની ગણતરી કરવામાં આવી હતી. આ ગણતરીઓ માટે SPSS નામના કમ્પ્યૂટર પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૪.૧ પ્રાપ્તાંકોનું વિશ્લેષણ

સંખ્યાત્મક માહિતીના પૃથક્કરણ માટે સંશોધકે માધ્યમિક શાળાના આચાર્યાઓ અને સંસ્થાકીય સમસ્યાઓ માટે શિક્ષણ નિરીક્ષકો પાસેથી માહિતી એકત્રિત કરી હતી. પ્રાપ્તાંકોનું વિશ્લેષણ યોગ્ય સોપાનો પ્રમાણે કરવામાં આવ્યું હતું.

### ૪.૧.૧ સમસ્યા માપદંડ પર આચાર્યાઓના મેળવેલા પ્રાપ્તાંકોનું વિશ્લેષણ

આચાર્યાઓ માટેના અંતિમ સ્વરૂપના સમસ્યા માપદંડમાં કુલ ૩૫ વિધાનો સમાવિષ્ટ હતા. માધ્યમિક શાળાના આચાર્યાઓએ સમસ્યા માપદંડ પર આવેલાં પ્રતિચારોના આધારે પ્રાપ્તાંકોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ વિશ્લેષણ કરવા માટે સંશોધક દ્વારા માહિતી બિંદુવાળો વ્યક્તિ એક્સ કલમ શ્રેણિક (Person x Item Matrix) આ પ્રમાણે તૈયાર કરવામાં આવ્યો હતો.

માહિતીનું વિશ્લેષણ કરવા માટે

૫૧૫ (આચાર્યાઓ) x ૩૫ (વિધાનો) = ૧૮,૦૨૫ માહિતી બિંદુઓ (Data Points) વાળો વ્યક્તિ એક્સ કલમ શ્રેણિક (Person x Item Matrix) સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

સમસ્યા માપદંડના કુલ ૩૫ વિધાનો હોવાથી આ માપદંડ પર ૩૫ x ૪ = ૧૪૦ મહત્તમ પ્રાપ્તાંક મળે તેવી સંભાવના હતી. અર્થાત્ માપદંડના સ્વરૂપ પર પ્રાપ્તાંકોનો વિસ્તાર ૦ થી ૧૪૦ સંભવિત હતો.

### ૪.૧.૨ ચલોનું સાંકેતિકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે માધ્યમિક શાળાના આચાર્યાઓના સ્વતંત્ર અભ્યાસમાં ચલોનું સાંકેતિકરણ કર્યું હતું. જે સારણી ૪.૧માં રજૂ કરવામાં આવ્યું છે.

**સારણી ૪.૧**

**આચાર્યાઓના સ્વતંત્ર ચલોનું તેની કક્ષા અનુસાર સાંકેતિકરણ**

| | શાળા વિસ્તાર | | શાળાનો પ્રકાર | | વહીવટી અનુભવ | |
|---|---|---|---|---|---|---|
| ચલ ® | ગ્રામ્ય | શહેરી | સરકારી | બિનસરકારી | ૩ વર્ષથી ઓછા | ૩ વર્ષ કે તેથી વધુ |
| સાંકેતિક ® | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ |

સારણી ૪.૧ પરથી જાણી શકાય છે કે માધ્યમિક શાળાના આચાર્યાઓની શાળાઓના શાળા વિસ્તાર અનુસાર તેની કક્ષાઓ ગ્રામ્ય અને શહેરનું સાંકેતિકરણ

અનુક્રમે ૦ અને ૧ કરવામાં આવ્યું છે. શાળાના પ્રકાર અનુસાર તેની કક્ષાએ સરકારી અને બિનસરકારીનું સાંકેતિકરણ અનુક્રમે ૦ અને ૧ કરવામાં આવ્યુ હતું. વહીવટી અનુભવના અનુસાર તેની કક્ષાઓ ત્રણ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા આચાર્યાઓ અને ત્રણ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવનારા આચાર્યાઓનું સાંકેતિકરણ અનુક્રમે ૦ અને ૧ કરવામાં આવ્યું હતું.

### ૪.૧.૩ સમસ્યા માપદંડ પરનાં આચાર્યાઓના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના આચાર્યાઓએ સમસ્યા માપદંડ પર પ્રાપ્ત કરેલાં પ્રાપ્તાંકોને માધ્યમિક શાળાના આચાર્યાઓને અનુભવાતી સમસ્યાઓ તરીકે સ્વીકારવામાં આવ્યા હતાં. આચાર્યાઓએ સમસ્યા માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોના આધારે આવૃત્તિ વિતરણ અને તે પરથી વર્ણનાત્મક અંકશાસ્ત્ર વિવિધ માપોની ગણતરી કરવામાં આવી હતી. સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિવિતરણ અને પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણનાઓ સારણી ૪.૨માં રજૂ કરવામાં આવી છે.

**સારણી ૪.૨**

**સમસ્યા માપદંડ પરના આચાર્યાઓના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ અને પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણતરીઓ**

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગ્રહિત આવૃત્તિ |
|---|---|---|
| ૧૦૫ | ૧ | ૧ |
| ૧૦૬ | ૧ | ૨ |
| ૧૦૭ | ૩ | ૫ |
| ૧૦૮ | ૪ | ૯ |
| ૧૦૯ | ૭ | ૧૬ |
| ૧૧૦ | ૧૨ | ૨૮ |
| ૧૧૧ | ૧૪ | ૪૨ |
| ૧૧૨ | ૮ | ૫૦ |

| | | |
|---|---|---|
| ૧૧૩ | ૧૧ | ૬૧ |
| ૧૧૪ | ૭ | ૬૮ |
| ૧૧૫ | ૧૨ | ૮૦ |
| ૧૧૬ | ૧૦ | ૯૦ |
| ૧૧૭ | ૧૩ | ૧૦૩ |
| ૧૧૮ | ૧૧ | ૧૧૪ |
| ૧૧૯ | ૧૫ | ૧૨૯ |
| ૧૨૦ | ૨૩ | ૧૫૨ |
| ૧૨૧ | ૧૯ | ૧૭૧ |
| ૧૨૨ | ૧૮ | ૧૮૯ |
| ૧૨૩ | ૨૫ | ૨૧૪ |
| ૧૨૪ | ૩૩ | ૨૪૭ |
| ૧૨૫ | ૩૮ | ૨૮૪ |
| ૧૨૬ | ૪૫ | ૩૨૯ |
| ૧૨૭ | ૨૭ | ૩૫૬ |
| ૧૨૮ | ૨૫ | ૩૮૧ |
| ૧૨૯ | ૩૪ | ૪૧૫ |
| ૧૩૦ | ૨૦ | ૪૩૫ |
| ૧૩૧ | ૧૪ | ૪૪૯ |
| ૧૩૨ | ૧૦ | ૪૫૯ |
| ૧૩૩ | ૧૧ | ૪૭૦ |

| | | |
|---|---|---|
| ૧૩૪ | ૧૦ | ૪૮૦ |
| ૧૩૫ | ૯ | ૪૮૯ |
| ૧૩૬ | ૧૧ | ૫૦૦ |
| ૧૩૭ | ૧૦ | ૫૧૦ |
| ૧૩૮ | ૫ | ૫૧૫ |
| ૧૩૯ | ૦ | ૫૧૫ |
| ૧૪૦ | ૦ | ૫૧૫ |
| પાત્રોની સંખ્યા | : | ૫૧૫ |
| મધ્યક | : | ૧૨૫.૩૯ |
| પ્રમાણ વિચલન | : | ૧૪.૪૮ |
| વિરૂપતા | : | -૦.૮૧ |
| કકુદતા | : | ૩.૨૯ |

સારણી ૪.૨ પરથી જાણી શકાય છે કે સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોનું મધ્યક ૧૨૫.૩૯ છે. જ્યારે પ્રમાણ વિચલન ૧૪.૩૯ જોવા મળ્યું હતું. સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણનાઓના આધારે વિરૂપતાનું મૂલ્ય અનુક્રમે ૦.૮૧ અને કકુદતાનું મૂલ્ય ૩.૨૯ જોવા મળ્યું હતું. વિરૂપતાના ગુણ હોવાથી કહી શકાય કે આવૃત્તિ વિતરણ ઋણબાજુ વિરૂપ છે. કક્ષાનું મૂલ્ય ૦.૨૬૩૨ કરતા વધુ હોવાથી કહી શકાય કે આવૃત્તિ વિતરણ ચર્પટ કકુદતા ધરાવે છે. આ બાબતની આલેખાત્મક રજૂઆત આલેખ ૪.૧માં રજૂ કરવામાં આવી છે.




**સમસ્યા માપદંડ પર આચાર્યાઓના પ્રાપ્તાંકોના આવૃતિ**
**વિતરણની આલેખાત્મક રજૂઆત**

## ૪.૨ ઉત્કલ્પનાની ચકાસણી

પ્રસ્તુત અભ્યાસની પ્રથમ ઉત્કલ્પના આ પ્રમાણે હતી.

**ઉત્કલ્પના ૧**

માધ્યમિક શાળાના આચાર્યાઓના શાળા વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી) મુજબ સમસ્યા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરવા સમસ્યા માપદંડ પર આચાર્યાઓની શાળાના વિસ્તાર સંદર્ભે મેળવેલા પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી તેની સાર્થકતા નક્કી કરવા ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૪.૩માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૪.૩**

**સમસ્યા માપદંડ પર આચાર્યાઓના શાળાના વિસ્તાર સંદર્ભે સરેરાશાંકોનો તફાવતની સાર્થકતા**

| શાળા વિસ્તાર | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| ગ્રામ્ય | ૩૦૨ | ૧૨૬.૦૦ | ૧૩.૧૫ | ૩.૧૨૬ |
| શહેરી | ૨૧૩ | ૧૨૨.૭૮ | ૧૪.૦૬ | |

સારણી ૪.૩ પરથી જાણી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના ૩૦૨ આચાર્યાઓ અને શહેરી વિસ્તારની શાળાઓના ૨૧૩ આચાર્યાઓ નમૂનામાં સમાવિષ્ટ હતા. ગ્રામ્ય વિસ્તારના આચાર્યાઓની સરાસરીનું મૂલ્ય ૧૨૬.૦૦ અને પ્રમાણ વિચલનનું મૂલ્ય ૧૩.૧૫ જોવા મળ્યું હતું. શહેરી વિસ્તારના આચાર્યાઓની સરાસરીનું મૂલ્ય ૧૨૨.૭૮ અને પ્રમાણ વિચલનનું મૂલ્ય ૧૪.૦૭ જોવા મળ્યું હતું. માધ્યમિક શાળાના ગ્રામ અને શહેરી વિસ્તારના આચાર્યાઓએ માપદંડ પર મેળવેલા સરેરાશાંકોના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૩.૧૩૬ જોવા મળ્યું હતું. ટી-ગુણોત્તરનું મૂલ્ય ૧.૯૬ કરતા વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે પ્રથમ શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસની બીજી ઉત્કલ્પના નીચે પ્રમાણે હતી.

**ઉત્કલ્પના - ૨**

માધ્યમિક શાળાઓના આચાર્યાઓની શાળાનો પ્રકાર (સરકારી અને બિનસરકારી) મુજબ સમસ્યા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરવા સમસ્યા માપદંડ પર આચાર્યાઓની શાળાના વહીવટી પ્રકાર સંદર્ભે મેળવેલા પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી તેની સાર્થકતા નક્કી કરવા ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૪.૪ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૪.૪**

**સમસ્યા માપદંડ પર આચાર્યાઓના શાળાના વહીવટી પ્રકાર સંદર્ભે સરેરાશાંકોના તફાવત સાર્થકતા**

| શાળા પ્રકાર | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| સરકારી | ૭૪ | ૧૨૫.૨૧ | ૧૫.૦૬ | ૨.૨૭ |
| બિનસરકારી | ૪૪૧ | ૧૨૩.૬૩ | ૧૩.૦૭ | |

સારણી ૪.૪ પરથી જાણી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાઓના આચાર્યાઓમાં ૭૪ સરકારી શાળાઓના અને ૪૪૧ બિનસરકારી શાળાઓના આચાર્યાઓ સમાવિષ્ટ હતા. સમસ્યા માપદંડ ઉપર સરકારી શાળાના આચાર્યાઓના સરાસરી અને પ્રમાણવિચલન અનુક્રમે ૧૨૫.૨૧ અને ૧૫.૦૬ જોવા મળ્યા હતા. સમસ્યા માપદંડ પર બિનસરકારી શાળાના આચાર્યાઓના સરાસરી અને પ્રમાણવિચલન અનુક્રમે ૧૨૩.૬૩ અને ૧૩.૦૭ જોવા મળ્યા હતા. સરકારી શાળાના આચાર્યાઓ અને બિનસરકારી શાળાના આચાર્યાઓના સમસ્યા માપદંડ ઉપર મેળવેલા સરેરાશાંકોના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૨.૨૭ જોવા મળ્યું હતુ. ટી-ગુણોત્તરનું મૂલ્ય ૧.૯૬ કરતા વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે બીજી ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસની ત્રીજી ઉત્કલ્પના નીચે પ્રમાણે હતી.

**ઉત્કલ્પના-૩**

માધ્યમિક શાળાના આચાર્યાઓના વહીવટી અનુભવ (૩ વર્ષ કે તેથી વધુ

અને ૩ વર્ષથી ઓછો) મુજબ સમસ્યા માપદંડના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરવા સમસ્યા માપદંડ પર આચાર્યાઓના વહીવટી અનુભવ સંદર્ભે મેળવેલા પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણવિચલનના માપો પરથી તેની સાર્થકતા નક્કી કરવા ટી-ગુણોત્તરની ગણત્રી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૪.૫માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૪.૫**

**સમસ્યા માપદંડ પર આચાર્યાઓના વહીવટી**

**અનુભવના સંદર્ભે સરેરાશાંકોના તફાવતની સાર્થકતા**

| વહીવટી અનુભવ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|
| ૩ વર્ષ કે તેથી વધુ | ૩૧૨ | ૧૨૫.૦૭ | ૧૨.૦૮ | ૦.૩૮૯ |
| ૩ વર્ષથી ઓછો | ૨૦૩ | ૧૨૪.૯૯ | ૧૪.૭૧ | |

સારણી ૪.૫ પરથી જાણી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના આચાર્યાઓના આચાર્યા તરીકેનો ૩ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા ૩૧૨ અને ૩ વર્ષથી ઓછા અનુભવ ધરાવતા ૨૦૩ આચાર્યાઓ નમૂનામાં સમાવિષ્ટ હતા. સમસ્યા માપદંડ પરના ૩ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા આચાર્યાઓના સરાસરી અને પ્રમાણ વિચલન અનુક્રમે ૧૨૫.૦૭ અને ૧૨.૦૮ મળ્યા હતા. ૩ વર્ષથી ઓછા અનુભવ ધરાવતા આચાર્યાઓના સરાસરી અને પ્રમાણવિચલન અનુક્રમે ૧૨૪.૯૯ અને ૧૪.૭૧ મળ્યા હતા. માધ્યમિક શાળાના ૩ વર્ષ કે તેથી વધુ અનુભવવાળા આચાર્યાઓ અને ૩ વર્ષથી ઓછા અનુભવવાળા આચાર્યાઓએ સમસ્યા માપદંડ પર મેળવેલા સરેરાશાંકોના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૩૮૯ જોવા મળ્યું હતું. ટી-ગુણોત્તરનું મૂલ્ય ૧.૯૬ કરતાં ઓછું હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. પરિણામે શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થતો હતો.

## ૪.૩ સમસ્યા માપદંડ પર શિક્ષણ નિરીક્ષકોએ મેળવેલા પ્રાપ્તાંકોનું વિશ્લેષણ

માહિતી વિશ્લેષણ કરવા માટે ૧૦૩ (શિક્ષણ નિરીક્ષકો) X ૧૫ (વિધાનો) = ૧૫૪૫ માહિતી બિંદુઓ (Data Points) વાળો વ્યક્તિ એક્સ કલમશ્રેણી (Person X Item Matrix) સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવ્યો

હતો. સંસ્થાકીય સમસ્યાઓ સંબંધિત સમસ્યા વિધાનમાં ૧૫ વિધાનો હતા. ૧૫ વિધાનો ઉપર અલગથી પ્રતિચારો મેળવવામાં આવ્યા હતો. મહત્તમ પ્રાપ્તાંક ૧૫ X ૪ = ૬૦ મળે તેવી સંભાવના હતી. અર્થાત્ પ્રાપ્તાંકોનો વિસ્તાર ૦થી ૬૦ સંભવિત હતો.

## ૪.૪ સમસ્યા માપદંડ પર શિક્ષણ નિરીક્ષકોના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના આચાર્યાઓની શાળાઓ સાથે સંબંધિત ૧૦૩ શિક્ષણ નિરીક્ષકોના સંસ્થાકીય સમસ્યાઓ વિધાનો સંદર્ભે સમસ્યા માપદંડ પરના પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા. શિક્ષણ નિરીક્ષકોએ સમસ્યા માપદંડના સંસ્થાકીય સમસ્યાઓના વિધાનો પર આપેલા પ્રતિચારોના આધારે મેળવેલા પ્રાપ્તાંકો પરથી આવૃત્તિ વિતરણ અને વર્ણનાત્મક અંકશાસ્ત્રીય વિવિધ માપોની ગણતરીઓ કરવામાં આવી હતી. સમસ્યા માપદંડના સંસ્થાકીય વિધાનો પરત્વે મેળવેલ પ્રાપ્તાંકોનું આવૃત્તિવિતરણ અને પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણતરીઓ સારણી ૪.૬માં રજૂ કરવામાં આવી છે.

**સારણી ૪.૬**

**સમસ્યા માપદંડ પરના શિક્ષણ નિરીક્ષકોના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ અને પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણતરીઓ**

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગ્રહિત આવૃત્તિ |
|---|---|---|
| ૨૫ | ૧ | ૧ |
| ૨૬ | ૦ | ૧ |
| ૨૭ | ૦ | ૧ |
| ૨૮ | ૧ | ૨ |
| ૨૯ | ૧ | ૩ |
| ૩૦ | ૧ | ૪ |
| ૩૧ | ૦ | ૪ |
| ૩૨ | ૨ | ૬ |
| ૩૩ | ૩ | ૯ |
| ૩૪ | ૧ | ૧૦ |
| ૩૫ | ૧૨ | ૨૨ |

| | | |
|---|---|---|
| ૩૬ | ૧૦ | ૩૨ |
| ૩૭ | ૧૪ | ૪૬ |
| ૩૮ | ૦૯ | ૫૫ |
| ૩૯ | ૦૭ | ૬૨ |
| ૪૦ | ૦૫ | ૬૭ |
| ૪૧ | ૦૪ | ૭૧ |
| ૪૨ | ૦૪ | ૭૫ |
| ૪૩ | ૦૨ | ૭૭ |
| ૪૪ | ૦૩ | ૮૦ |
| ૪૫ | ૦૫ | ૮૫ |
| ૪૬ | ૦૦ | ૮૫ |
| ૪૭ | ૦૧ | ૮૬ |
| ૪૮ | ૦૩ | ૮૯ |
| ૪૯ | ૦ | ૮૯ |
| ૫૦ | ૧ | ૯૦ |
| ૫૧ | ૧ | ૯૧ |
| ૫૨ | ૧ | ૯૨ |
| ૫૩ | ૩ | ૯૫ |
| ૫૪ | ૨ | ૯૭ |
| ૫૫ | ૪ | ૧૦૧ |
| ૫૬ | ૧ | ૧૦૨ |
| ૫૭ | ૧ | ૧૦૩ |
| ૫૮ | ૦ | ૧૦૩ |
| ૫૯ | ૦ | ૧૦૩ |
| ૬૦ | ૦ | ૧૦૩ |

**પાત્રોની સંખ્યા** : ૧૦૩

**મધ્યક** : ૩૭.૮૫

**પ્રમાણ વિચલન** : ૧૨.૦૭

**વિરૂપતા** : -૦.૪૧

**કકુદતા** : ૦.૩૦

સારણી ૪.૬ પરથી જાણી શકાય છે કે સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોનો મધ્યક ૩૭.૮૫ છે, જ્યારે પ્રમાણવિચલન ૧૨.૦૭ જોવા મળ્યું હતું. સમસ્યા માપદંડપરના પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણતરીઓના આધારે વિરૂપતાનું માપ ૦.૪૧ અને કકુદતાનું મૂલ્ય ૦.૩૦ જોવા મળ્યું હતું. વિરૂપતાનું મૂલ્ય ઋણ હોવાથી કહી શકાય કે આવૃત્તિ વિતરણ ઋણ બાજુ વિરૂપ છે. કકુદતાનું મૂલ્ય ૦.૨૬૩૨ કરતાં વધુ હોવાથી કહી શકાય કે આવૃત્તિ વિતરણ ચર્પટ કકુદતા ધરાવે છે. આ બાબતની આલેખાત્મક રજૂઆત આલેખ ૪.૨માં રજૂ કરવામાં આવી છે.




**સમસ્યા માપદંડ પર શિક્ષણ નિરીક્ષકોના પ્રાપ્તાંકોના**

**આવૃત્તિ વિતરણની આલેખાત્મક રજૂઆત**

# પ્રકરણ - ૫

# સારાંશ, તારણો અને ભલામણો


૫.૦ પ્રસ્તાવના

૫.૧ સારાંશ

- ૫.૧.૧ અભ્યાસની સમસ્યા
- ૫.૧.૨ અભ્યાસના હેતુઓ
- ૫.૧.૩ અભ્યાસના પ્રશ્નો
- ૫.૧.૪ અભ્યાસની ઉત્કલ્પનાઓ
- ૫.૧.૫ વ્યાપવિશ્વ
- ૫.૧.૬ નમૂના પસંદગી
- ૫.૧.૭ ઉપકરણ
- ૫.૧.૮ માહિતીનું એકત્રીકરણ
- ૫.૧.૯ માહિતીનું પૃથક્કરણ

૫.૨ અભ્યાસના પરિણામો

૫.૩ અભ્યાસના તારણો

૫.૪ શૈક્ષણિક ફલિતાર્થો

૫.૫ ભાવિ સંશોધન અંગે અંગૂલિ નિર્દેશ

# પ્રકરણ - ૫

# સારાંશ, તારણો અને ભલામણો

## ૫.૦ પ્રસ્તાવના

શિક્ષણક્ષેત્રે હાથ ધરવામાં આવતા સંશોધનો દ્વારા કંઈક ને કંઈક નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. સંશોધનના પાયામાં સંશોધનના હેતુઓ, માહિતીનું એકત્રીકરણ અને અર્થઘટન તેમજ તારણો સમાયેલાં હોય છે. આ નિષ્કર્ષ રજૂ કરવા પાછળનો આશય એ છે કે કોઈ વાચક સમગ્ર સંશોધનનો પરિચય ફક્ત આ પ્રકરણ વાંચવાથી મેળવી શકે છે.

પ્રસ્તુત સંશોધન અહેવાલના અંતિમ પ્રકરણમાં સમગ્ર મહત્ત્વનાં પાસાંઓને આવરી લેવામાં આવ્યાં છે. સંશોધકે પોતાના અભ્યાસ દરમિયાન પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન દ્વારા પ્રાપ્ત થયેલ પરિણામો તારણો સ્વરૂપે રજૂ કર્યા છે. ભવિષ્યમાં આ વિષયક કે ક્ષેત્ર સાથે સંબંધિત એવા સંશોધન કાર્ય માટે ભાવિ સંશોધકોને ઉપયોગી બની રહે તેવી ભલામણો પણ દર્શાવવામાં આવી છે.

## ૫.૧ સારાંશ

અભ્યાસના પ્રકરણોમાં જણાવેલી બાબતો જેમ કે, અભ્યાસની સમસ્યા, અભ્યાસના હેતુઓ, અભ્યાસના પ્રશ્નો, અભ્યાસની ઉત્કલ્પનાઓ, વ્યાપવિશ્વ, નમૂના પસંદગી, ઉપકરણ, માહિતીનું એકત્રીકરણ અને માહિતીનું પૃથક્કરણની વિગતોને સંશોધકે સારાંશરૂપે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે જે આ પ્રમાણે છે.

### ૫.૧.૧ અભ્યાસની સમસ્યા

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે નીચે મુજબ સમસ્યા પસંદ કરી સંશોધન કાર્ય કર્યું હતું.

ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ.

### ૫.૧.૨ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા આ પ્રમાણેના હેતુઓની રચના કરવામાં આવી હતી.

૧. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા સમસ્યા માપદંડની રચના કરવી.

૨. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા રચેલા ઉપકરણની વિશ્વસનિયતા અને યથાર્થતા ચકાસવી.

૩. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં કાર્યરત આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૪. આચાર્યાઓના શાળા વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી), શાળાના પ્રકાર (સરકારી અને સરકાર અનુદાનિત બિનસરકારી) અને વહીવટી અનુભવ (ત્રણ વર્ષથી ઓછો અને ત્રણ વર્ષ કે તેથી વધુ) મુજબ માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ વચ્ચેનો તફાવત જાણવો.

૫. શિક્ષણ નિરીક્ષકની દૃષ્ટિએ રાજ્યના માધ્યમિક શાળાના આચાર્યાઓની સંસ્થાકીય સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**૫.૧.૩ અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે અભ્યાસના પ્રશ્નોની રચના આ પ્રમાણે કરી હતી.

૧. માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા માટે રચેલા ઉપકરણોની વિશ્વસનિયતા અને યથાર્થતા કેવી છે ?

૨. માધ્યમિક શાળાઓની આચાર્યાઓની સમસ્યાઓ પરત્વે સહમતિની માત્રા કેટલી છે ?

૩. માધ્યમિક શાળાના આચાર્યાઓનો શાળા વિસ્તાર, શાળા સંચાલનના પ્રકાર અને વહીવટી અનુભવ મુજબ માધ્યમિક શાળાઓમાં આચાર્યાઓની સમસ્યાઓ વચ્ચે શો તફાવત છે ?

૪. માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સંસ્થાકીય સમસ્યાઓ પરત્વે શિક્ષણ નિરીક્ષકની સહમતિની માત્રા કેટલી છે ?

### ૫.૧.૪ અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા આ પ્રમાણેની ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી.

૧. માધ્યમિક શાળાઓના આચાર્યાઓના શાળા વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી) મુજબ આચાર્યાઓની સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨. માધ્યમિક શાળાઓના આચાર્યાઓના શાળાનો પ્રકાર (સરકારી અને સરકારી અનુદાનિત બિનસરકારી) મુજબ આચાર્યાઓની સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૩. માધ્યમિક શાળાઓના આચાર્યાઓના વહીવટી અનુભવ (ત્રણ વર્ષ કે તેથી વધુ અને ત્રણ વર્ષથી ઓછો) મુજબ આચાર્યાઓની સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

### ૫.૧.૫ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૯-૧૦માં કાર્યરત આચાર્યાઓ અને શિક્ષણ નિરીક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ૫.૧.૬ નમૂના પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપ વિશ્વમાંથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓને સ્તરીકૃત નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા નમૂના તરીકે પસંદ કરવામાં આવી હતી. આ માધ્યમિક શાળાઓના આચાર્યાઓને અને સંબંધિત શિક્ષણ નિરીક્ષકોને યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાના આચાર્યાઓ સંદર્ભે ૩૦૨ આચાર્યાઓ ગ્રામ્યવિસ્તારની શાળાઓના અને ૨૧૩ આચાર્યાઓ શહેરી વિસ્તારની શાળાઓના

સમાવિષ્ટ હતા. નમૂનામાં ૭૪ સરકારી શાળાઓનાં આચાર્યાઓનો તેમજ ૪૪૧ બિનસરકારી શાળાના આચાર્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૩૧૨ આચાર્યાઓ ૩ વર્ષ કે તેથી વધુનો વહીવટી અનુભવ ધરાવતા હતા જ્યારે ૨૦૩ આચાર્યાઓ ત્રણ વર્ષથી ઓછો વહીવટ અનુભવ ધરાવતા હતા.

આ ઉપરાંત નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાઓના આચાર્યાઓનો સંબંધિત ૧૦૩ શિક્ષણ નિરીક્ષકોનો અંતિમ નમૂનામાં સમાવેશ થતો હતો.

**૫.૧.૭ ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે માધ્યમિક શાળાઓના આચાર્યાઓ પાસેથી પ્રતિચારો મેળવવા સમસ્યા માપદંડની રચના કરી હતી. જેમાં દિશા નિર્દેશ તરીકે નીચેના ઘટકો નક્કી કરવામાં આવ્યા હતા.

(૧) સામાજિક - સાંસ્કૃતિક અવરોધો

(૨) સંસ્થાકીય અવરોધો

(૩) વ્યક્તિત્વ સંબંધી વલણોથી પેદા થતા અવરોધો.

ઉપર્યુક્ત ઘટકોના આધારે પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સમસ્યા વિધાનો રચી સમસ્યા માપદંડની રચના કરી હતી.

સમસ્યા માપદંડના સંસ્થાકીય અવરોધો સંબંધિત રચેલા સમસ્યા વિધાનો ઉપર શિક્ષણ નિરીક્ષકોના પ્રતિચારો અલગથી મેળવવામાં આવ્યા હતા.

આચાર્યાઓ માટે સમસ્યા માપદંડ પંચબિંદુ આધારિત તૈયાર કરવામાં આવ્યો હતો. માપદંડના દરેક વિધાન સાથે સંમતિની પાંચ માત્રાઓમાંથી આચાર્યાઓએ પસંદ કરેલ પૂર્ણ સંમત, સંમત, ચોક્કસ નથી, અસંમત અને પૂર્ણ અસંમત પ્રતિચાર માટે ક્રમશઃ ૪, ૩, ૨, ૧ અને ૦ ગુણ આપવામાં આવ્યા હતા. પ્રસ્તુત અભ્યાસમાં ૩૫ વિધાનો ધરાવનાર માધ્યમિક શાળાના આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની વિશ્વસનિયતા ક્રોનબેક આલ્ફા અંક પદ્ધતિએ શોધવામાં આવી હતી. જેનું મૂલ્ય

૦.૮૭ જોવા મળ્યું હતું. જ્યારે અર્ધ વિચ્છેદન પદ્ધતિ મુજબ મેળવેલ વિશ્વસનિયતાનું મૂલ્ય ૦.૮૦ પ્રાપ્ત થયુ હતું. આલેખ સિદ્ધાંત આધારિત ક્લિક્સના સાતત્ય અંક 'સી'નું મૂલ્ય ૦.૩૫ મળ્યું હતું.

### ૫.૧.૮ માહિતીનું એકત્રીકરણ

સંશોધકે માહિતી એકત્રીકરણ માટે આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની રચના કરી હતી. આ માપદંડ ઉપર આચાર્યાઓના પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા. નિર્ધારિત સમય મુજબ સંશોધકે સમસ્યા માપદંડની ટૂંકી સમજૂતિ પાત્રોને આપ્યા બાદ તે માપદંડ પર કઈ રીતે પ્રતિચાર આપવો ? તેની સમજ આપી હતી, સંશોધકે જાતે હાજર રહી કાળજીપૂર્વક માહિતી એકત્ર કરી હતી. માધ્યમિક શાળાઓના આચાર્યાઓ સંબંધિત શિક્ષણ નિરીક્ષકોના સંસ્થાકીય સમસ્યા વિધાનો પર અલગથી પ્રતિચારો એકત્ર કરવામાં આવ્યા હતા. શિક્ષણ નિરીક્ષકોની પ્રત્યક્ષ મુલાકાત લઈ સંશોધકે પ્રતિચારો પ્રાપ્ત કરી જરૂરી માહિતી એકત્રિત કરી હતી.

### ૫.૧.૯ માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સમસ્યા માપદંડની વિશ્વસનિયતા ક્રોનબેક આલ્ફા દ્વારા અને અર્ધવિચ્છેદ પદ્ધતિથી જાણી હતી. તેમજ આલેખ સિદ્ધાંત આધારિત ક્લિક્સના સાતત્ય અંક 'સી' દ્વારા યથાર્થતા જાણવામાં આવી હતી. આ માપદંડો પર પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકોને આધારે આવૃત્તિ વિતરણ તૈયાર કરી સરાસરી, પ્રમાણવિચલન, કકુદતા, વિરૂપતાની ગણનાઓ કરવામાં આવી હતી.

જ્યારે ઉત્કલ્પનાની ચકાસણી ટી-ગુણોત્તર દ્વારા કરવામાં આવી હતી. આ વિવિધ અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવા માટે SPSS અને NRTVB-2000 નામના કમ્પ્યૂટર પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ સમસ્યા માપદંડ ઉપર પ્રાપ્ત શિક્ષણ નિરીક્ષકોના પ્રતિચારોના પ્રાપ્તાંકોનાં આધારે આવૃત્તિ વિતરણ તૈયાર કરી સરાસરી, પ્રમાણ વિચલન કકુદતા અને વિરૂપતાની ગણતરીઓ કરવામાં આવી હતી.

## ૫.૨ અભ્યાસના પરિણામો

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પોતાની સંશોધન સમસ્યાને અનુરૂપ હેતુઓ, પ્રશ્નો અને ઉત્કલ્પનાઓની રચના કરવામાં હતી. તે અંગેની સ્પષ્ટતા આ પ્રમાણે કરવામાં આવી હતી.

**હેતુ-૨**

ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા રચેલા ઉપકરણની વિશ્વસનિયતા અને યથાર્થતા ચકાસવી.

સંશોધકે આ હેતુને સિદ્ધ કરવા માટે આ પ્રશ્નની રચના કરી હતી.

**પ્રશ્ન-૧**

આચાર્યાઓની દૃષ્ટિએ માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ જાણવા માટે રચેલ ઉપકરણની વિશ્વસનિયતા અને યથાર્થતા કેવી છે ?

આચાર્યાઓ માટેના સમસ્યા માપદંડની ક્રોનબેક આલ્ફાથી શોધેલ વિશ્વસનિયતા ૦.૮૭ જોવા મળી હતી. જ્યારે અર્ધ વિચ્છેદ પદ્ધતિ મુજબ મળેલ વિશ્વસનિયતા ૦.૮૦ હતી. આલેખ સિદ્ધાંત અનુસાર ક્લિક્સના સાતત્ય અંક ‘સી’નું મૂલ્ય ૦.૩૫ મળ્યું હતું.

**હેતુ : ૩**

ગુજરાત રાજ્યના માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

સંશોધકે આ હેતુને સિદ્ધ કરવા માટે આ પ્રશ્નની રચના કરી હતી.

**પ્રશ્ન-૨**

માધ્યમિક શાળાઓની આચાર્યાઓની સમસ્યાઓ પરત્વે સહમતિની માત્રા કેટલી છે ?

આચાર્યાઓના સમસ્યા માપદંડ પર આચાર્યાઓએ આપેલ પ્રતિચારો પરથી પ્રાપ્ત થયેલાં પ્રાપ્તાંકોની સરાસરી ૧૨૫.૩૯ હતી. સૂત્ર મુજબ ગણતરી કરતા,

$$\frac{\text{સરાસરી} \times 100}{\text{માપદંડ પરના મહત્તમ ગુણ}} = \frac{125.39 \times 100}{140} = 89.56\ \%$$

આચાર્યાને અનુભવાતી સમસ્યાનું પ્રમાણ ૮૯.૫૬ % જોવા મળ્યું હતું. જે પ્રમાણમાં ઊંચુ હતું. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના આચાર્યાઓમાં સમસ્યાઓનું પ્રમાણ ઊંચુ હતું.

**હેતુ : ૪**

આચાર્યાઓના શાળા વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી), શાળાના પ્રકાર (સરકારી અને સરકાર અનુદાનિત બિનસરકારી) અને વહિવટી અનુભવ (ત્રણ વર્ષથી ઓછો અને ત્રણ વર્ષ કે તેથી વધુ) મુજબ માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સમસ્યાઓ વચ્ચેનો તફાવત જાણવો.

**પ્રશ્ન - ૩**

માધ્યમિક શાળાના આચાર્યાઓનો શાળા વિસ્તાર, શાળા સંચાલનના પ્રકાર અને વહિવટી અનુભવ મુજબ માધ્યમિક શાળાઓમાં આચાર્યાઓની સમસ્યાઓ વચ્ચે શો તફાવત છે ?

સંશોધકે ઉપર્યુક્ત હેતુ અને પ્રશ્નના ઉત્તર મેળવવા માટે ત્રણ મુખ્ય ઉત્કલ્પનાઓની રચના કરી હતી. જેના અભ્યાસના પરિણામો આ પ્રમાણે છે.

**ઉત્કલ્પના નં. ૧**

માધ્યમિક શાળાઓના આચાર્યાઓના શાળા વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી) મુજબ આચાર્યાઓની સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પના ચકાસણી માટે ટી-ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું જે ૩.૧૩૬ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતું હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. માધ્યમિક શાળાના ગ્રામ્ય

વિસ્તારના આચાર્યાઓ અને શહેરી વિસ્તારના આચાર્યાઓના સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય ૧૨૬.૦૦ અને ૧૨૨.૭૮ હતું અને સમસ્યા માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૩.૨૨ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

**ઉત્કલ્પના નં. ૨**

માધ્યમિક શાળાઓના આચાર્યાઓના શાળાનો પ્રકાર (સરકારી અને સરકારી અનુદાનિત બિનસરકારી) મુજબ આચાર્યાઓની સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી-ગુણોત્તરનુ મૂલ્ય શોધવામાં આવ્યું હતુ. જે ૨.૨૨૭ હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતું હતું. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનું ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. માધ્યમિક શાળાઓના સરકારી શાળાઓના આચાર્યાઓ અને બિનસરકારી શાળાના આચાર્યાઓના સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૧૨૫.૨૧ અને ૧૨૩.૬૩ હતુ. અને સમસ્યા માપદંડ પર તેમના સરેરાશાંકો પરના મૂલ્ય વચ્ચે ૧.૫૮ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

**ઉત્કલ્પના નં. ૩**

માધ્યમિક શાળાઓના આચાર્યાઓના વહીવટી અનુભવ (ત્રણ વર્ષ કે તેથી વધુ અને ત્રણ વર્ષથી ઓછો) મુજબ આચાર્યાઓની સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ટી-ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૦.૩૮૯ જેટલું હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતું ન હતું. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનું ૦.૦૫ કક્ષાએ સ્વીકાર થતો હતો. માધ્યમિક શાળાઓના આચાર્યાઓના ત્રણ વર્ષ કે તેથી વધુ વહીવટી અનુભવ અને ત્રણ વર્ષથી ઓછા વહિવટી અનુભવના સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૧૨૫.૦૭ અને ૧૨૪.૯૯ હતું અને સમસ્યા માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૦.૦૮ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

**હેતુ-૫**

શિક્ષણ નિરીક્ષકોની દષ્ટિએ રાજયના માધ્યમિક શાળાના આચાર્યાઓની સંસ્થાકીય સમસ્યાઓ જાણવી.

**પ્રશ્ન-૪**

માધ્યમિક શાળાઓના આચાર્યાઓની સંસ્થાકીય સમસ્યાઓ પરત્વે શિક્ષણ નિરીક્ષકોની સહમતિની માત્રા કેટલી છે ?

આચાર્યાઓના સમસ્યા માપદંડ પર સંસ્થાકીય સમસ્યાઓ પરત્વે શિક્ષણ નિરીક્ષકોએ આપેલા પ્રતિચારો પરથી પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકોની સરાસરી ૩૭.૮૫ હતી. સૂત્ર મુજબ ગણતરી કરતાં,

$$\frac{\text{સરાસરી X ૧૦૦}}{\text{માપદંડ પરના મહત્તમ ગુણ}} = \frac{\text{૩૭.૮૫ X ૧૦૦}}{\text{૬૦}} = \text{૬૩.૦૮ \%}$$

